## નમ્ર અપીલ

વ્હાલા વાંચકમિત્રો,

અસ્સલામો અલયકુમ.

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી, બુઝુર્ગોની દુઆથી, આપ સૌના સાથ-સહકારથી, સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી-રૂપાલ આપના કર-કમળમાં આ નાનકડી કમિટી તેની ખિદમત સીરીઝ નંબર 33 મસ્લકના ચાર ઈમામ મૂકતાં આનંદ અનુભવે છે.

મઝહબના પ્રચારના મુખ્ય બે માધ્યમ છેઃ એક તકરીર એટલે જીભ વડે વાઅઝ-નસીહતથી અને બીજું માધ્યમ તેહરીર એટલે કિતાબો-પુસ્તકો, મેગેઝીનો દ્વારા થાય છે. જેમાં કિતાબો-પુસ્તકો, સામયિકો થકી થતી તબ્લીગ લાંબા સમય સુધી બાકી રહે છે. જ્યાં સુધી કિતાબો રહેશે ત્યાં સુધી પ્રચાર કાર્ય ચાલુ જ રહેશે ઈન્શાઅલ્લાહ, આ કાર્યને સવાબે જારીયામાં દાખલ કરેલ છે. એટલે કે કિતાબનું પ્રકાશન કરનાર, તેમાં મદદ કરનાર, કિતાબ લખનાર બધાને જ્યાં સુધી એ કિતાબથી લોકોને જાણકારી (ઈલ્મ) મળતી રહેશે ત્યાં સુધી તેઓને સવાબ મળતો જ રહેશે અને જો કોઈ મર્હુમ કે મર્હુમાના ઈસાલે સવાબ માટે છપાવશે તો છપાવનારને અને મર્હુમોને પણ સવાબે જારીયા મળતોજ રહેશે ઇન્શાઅલ્લાહ, તો આપ સાહેબ પણ આ કાતિલ મોંઘવારીના સમયમાં કિતાબો છપાવીને મફત વહેંચતી કમિટીને મદદ કરી અઢળક સવાબ કમાવો.

**મદદ મોકલવાનું સ્થળ**

**સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી**

મુ.રૂપાલ, તા.બાવલા, જિ.અહમદાબાદ-૩૮૨૨૨૦


૭૮૬-૯૨-૧૧૦

યૌમ-નદઉ કુલ્લા ઓનાસીમ બે ઈમામેહિમ.

(અર્થ :- જે દિવસે બોલાવીશું અમે દરેક જમાઅતને પોતાના ઇમામની સાથે)

-સુરે બની ઈસરાઈલ, આ.૭૧, પા. ૧૫

# મસ્લકના ચાર ઈમામ




સંપાદક

પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદ્દીન કાદરી "મુહિબ"

રૂપાલવાલા બાવાસાહેબ



પ્રકાશક

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ.રૂપાલ, તા.બાવલા, જિ.અહમદાબાદ-૩૮૨ ૨૨૦

## સુન્નીનું ઈમાન

### બંદાએ પરવરદિગારમ, ઉમ્મતે અહમદ નબી

(અર્થ :- હું અલ્લાહતઆલા, રબ્બુલ આલમીન પરવરદિગારનો બંદો છું, હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલલ્લાહો અલયહે વ સલ્લમનો ઉમ્મતી છું)

### દોસ્તદારે ચારે યારમ, તાબએ ઔલાદે અલી

(અર્થ :- હુઝૂરના ચાર યાર એટલે ખુલ્ફાએ રાશેદીન થી મોહબ્બત (દોસ્તી) રાખું છું અને હઝરત મૌલા અલી કર્રમલ્લાહુ વજહહુની ઔલાદ (સાદાત) નો તાબેદાર (ફરમા બરદાર) છું.)

### મઝહબે હનફીયા દારમ, મિલ્લતે હઝરત ખલીલ

(અર્થ :- હું હઝરત ઈમામે આઝમ અબુ હનીફા રદીયલ્લાહો અન્હોના મસ્લક (મઝહબ) ની તકલીદ કરૂં છું, હું હનફી છું અને હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામ એટલે ખલીલુલ્લાહની મિલ્લત (રીત-ભાત) ને અપનાવું છું.)

### ખાકપાયે ગૌસે આઝમ, ઝેરે સાયા હર વલી

(અર્થ :- હઝરત ગૌસે આઝમ પીરાને પીર દસ્તગીર સૈયદના શૈખ અબ્દુલ કાદિર જીલાની બગદાદી રદીયલ્લાહો અન્હોના કદમ મુબારકની ખાક (ચરણ રજ) છું. અને અલ્લાહતઆલાના તમામ વલી (ઔલિયાઓ)ની છત્રછાયા (સાયા) નીચે રહું છું)

(ઉપરોક્ત ફારસી રૂબાઈના ચાર મિસરામાં સુન્ની મુસલમાનનો અકીદો (માન્યતા) અને ઈમાન કેવો હોવો જોઈએ એ જાણવા મળે છે. જો આવું ઈમાન ના હોય તો એ પોતાને સુન્ની ના સમજે. ફક્ત દાવા કરવાથી સુન્ની બનાતું નથી, સુન્ની જેવો અકીદો પણ રાખો અને અમલથી તેની સાબિતી આપો, અલ્લાહતઆલા સૌને સાચી સમજ અતા કરે—આમીન)

૭૮૬/૯૨/૧૧૦

યવ-મ નદ-ઊ કુલ-લ ઉનાસિમ બે-ઇમામેહિમ.

(જે દિવસે પોકારીશું અમે બધા લોકોને એમના પોતપોતાના ઇમામની સાથે)

(સૂ-રએ બની ઇસરાઈલ, પારા-૧૫, આયત-૭૧)

# મસ્લકના ચાર ઈમામ

સંપાદક : પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદ્દીન કાદરી
'મુહિબ' રૂપાલવાલા (મુ. રૂપાલ, તા. બાવલા)

પ્રકાશક : સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી
રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ.

| | | |
|---|---|---|
| કિતાબનું નામ | :- | મસ્લકના ચાર ઇમામ |
| સંપાદક | :- | પીરે તરીકત સૈયદ અલ્હાજ દાદામિયાં<br>એસ. કાદરી 'મુહિબ' હૂદી હુસૈની<br>રૂપાલવાલા બાવાસાહેબ. |
| પ્રકાશન વર્ષ | :- | સફર, હિ.સ. ૧૪૪૩<br>સપ્ટેમ્બર, ઈ.સ. ૨૦૨૧ |
| આવૃત્તિ | :- | પ્રથમ |
| પ્રત | :- | ૧૦૦૦ |
| ખિદમત સીરીઝ નંબર | :- | 33 |
| કિંમત | :- | ફી સબીલિલ્લાહ<br>વાંચીને અમલ કરો<br>મફ્ત (ફ્રી) |
| પ્રકાશક | :- | સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી<br>રૂપાલ, તા. બાવલા, જિ. અહમદાબાદ. |
| પ્રિન્ટર્સ | :- | મદની પ્રિન્ટર્સ<br>પ્રો. ખલી-ફએ હઝરત શૈખુલઇસ્લામ :<br>ઉસ્માનગની શૈદા કુરૈશી અશરફી,<br>મિરઝાપૂર, અહમદાબાદ-૧.<br>મો. ૭૩૫૯૯ ૮૩૧૪૭ |




## અર્પણ

મારી આ નાનકડી પુસ્તિકા 'મસ્લકના ચાર ઇમામ'
મારા પૂર્વજ (દાદા) હઝરત બાબા ગૌસુલ-વરા
સૈયદ શાહ હસન ફકીહ કાદરી હૂદી હુસૈની
રહમતુલ્લાહે અલયહે જેઓ શરીઅતના ફકીહ હતા
અને વિલાયતમાં ગૌસુલ-વરા હતા. આપ પીરાન
પટ્ટનમાં આરામ ફરમાવે છે. આપની બારગાહમાં
અકીદત અને અદબસહ અર્પણ કરૂં છું.

— સંપાદક

## અઝમત રસૂલકી

અઝ : પીર સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી 'મુહિબ' રૂપાલ

દિલમેં મેરે ન હો ક્યોં, ઉલ્ફત રસૂલકી
જારી હૈ દિલપે મેરે હુકૂમત રસૂલકી
જિબરીલ રુક ગએ તો તન્હા ચલે નબી
સિદરાસે આગે દેખો રિફઅત રસૂલકી
સૂરજ પલટકે આયા, ટુકળે હુવા કમર
અંગુશ્તકા ઇશારા, કુદરત રસૂલકી
જિબરીલ બે-ઇજાઝત આતે નહીં કભી
યે શાન ઉનકે ઘરકી, અઝમત રસૂલકી
રુત્બા બુલંદ પાયા સહાબાને ઇસલિયે
દીદાર ઔર સોહબત, ખિદમત રસૂલકી
તારીફ કર રહા હૈ કુઆર્નમેં ખુદા
હૈ સુન્નતે ઇલાહી મિદહત રસૂલકી
ઉનકે ગુલામ જાએંગે જન્નતમેં, દેખના
રબને કબૂલ કી હૈ શફાઅત રસૂલકી
ઉસ દિલમેં કૈસે ઉતરેં ઝુલ્મતકે કાફલે
જિસ દિલમેં જાંગુઝીં હૈ ચાહત રસૂલકી
મીલાદ તો મનાના રહતા હૈ હમકો યાદ
ભૂલે હુવે હૈં લેકિન હિદાયત રસૂલકી
ઉસ આંખપે સિતારે અફલાકકે નિસાર
જિસ આંખકો હુઈ હૈ ઝિયારત રસૂલકી
સબ મુક્તદી બને હૈં રસૂલાને મોહતરમ
અકસામેં દેખિયેગા ઇમામત રસૂલકી
અદના 'મુહિબ' કૈસે લિખ પાતા ના'તે પાક
શામિલ અગર ન હોતી શફકત રસૂલકી



## બે બોલ

નહમદોહુ વનુસલ્લી અલા રસૂલેહિલ કરીમ

વર્તમાન યુગને લોકો પ્રગતિનો યુગ માની રહ્યા છે. તેની દલીલમાં આજની ટેકનોલોજીના દાખલા આપે છે. કહે છે કે આ મોબાઈલકાળ ગણાય, જેણે માણસની દુનિયાને નાની બનાવી દીધી છે. વિજ્ઞાનની નવી શોધો પર માણસ ગર્વ કરતો ફરે છે. પણ એ જ માણસની જિંદગીમાં ડોકિયું કર્યું તો આજનો માણસ માણસાઈ, માનવતા, ઈન્સાનિયતને દિવસે-દિવસે ગુમાવતો નજરે પડે છે. એને કઈ રીતે પ્રગતિ કે તરક્કી કહેવાય કે ખુદ માણસ પોતે માનવતાથી દૂર થઈ જાય ! અફસોસ સદ્ અફસોસ ! દૃષ્ટાંતરૂપે, મોબાઈલ ફોનના ચસ્કાએ માનવતા, ઈન્સાનિયતના પાઠ ભણાવનાર સારા-સારા પુસ્તકોથી દૂર કરી દીધો છે. વાંચનશોખ ઘટી ગયો, સારા સારા પુસ્તકાલયો વેરાન થવા લાગ્યા. આજની ટેકનોલોજીથી સમૃદ્ધ આધુનિક માનવજીવનશૈલી સમયપૂર્તિ જરૂરિયાત પૂરી પડી જાય પછી એટલામાં જ સંતોષ માની લે છે. આ કુટેવ અને વિચારધારાથી માણસ બહોળી જાણકારી અને અધાગ ઈલ્મની દોલતથી વંચિત થતો દેખાય છે.

મોબાઈલ ફોનની સગવડથી આજે કોઈપણ મસ્અલાની જાણકારી મેળવવી ઘણી જ સરળ થઈ ગઈ છે. કોઈપણ પ્રશ્ન હોય, મુફ્તી સાહેબ કે આલિમે દીનને મોબાઈલ ફોનથી સવાલ કરો, તમને તે આલિમ તરત જ જવાબ આપી દેશે. તમારી જરૂરત પૂરી થઈ ગઈ, હવે તમારે તેમાં આગળ વધવાનું રહેતું નથી, બસ તમે ફક્ત એ એક જ મસ્અલાના જાણકાર થયા.

પણ જ્યારે આ આધુનિક સગવડ ન હતી, ત્યારે તમો કિતાબોમાં ડૂબી જતા હતા. એક મસ્અલો જાણવા કિતાબ જોતા, એકના બદલે અનેક મસ્અલા જાણવા મળતા, સારાંશ તમારી જાણકારીમાં,

ઇલ્મમાં વધારો થતો હતો. અને કિતાબમાં એવો રસ પડતો કે લોકો આખું પુસ્તક વાંચી જતા. આ અનમોલ દોલત આજના કહેવાતા પ્રગતિના યુગમાં માણસના હાથમાંથી છીનવાઈ ગઈ છે.

એહલે સુન્નત વલ જમાઅત (સુન્ની)ના અકીદા (માન્યતા) પ્રમાણે ચાર મસ્લક છે જે તદ્દન સાચા છે. તે ચારમાંથી કોઈપણ એક મસ્લક પર અમલ કરવો જરૂરી છે. જેને તકલીદ કરવું કહે છે. જે આ તકલીદ કરે છે તેમાં પૂરૂં યકીન રાખે છે તે વ્યક્તિને 'મુકલ્લિદ' કહેવામાં આવે છે અને જે ઇન્કાર કરે, ના પાડે તેને 'ગૈરમુકલ્લિદ' કહેવામાં આવે છે. એહલે સુન્નત વલ જમાઅત જે ચાર મસ્લકને સાચા માને છે તે આ પ્રમાણે છે : (૧) હન્ફી, (૨) માલિકી, (૩) શાફઈ, (૪) હંબલી. આ ચારે મસ્લકના બાની કે પ્રવક્તા ચાર મહાન ઇમામ થયા છે.

આ ચાર ઇમામ શરીઅતના ઇમામ તરીકે અને ફિકહના ઇમામ તરીકે પણ ઓળખાય છે. આજના કહેવાતા પ્રગતિયુગના કેટલાક એવા પણ છે કે જે મસ્લક પર ખુદ અમલ કરે છે તેને તેના મસ્લકના ઇમામ વિશે જાણકારી નથી, એ દુ:ખની વાત છે. વર્ષોથી નમાઝ પઢનારાઓ, મસ્જિદના પગથિયા ઘસી કાઢનારા પોતાને 'હન્ફી' તો કહે છે પણ હન્ફી કોને કહેવાય તેનું જ્ઞાન નથી હોતું, પછી આ યુગને કઈ રીતે પ્રગતિનો યુગ કહેવો ?

શરીઅત (ફિકહ)ના ચારે ઇમામો બાબતે જરૂરી માહિતી પૂરી પાડતી કિતાબનું ગુજરાતીમાં હોવું મને આવશ્યક લાગ્યું એટલે મારા અલ્પજ્ઞાન મુજબ ચારે ઇમામોના જીવનની પવિત્ર વાતો એકઠી કરવાની એક કોશિશ કરી છે. જો કે ઈ.સ. ૧૯૮૦માં મેં હઝરત ઇમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો તઆલા અન્હો પર એક નાનકડી બુક લખી હતી અને તેને રાજકોટની હૈદરી કમિટી (સુન્ની)એ ઈ.સ. ૧૯૮૧માં



પ્રસિદ્ધ પણ કરી હતી. આ કિતાબ જે આપના હાથોની શોભા છે તેમાં ચારે ઇમામ અને તકલીદની જરૂરરત વિશે થોડીક માહિતી આપતો મારો અલ્પ પ્રયાસ છે. પોતાની મઝહબી ફરજ સમજીને થોડો સમય આ વાંચન માટે કાઢજો. મને પૂરી ઉમ્મીદ છે કે આપણા આ રૂહાની રાહબરોની મુબારક જિંદગીમાંથી જરૂર જરૂર લાભ થશે, ઇન્શાઅલ્લાહ!

***ડિગ્રિયાં તો તાલીમી ખર્ચેકી રસીદેં હૈં***
***ઇલ્મ વહી હૈ જો કિરદારમેં ઝલકતા હૈ***

લિ.

ખૈરતલબ સૈયદ દાદામિયાં એસ. કાદરી 'મુહિબ' રૂપાલવાલા
તા. ૨૭-૦૪-૨૦૨૦, બરોઝ પીર, ૩ રમઝાન હિ.સ. ૧૪૪૧.
(કોરોના વાઇરસકે સબબ લોકડાઉન જારી)



## રુત્બા મેરે નબીકા

અઝ :- પીર સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી 'મુહિબ' રૂપાલ

કિતના બુલંદતર હૈ રુત્બા મેરે નબીકા
ચૂમા હૈ અર્શને ભી તલ્વા મેરે નબીકા
અગલે સહીફે, અગલે નબિયોંને કી સના, અબ
કુર્આન પળ્હ રહા હૈ ખુત્બા મેરે નબીકા
ઝહરા કમર હૈ, હૈદર સૂરજ, સિતારે હસનૈન
ક્યા જગમગા રહા હૈ કુમ્બા મેરે નબીકા
ઉલ્ફત હૈ જિસકો ચારોં ખુલ્ફાએ રાશેદીંસે
દર અસ્લ હૈ વો સુન્ની-શયદા મેરે નબીકા
ફરમાને આયશા હૈ 'કુર્આં હૈ ઉન્કી સીરત'
કુર્આંમેં હૂ-બ-હૂ હૈ જલ્વા મેરે નબીકા
વો ગૌસ હોં યા ખ્વાજા, વો હૂદ હોં યા અશરફ
હર એકમેં હૈ રૌશન જલ્વા મેરે નબીકા
બગદાદ, બસ્તી, કલિયર, અજમેર, દેવા, પટ્ટન
હર સિમ્ત બટ રહા હૈ સદકા મેરે નબીકા
બૂ-જહલકી પકળસે છુટકર નબીકો પાયા
કંકરને જબકે પળ્હા કલ્મા મેરે નબીકા
કૈસે જલા સકેગી નારે જહીમ ઉસ્કો
જો દિલસે હો ગયા હૈ બંદા મેરે નબીકા
વો રૌશની, વો ખુશ્બૂ, વો દિલકુશા તહારત
જન્નતકા આઈના હૈ હુજરા મેરે નબીકા
અલ્લાહકી કસમ હૈ 'મુહિબ' અલ્લાહકે સિવા
માલૂમ નહીં કિસીકો રુત્બા મેરે નબીકા



બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

## ચાર મસ્લક


શાફઈ, માલિકી, હમ્બલી, હન્ફિયા
ચારોં મસ્લક હૈં યે દીને હકકી ઝિયા
ચારોં મસ્લકપે હમ સબકા ઈમાન હૈ
ચારોં મસ્લકસે શાને મુસલમાન હૈ

ચારોં મસ્લક શરીઅતકે ગુલઝાર હૈં
ઇન્હીં ચારોંકે હમ પૈરોકાર હૈં
પૈરવી ઇનકી કરકે મુકલ્લિદ હુવે
જો નહીં કરતે, ગૈરે-મુકલ્લિદ હુવે

મુસ્તફાકે, બુઝુર્ગોંકે ફરમાનસે
પૈરવી કરના સાબિત હૈ કુર્આનસે
પૈરવી જો નહીં કરતે વોહ ક્યા હુવે ?
મુન્કરે હુકમે કુરઆને આ'લા હુવે


ઉન્કા મઝહબ ગયા, દીનો ઈમાં ગયા
બિલ્યકીં મગફેરતકા ભી સામાં ગયા
અય 'મુહિબ' સબકો પૈગામ સુનવાઇયે
દીને હકકી તરફ સબકો બુલવાઇયે

## ચારોં મસ્લકકે ચારોં ઇમામોંકે આસ્તાને



**ઇમામે આઝમ**
**અબૂ હનીફા**
**રદિયલ્લાહો અન્હો**
**(બગદાદ)**


**ઇમામ શાફઈ**
**રદિયલ્લાહો અન્હો**
**(મિસર)**





**ઇમામ માલિક**
**રદિયલ્લાહો અન્હો**
**(મદીનાશરીફ)**

**ઇમામ હમ્બલ**
**રદિયલ્લાહો અન્હો**
**(બગદાદ)**





## એક અણ-સમજૂનો અભિપ્રાય

ગુલિસ્તાને એહલે સુન્નતના ફળદાયી વૃક્ષો સમાન બુઝુર્ગો !
ચ-મ-નિસ્તાને સુન્નિયતના મહેકતા ફૂલો સમા નવયુવાનો !
બહારિસ્તાને બાગે નિસ્વાંની ગુલાબકળીઓ સમાન માં-બહેનો !
નખલિસ્તાને મદીનાશરીફની મસમીઠી ખજૂરો સમા વ્હાલસોયા બાળકો!
અસ્સલામો અલયકુમ વ રહ-મતુલ્લાહે વ બરકાતોહુ.

આજનો યુગ પ્રગતિનો યુગ છે. કોમ્પ્યૂટર અને મોબાઈલનો જમાનો છે. આધુનિક અને અલ્ટ્રા-મોડર્ન સાધન-સામગ્રીનો કાળ છે. દરેક ક્ષેત્રમાં આજે વિશ્વના દેશો અને તેમના નાગરિકો અસાધારણ પ્રગતિ કરી રહ્યા છે. પછી ચાહે એ વિજ્ઞાન હોય કે ભણતર, યુદ્ધક્ષેત્ર હોય કે સમાજ-જીવન, રાજકારણ હોય કે સંસ્કૃતિ, ખેલજગત હોય કે કલાક્ષેત્ર, ધંધો-વેપાર હોય કે ખેતીવાડી. આવા સમયે, દરેક દેશ અને દરેક ધર્મના અનુયાયીઓ પ્રગિતના પંથે દોડી રહ્યા છે ત્યારે આપણે મુસ્લિમોએ પણ ઘણું-બધું વિચારવાનું અને ઘણું-બધું કરવાનું છે. અલ્લાહે જેને જે ક્ષેત્રમાં જે મુસ્લિમને નિપૂણતા અને કાબેલિયત બક્ષી છે; એણે એ ક્ષેત્રમાં મુસ્લિમ સમાજની સેવા કાજે પોતાની સંપૂર્ણ નિપૂણતા અને કાબેલિયતને વાપરવાની છે. જો એ આવું કરશે તો એ એના અલ્લાહ તરફથી મળેલ નેઅમતની શુક્રિયા ગણાશે, અને જો એ આવું નહિ કરે, તો એનાથી સવાલ કરવામાં આવશે.

ધાર્મિક ક્ષેત્રની વાત કરીએ તો ગૈરસુન્ની સંસ્થાઓ તો પૈસાના જોરે ઘણી ફૂલી-ફાલી છે અને આપણે સુન્નીઓ એકબીજાના ટાંટિયા ખેંચવામાંથી જ ઊંચા આવતા નથી. પછી સુન્નીઓમાં પ્રવર્તતી જિહાલત અને અજ્ઞાનતા કેવી રીતે દૂર થશે? આવા નાજુક દૌરમાં કૌમના ધાર્મિક આગેવાનો કૌમની જિહાલત દૂર કરવા કમર કસે એ ઈચ્છનીય છે.

પીર સૈયદ અલ્હાજ દાદામિયાંબાપુ રૂપાલવાળા સાધનોની અછત અને કોઈ વિદેશી મદદ વિના પણ કૌમની જિહાલત દૂર કરવા સક્રિય છે એ કેટલી સારી વાત છે. અલ્હાજ દાદામિયાંબાપુએ કૌમની નાડ પારખી લીધી છે અને કૌમને શેની તાતી જરૂરત છે એ ખૂબ સારી રીતે સમજી-વિચારીને આપ કલમ હાથમાં ઉપાડે છે, પોતાના ખાનદાની બુઝુર્ગોના રૂહાની ફૈઝાનથી, ખૂબ જ આવશ્યક વિષયો ઉપર તેહરીર ફરમાવે છે, સચોટ લખાણ, સંપૂર્ણ હવાલાઓ સહિતની દીની માહિતી, સાચી જોડણી, સાદી ભાષા, અદ્ભુત વર્ણનશક્તિ, અકીદત અને મોહબ્બતના ફૂલોની ખુશ્બૂથી તરબતર વાક્ય-રચના, પરફેક્ટ રજૂઆત, દલીલસભર લખાણો, શબ્દોમાં માધુર્ય, હૃદયાકર્ષક શૈલી, આ બધી ખૂબીઓ એમની તેહરીરોનો કમાલ નથી બલ્કે ખરેખર એમના ખાનદાની બુઝુર્ગોનો રૂહાની ફૈઝ છે એ વાત જાહેર થયા વિનો રહેતી નથી.

આવો રૂહાની ફૈઝ ક્યારે ઉપલબ્ધ થાય છે ? જ્યારે આપણે આપણા બુઝુર્ગોના રસ્તે ચાલીએ છીએ ત્યારે આવો ફૈઝ અવિરત અને આપોઆપ જાહેર થાય છે. અલ્હાજ દાદામિયાંબાપુ પોતાના ખાનદાની બુઝુર્ગોના ચીંધેલા માર્ગે અને નકશે કદમ પર ચાલનારા સંસ્કારી ઈન્સાન છે. સાદાલૌહ ઈન્સાન, સાદગીસભર જીવન, પ્રેમાળ વર્તણુંક, બિનવિવાદાસ્પદ વ્યક્તિત્વ, નિષ્કલંક જિંદગી, સુન્નતોની પાબંદી, બેલૌસ દીની ખિદમાત, ખાનદાની શરાફત, મિલનસાર સ્વભાવ, મહેમાન-નવાઝી, ગુર્બાપરસ્તી, સખાવત, હિંમત, અઝમે પુખ્તા આ બધા આપના પવિત્ર જીવનરૂપી પુસ્તિકાના સોનેરી પાનાઓ છે જેનાથી રૂપાલ અને બાવલાની ધરતી સોનેરી ભાસે છે.

પ્રસ્તુત પુસ્તક 'મસ્લકના ચાર ઈમામ' એ પણ આપની સમૃદ્ધ કલમથી લખાયેલ એક એવું પુસ્તક છે જે ઈન્શાઅલ્લાહ ખૂબ લોકચાહના મેળવશે અને ઈન્શાઅલ્લાહ આના વાંચનથી કૌમમાં પ્રવર્તતી જિહાલતના અંધકારો દૂર થશે અને ઈલ્મની રૌશની ફૈલાશે. જે મસ્લકની પૈરવી કરીએ એના જ ઈમામ વિષે કાંઈ જાણતા ન હોઈએ તો આ અજ્ઞાનતાને શું કહેવું ? મસ્લકના ચારે ઈમામોનું સંક્ષિપ્ત જીવનચરિત્ર અલ્હાજ દાદામિયાંબાપુએ પેશ કરીને કૌમો-મિલ્લત ઉપર એક ઘણો મોટો ઉપકાર ફરમાવ્યો છે. જઝાકલ્લાહો ફિદ-દારૈન.

આ ચારે ઈમામો ઈસ્લામની આબરૂ અને ઈમાનની પીછાણ છે. ઈસ્લામ અગર એક મકાન છે તો આ ચારે ઈમામો એ મકાનની છત, દીવાલો, બારણું અને પિલ્લર છે. ઈસ્લામ અગર એક વૃંદાવન છે તો આ ચારે ઈમામો એ વૃંદાવનના વૃક્ષ, ફળ, ફૂલ અને ડાળીઓ છે. ઈસ્લામ અગર એક આકાશ છે તો આ ચારે ઈમામો એ આકાશના સૂરજ, ચાંદ, સિતારાઓ (ગ્રહો) અને તારલાઓ છે. ઈસ્લામ અગર એક પુસ્તક છે તો આ ચારે ઈમામો એ પુસ્તકનું આવરણ (જિલ્દ), વિષયો, લખાણ અને પાનાઓ છે. ઈસ્લામ અગર એક ચહેરો છે તો આ ચારે ઈમામો એ ચહેરાની આંખ, કાન, કપાળ અને જીભ છે.

હું, અલ્હાજ દાદામિયાંબાપુને અને આવું અદ્દ્ભુત પુસ્તક છાપવા બદલ 'સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી (રૂપાલ)ને લાખો અભિનંદન આપું છું. અલ્લાહ કરે ઝોરે ખિદમત ઔર ભી ઝિયાદા.

***હો ઇલ્મ તો કત્રોંસે ઉબલ સકતે હૈં દરિયા***
***તુમ ચાહો તો ઝર્રોં કો સૂરજસે મિલા દો***

ફ-કત વસ્સલામ. ખુદાહાફિઝ.

લી.

ઔલિયાએ કિરામની ચરણરજનો અભિલાષી,
ઉસ્માનગની શૈદા કુરૈશી અશરફી
(ખલી-ફએ શૈખુલઈસ્લામ)



ઈસ્લામી જગતનો ૯૦ (નેવું) ટકા વર્ગ જેમનો મુકલ્લિદ (અનુયાયી) છે તેવા

## હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા નૌમાન બિન સાબિત

રદિયલ્લાહો તઆલા અન્હોની જીવન ઝરમર

### જન્મ, નામ, ખાનદાન અને વતન

આપનો જન્મ હિજરી સન ૮૦ (એંશી)માં ઈરાક દેશના કૂફા શહેરમાં થયો. આપનું નામ નૌમાન રાખવામાં આવ્યું. આપના વાલિદ (પિતા)નું નામ સાબિત અને દાદા ઝૌતી હતા.

### નામ કરતાં કુન્નિયત 'અબૂ હનીફા'થી ખ્યાતિ મેળવી

આપનું નામ નૌમાન છે. લકબ ઈમામે આઝમ છે અને કુન્નિયત અબૂ હનીફા છે. સર્વ સંમતિથી બધા જ લોકો એ વાતને સ્વીકારે છે કે આપના નામ કરતાં આપની કુન્નિયત અબૂ હનીફા અને લકબ ઈમામે આઝમને ઘણી જ ખ્યાતિ મળી છે. તે તો બરાબર પણ આપની ઓલાદમાં કોઈનું પણ નામ હનીફા નથી.

અલ્લાહ તઆલા કુર્આને પાકમાં ફરમાવે છે કે ***ફત્ત બેઉ મિલ્લ-ત ઇબ્રાહી-મ હનીફા.*** (અર્થ : તાબેદારી કરો મિલ્લતે ઈબ્રાહીમની જે સીધી અને સરળ છે.) (સૂરએ નિસા)

અબૂ હનીફા કુન્નિયત ઓલાદના કારણે નથી પણ એ વસ્ફી (ગુણવાચક) છે. અલ્લાહ તઆલાએ આપની કુન્નિયતને કુબૂલિયત અતા કરી. એવી જ રીતે લકબ ઈમામે આઝમને પણ કુબૂલિયત પ્રાપ્ત થઈ છે. જ્યાં પણ અને જ્યારે જ્યારે આપનો ઝિક્ર થાય છે ત્યારે ત્યારે આપને 'ઈમામે આઝમ અબૂ હનીફા'ના મુબારક અલ્ફાઝથી યાદ કરવામાં આવે છે. અલ્લાહ તઆલા તેના નેક અને પ્યારા બંદાઓની

પસંદને ઈજ્જત (માન) આપે છે.

આપનું ખાનદાન ફારસી છે અને શાહી (રાજવી) ખાનદાન છે. ઈમામે આઝમનું નસબનામું (પેઢીનામું) આ પ્રમાણે છે : નૌમાન બિન સાબિત બિન મિરઝબાન બિન કૈસ બિન યઝદબર્ગ બિન શહરયાર બિન નૌશેરવાં. આપના દાદાનું નામ 'ઝૌતી' પણ પ્રખ્યાત છે. જ્યારે આપના દાદાએ ઈસ્લામ કબૂલ કર્યો હશે ત્યારે આપનું નામ નૌમાન રાખ્યું હશે. (હદાઈકે હનફિયા)

ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો તઆલા અન્હોના પૌત્ર (પોતા) કે જેમનું નામ ઈસ્માઈલ છે, તેઓ લખે છે કે અમારૂં ખાનદાન શાહી હતું, અમો ક્યારે પણ ગુલામ ન હતા. એટલે ઈમામે આઝમનું ખાનદાન શાહી હતું અને ફારસી હતું તે ઐતિહાસિક કિતાબોથી સાબિત થાય છે. (સીરતુન્નૌમાન, ભાગ-૧, પેજ-૧૩)

હિ.સ. ૮૦માં આપનો જન્મ કૂફામાં થયો ત્યારે આપના વાલિદ સાબિત આપને એટલે નવા જન્મેલા બાળકને લઈને દુઆ માટે મૌલાએ કાએનાત શેરે ખુદા હઝરત અલી કર્રમલ્લાહો વજહહુની ખિદમતમાં હાજર થયા. નવજાત શિશુ (ઈમામે આઝમ)ને જોઈને હઝરત અલી ઘણા જ ખુશ થયા, બાળક માટે અને તેમના ખાનદાન માટે દુઆ ફરમાવી, મૌલાએ કાએનાતની દુઆ કઈ રીતે બેઅસર થાય ?

## કૂફા શહેરની સ્થાપના

હિજરી સન ૧૭માં અમીરુલ મુઅમિનીન ખલી-ફતુલ મુસ્લેમીન હઝરત ઉમર ફારૂકે આઝમ રદિયલ્લાહો તઆલા અન્હોના હુકમથી હઝરત સઆદ બિન અબી વક્કાસ રદિયલ્લાહો તઆલા અન્હોએ કૂફા શહેરની બુનિયાદ મૂકી (પાયાવિધી કરી). આમ ખ્યાતનામ ઐતિહાસિક નગરી કૂફા શહેર વસાવવામાં આવ્યું અને હઝરત ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોના ફરમાનથી ચાલીસ હજાર લોકોના માટે રહેવાની



સુવિધા કરવામાં આવી.

## કૂફાની મરકઝી ઇલ્મી શાન

જ્યારે ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો તઆલા અન્હોનો જન્મ થયો હતો ત્યારે તો કૂફાની બોલબાલા હતી. ઈલ્મનું મરકઝ હતું અને તેની ઈલ્મી હૈસિયત પૂરા વિશ્વમાં ખ્યાતિ મેળવી ગઈ હતી. કૂફા અને આજુબાજુના ઉલ્માનો પ્રભાવ પૂરી દુનિયા પર હતો. ફારૂકી ખિલાફતકાળમાં ત્યાંના મુસલમાનો માટે કુર્આન અને હદીસના ઈલ્મના પારંગત ઉલ્માને મદીનાશરીફથી કૂફા મોકલવામાં આવ્યા હતા. મહાન સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ રદિયલ્લાહો અન્હોને કૂફા મોકલી દીધા હતા, જે તે સમયના સૌથી મોટા આલિમ હતા. તફસીર અને હદીસનું ઉચ્ચ જ્ઞાન ધરાવતા હતા. જ્યારે આપને કૂફા રવાના કર્યા, ત્યારે હઝરત ફારૂકે આઝમ રદિયલ્લાહો અન્હોએ આપને એક પત્ર લખીને આપ્યો હતો. આપે સ્પષ્ટ જણાવ્યું હતું કે અમને ઈબ્ને મસઊદની મદીનાશરીફમાં જરૂરત છે. છતાં કૂફાવાળાની દીની જરૂરતને અગ્રીમતા આપીને હું કૂફા મોકલી રહ્યો છું. અમીરુલ મુઅમિનીનના ફરમાનને માન આપીને હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ રદિયલ્લાહો અન્હો ત્રીજા ખલીફા હઝરત ઉસ્માનગની રદિયલ્લાહો અન્હોના આખરી સમય સુધી કૂફામાં જ રહ્યા. લોકોને કુર્આને પાક, હદીસશરીફ અને દીની મસ્અલાઓનું ઈલ્મ આપતા રહ્યા. એ દીની ખિદમાતનું પરિણામ એ આવ્યું કે કૂફા શહેરમાં ચાર હજાર (૪૦૦૦)થી પણ વધુ ઉલ્મા, મોહદ્દિસ પૈદા થયા. જ્યારે ચોથા ખલીફા મૌલા અલી શેરે ખુદા રદિયલ્લાહો અન્હો કૂફા પધાર્યા અને કૂફાને પોતાની દારુલ ખિલાફત (રાજધાની) બનાવી દીધી, કૂફાની દીની ઈલ્મની બહાર અને બોલબાલા જોઈ તો આપે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા અબ્દુલ્લાહ બિન મસઊદનું ભલું કરે, જેણે આ શહેરને ઈલ્મથી ભરપૂર કરી દીધું.

## પ્રાથમિક શિક્ષણ

હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોએ પોતાના વતન કૂફા જે પૂરી દુનિયામાં ઈલ્મમાં સૌથી મોટું મરકઝ ગણાતું હતું ત્યાં જ પ્રાથમિક તાલીમ હાસિલ કરી હતી. હવે આપ કિશોરાવસ્થાથી આગળ વધવા લાગ્યા. પોતાના પિતાની સાથે દુકાન પર બેસવા લાગ્યા. પિતા અને દાદાનો ધંધો કાપડનો વેપાર હતો. આપ પણ પોતાના વડીલોના માર્ગે ચાલી કાપડના વેપારમાં પરોવાયા. જોતજોતામાં મોટા કાબેલ વેપારી બની ગયા. કુશાગ્ર બુદ્ધિના કારણે વેપારી આલમમાં ખૂબ નામના મેળવી લીધી. ફક્ત ૧૬ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી બેઠા પણ હિંમત ન હાર્યા, સ્વયં એકલા હાથે કારોબાર સંભાળવા લાગ્યા. આપના માયાળુ અને મિલનસાર સ્વભાવે અને તનતોડ મહેનતે ધંધામાં પ્રગતિના સોપાન સર કરી લીધા. એક વેપારીમાંથી આપ મોટા ઉદ્યોગપતિ બની ગયા. દુકાન નહીં પણ હવે આપ એક કારખાના (મીલ)ના માલિક હતા. જિંદગીના દિવસ-રાત ઘણા જ સુખમય-ખુશહાલ પસાર થવા લાગ્યા.

## ઇમામે આઝમ 'તાબેઈ' બન્યા

ઈમાનની હાલતમાં જે વ્યક્તિ અલ્લાહના હબીબ સરવરે કાએનાત હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દીદાર પોતાના માથાની આંખોથી કરે અને જીવનના અંત સુધી ઈમાન પર કાયમ રહે તેવી ખુશનસીબ વ્યક્તિને 'સહાબી' કહેવામાં આવે છે. પૂરી ઉમ્મતમાં સહાબીનો મરતબો સૌથી ઉચ્ચ ગણાય છે. અને જેણે ઈમાનની હાલતમાં કોઈપણ સહાબીના દીદાર માથાની આંખોથી કર્યા અને જીવનના અંત સુધી ઈમાન પર કાયમ રહ્યો તે ખુશનસીબ વ્યક્તિને 'તાબેઈ' કહેવામાં આવે છે. પૂરી ઉમ્મતમાં સહાબી પછી સૌથી ઊંચો દરજ્જો તાબેઈનનો છે. હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા



રદિયલ્લાહો અન્હોએ સહાબીઓનો જમાનો જોયો છે અને ઘણા સહાબાના દીદારથી ફૈઝયાબ થયા છે, ઘણા સહાબાની ખિદમત પણ કરી છે. આ અનમોલ નેઅમત પ્રાપ્ત કરીને આપે 'તાબેઈ'નો મહાન દરજ્જો પણ મેળવી લીધો છે. સુબ્હાનલ્લાહ ! આપે જે સહાબીઓના દીદાર કર્યા જેમની પવિત્ર સોહબતમાં રહેવાનું સદ્‌ભાગ્ય નસીબ થયું તેવા કેટલાક સહાબીઓના નામ આ પ્રમાણે છે.

(૧) હઝરત અનસ બિન માલિક રદિયલ્લાહો અન્હો.
(૨) હઝરત સુહૈલ ઈબ્ને સઅદ રદિયલ્લાહો અન્હો.
(૩) હઝરત અબૂ તુફૈલ આમિર બિન વાસેલા રદિયલ્લાહો અન્હો.
(૪) હઝરત અબ્દુલ્લાહ બિન ઔફ રદિયલ્લાહો અન્હો.
(૫) હઝરત વાસેલા બિન અસ્કઆ રદિયલ્લાહો અન્હો.
(૬) હઝરત મિકદામ બિન યાદી કરીબ રદિયલ્લાહો અન્હો.
(૭) હઝરત અબૂ ઉમામા બાહેલી રદિયલ્લાહો અન્હો.
(૮) હઝરત અમરૂ બિન હારસી રદિયલ્લાહો અન્હો.
(૯) હઝરત અબ્દુલ્લાહ બિન બશર રદિયલ્લાહો અન્હો.
(૧૦) હઝરત એસાર બિન ઈરતાત રદિયલ્લાહો અન્હો.
(૧૧) હઝરત ઉત્બા અબી અબ્દુસ્સલામ રદિયલ્લાહો અન્હો.
(૧૨) હઝરત અસ્અદ બિન સુહૈલ રદિયલ્લાહો અન્હો.
(૧૩) હઝરત સાઈલ બિન યઝીદ રદિયલ્લાહો અન્હો.
(૧૪) હઝરત તારીક બિન શેહાબ બજલી કૂફી રદિયલ્લાહો અન્હો.
(૧૫) હઝરત અબ્દુલ્લાહ બિન સઅલ્બા રદિયલ્લાહો અન્હો.
(૧૬) હઝરત અબ્દુલ્લાહ બિન હારિસ રદિયલ્લાહો અન્હો.
(૧૭) હઝરત અમરૂ બિન અબી સઅલબા રદિયલ્લાહો અન્હો.
(૧૮) હઝરત માલિક બિન હુવૈરીસ રદિયલ્લાહો અન્હો.
(૧૯) હઝરત મેહમૂદ બિન લુબૈદ રદિયલ્લાહો અન્હો.

(૨૦) હઝરત માલિક બિન ઔસ રદિયલ્લાહો અન્હો.
(૨૧) હઝરત કબીસા બિન ઝુવેબ રદિયલ્લાહો અન્હો.

આ ઉપરાંત બીજા આવા ઘણા બધા સહાબીઓનો મુકદ્દસ જમાનો હઝરત ઈમામે આઝમ અબૂ હનીફાએ જોયો છે. એક અન્ય રિવાયતથી ૭૨ સહાબાથી આપની મુલાકાત થઈ, તેમનો મુબારક દૌર આપે જોયો. આવી ઘણી બાબતોથી એ વાત સ્પષ્ટ થાય છે કે હઝરત ઈમામે આઝમ 'તાબેઈ' હતા જેમાં કોઈ શંકા નથી.

(મોઅજમુલ મુસન્નેફીન, ભાગ-૨, પેજ નં.-૨૩)

## ઈરાકની હુકૂમત

જ્યારે ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોનો જન્મ થયો, ત્યારે ઈરાક પર ઉમવી બાદશાહ અબ્દુલ મલિકની સલ્તનત હતી અને તેના તરફથી ઈરાક પર ગવર્નર પદે હુજ્જાજ બિન યૂસુફ હતો. ઈતિહાસમાં તે ઘણો જ નિર્દયી, જાલિમ, અત્યાચારી, ઘમંડી શાસક થયો છે. હિજરી સન ૮૬માં અબ્દુલ મલિક મરણ પામ્યો, ત્યારે ઈમામે આઝમની ઉમર ફક્ત ૬ વર્ષની હતી. પછી ગાદી ઉપર બાદશાહનો દિકરો વલીદ આવ્યો. એ પણ ઘણો જ અમાનુષી અને અત્યાચારી હતો. એક બાજુ જાલિમ, નિર્દયી ગવર્નર હુજ્જાજ અને બીજી બાજુ વલીદ બાદશાહ પણ એવો જ જાલિમ હતો તેની હુકૂમતમાં લોકો ભયના ઓથાર નીચે જીવી રહ્યા હતા. સાચા ઉલ્મા ઉપર જૂઠા આક્ષેપો લગાવી તેમને કતલ કરી નાખવામાં આવતા હતા. એવા નિર્દોષ ઉલ્માની કતલની સંખ્યા હજારો ઉપરની હતી. દસ (૧૦) વર્ષ સુધી આ પ્રદેશમાં અંધાધુંધી, અરાજકતા, અન્યાય અને નિર્દયતાનું શાસન ચાલ્યું. કહેર અને ગઝબની તલવારે ઈન્સાનિયતના નામ પર અન્યાયની આંધી ચલાવીને જંગી હુકૂમતની સાબિતી આપી. ખૈર, દરેકનો સમય હોય છે. આ જાલિમોનો પણ સમય પૂરો થયો. હિ.સ. ૯૫માં હુજ્જાજ



બિન યૂસુફ મરી ગયો અને હિ.સ. ૯૬માં વલીદ પણ મરણને શરણ થયો. ઉમવી ખાનદાનના નેક અને ન્યાયી ગણાતા બાદશાહ સુલૈમાન બિન અબ્દુલ મલિક ગાદી પર બેઠા. તેમની હુકૂમતમાં લોકોને શાંતિ જોવા મળી, ન્યાય થવા લાગ્યો, માનવતા ફરી જાગી ઉઠી પણ એ સમયગાળો ઘણો ટૂંકો હતો. હિ.સ. ૯૯માં આ નેક બાદશાહનું અવસાન થાય છે અને તે પછી તેમની વસીયત પ્રમાણે બાદશાહે આદિલ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ રદિયલ્લાહો અન્હો બાદશાહ બને છે. આ બાદશાહને આજે પણ લોકો ખૂબ માનથી યાદ કરે છે કારણકે આ નેક, મુત્તકી, આલિમ અને શરીઅતના ચુસ્ત પાબંદ, અલ્લાહથી ડરનાર મહાન ખલીફા હતા. ઈતિહાસમાં જેમને બીજા 'ફારૂકે આઝમ' તરીકે ઓળખવામાં આવે છે અને તેમની હુકૂમત 'ખિલાફતે રાશેદા'ના નામથી ઓળખાય છે. સહીહ હદીસો એકત્ર કરવાનું કામ આપે જ શરૂ કર્યું. આપ ઉલ્મા, મોહદ્દિસો, ફુકહાનો આદર કરતા હતા તેમનું સન્માન કરતા અને ખિદમત બજાવી લાવતા હતા.

## મહાન મોહદ્દિસ ઇમામ શોઅબીથી મુલાકાત

ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોએ શરૂઆતની દીની તાલીમ બાળપણમાં જ પૂરી કરી લીધી હતી. જેમકે કુર્આને પાકનો હિફ્ઝ, કિરઅત, નહવ, અદબ, શે'ર અને દીનિયાત વગેરેમાં પ્રવીણતા હાસિલ કરી લીધી હતી. સાથે-સાથે જીવન નિર્વાહ માટે બાપ-દાદાનો ધંધો કાપડના વેપારમાં પણ ખૂબ પ્રગતિ કરી. આપના ત્યાં બનતું કિનખાબ અને રેશમી કાપડનું કારખાનું (મીલ) વિશ્વમાં પ્રખ્યાત હતું. આપનો માલ ઈરાક ઉપરાંત શામ (સીરીયા), ઈરાન, યમન, અરબ વગેરે દેશોમાં જતો હતો. આપ તે સમયના મોટા ઉદ્યોગપતિ ગણાતા હતા. કાપડનો વેપાર મોટા પાયે થવાના કારણે આપને વેપારીઓ પાસે બજારમાં અવાર-નવાર જવાનું થતું હતું.

એક દિવસ આપ નિત્યક્રમ મુજબ બજારથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મહાન મોહદ્દિસ ઈમામ શોઅબી રદિયલ્લાહો અન્હોથી મુલાકાત થાય છે. ઈમામ શોઅબી, હઝરત ઈમામે આઝમને સંબોધીને કહે છે કે હે સાહબઝાદા ! શું કરો છો ? શું ફક્ત બજારમાં આવ-જાવ જ કરો છો ? જવાબમાં ઈમામ અબૂ હનીફા કહે છે, વેપાર મારો વ્યવસાય છે એટલે બજારમાં આવવું જ પડે. તો ઈમામ શોઅબીએ કહ્યું, શું ઉલ્માએ દીનની પાસે પણ જાવ છો કે નહીં ? જવાબમાં આપે કહ્યું બહુ થોડું જવાનું થાય છે ! ઈમામ શોઅબીએ ફરમાવ્યું કે અય નવજવાન ! ઉલ્માઓની સોહબતમાં જવાનું રાખો, તેમની ખિદમત પણ કરો. એ એવો વેપાર છે કે તેમાં કદી ખોટ (નુકસાન) નથી, બંને જહાનની ખુશકિસ્મતી તેમાં છે. બહુ જ મોટી ઈજ્જતના માલિક બનાવે છે. હું તમારી જાતની અંદર એ બધા ગુણોનો ભંડાર જોઈ રહ્યો છું.

(હવાલા : મનાકિબે નૌમાન, ભાગ-૧, પેજ-૬૪)

### ઇલ્મે હદીસ અને ઇલ્મે ફિકહની પ્રાપ્તિ

કૂફા શહેર એ તો આપનું વતન, જન્મભૂમિ, તાલીમગાહ (શિક્ષણધામ) હતું. ઈમામે આઝમે શરૂઆતમાં ભાષા, સાહિત્યમાં વધુ રસ લીધો અને તે અંગે ઘણી ચર્ચાઓમાં ભાગ લઇને મહારત હાસલ કરી. પાછળથી આપે તે કળાનો પણ ત્યાગ કર્યો અને હદીસ અને ફિકહ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું.

મહાન મોહદ્દિસ ઈમામ શોઅબી રદિયલ્લાહો અન્હોથી મુલાકાત થયા પછી આપના દિલમાં એમના શબ્દો ઘર કરી ગયા અને એ જ દિવસથી બજારમાં વધુ સમય આપવાનું બંધ કરી દીધું. ઈલ્મે શરીઅત, ફિકહ અને ઈલ્મે હદીસ શીખવા માટે તેમાં મશગૂલ થઈ ગયા. તે સમયે આપની ઉંમર ૧૬ વર્ષની હતી. ઈલ્મે હદીસ પ્રાપ્ત કરવા ઈમામે આઝમ મોહદ્દિસ ઈમામ શોઅબીની દર્સગાહમાં હાજર થયા અને



હદીસનું પૂર્ણ જ્ઞાન ત્યાંથી જ મેળવી લીધું. હઝરત ઈમામ શોઅબી, હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોના મોટા ઉસ્તાદ હતા. (તઝ-કેરતુલ હુફ્ફાઝ, ભાગ-૧, પેજ-૭૫)

કૂફા, બસરા અને હિજાઝમાં ઈમામ શોઅબીથી વધીને ઈલ્મે હદીસમાં કોઈ મોટો આલિમ હતો જ નહીં. તેવા મહાન આલિમની સોહબતમાં રહીને ઈલ્મે હદીસનો અનમોલ ખજાનો હાંસિલ કરી લીધો. ઈમામે આઝમ અબૂ હનીફાએ ૫૫ (પંચાવન) વખત હજ્જે બયતુલ્લાહ અદા કરી છે. હજના દરેક સફર વખતે મક્કાએ મોઅઝઝમા અને મદીનાએ મુનવ્વરાના ઉલ્માઓથી મુલાકાત જરૂર કરતા અને તેમનાથી પણ ઈલ્મ શીખતા રહેતા. આપે ૨૦ (વીસ) વખત બસરા શહેરની મુલાકાત લીધી છે અને બસરાના આલિમે દીનથી પણ ફૈઝ હાસિલ કર્યો છે. મદીનએ મુનવ્વરામાં હઝરત ઈમામ જાફર સાદિક રદિયલ્લાહો અન્હોની સોહબતમાં ૨ (બે) વરસ રહ્યા છે અને ઈલ્મે ઝાહિરી અને ઈલ્મે બાતિની હાસિલ કર્યું છે.

એક વખત આપને કોઈએ સવાલ કર્યો કે હે ઈમામ આપની ઉંમર (આયુષ્ય) કેટલી ? મતલબ કે તમને કેટલા વરસ થયા, તો જવાબમાં આપે કહ્યું, મારી ઉંમર ૨ (બે) વરસની છે. આવા જવાબથી પૂછનારને નવાઈ લાગી કે હઝરત હું આપની વાતને સમજી ન શક્યો તમે પોતાની ઉંમર ૨ (બે) વર્ષ જ બતાવી રહ્યા છો. તેના ખુલાસામાં આપે ફરમાવ્યું કે ભાઈ સાંભળ ! હું ૨ (બે) વર્ષ મદીનએ મુનવ્વરામાં હઝરત ઈમામ જાફર સાદિક રદિયલ્લાહો અન્હોની સોહબતમાં રહ્યો તે સમય જ ખરેખર મારી સાચી જિંદગી છે. મને જે કંઈ મળ્યું છે તે મહાન ઈમામ અને આલે રસૂલ સૈયદઝાદાની પવિત્ર સંગતથી જ મળ્યું છે.

હઝરત અલ્લામા ઈબ્ને ખલ્દુને 'મુકદ્દમએ તારીખ'માં લખ્યું છે કે હદીસના ઈલ્મમાં ઈમામ અબૂ હનીફાનું સ્થાન ખરેખર 'મુજતહિદીન'

છે. તેથી જ આપના મસ્લકને સૌથી મોતબર (માન્યવર) ગણવામાં આવે છે.

ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હો ઈલ્મે હદીસમાં પારંગત થઈ ગયા. હવે આપનો અસલ ધ્યેય ઈલ્મે ફિકહ (શરીઅતશાસ્ત્ર) મેળવવાનો હતો. એટલે આપ પોતાના અસલ મકસદની તરફ વળે છે, એ જવાબદારી પૂરી કરવા માટે ઉચ્ચ બુદ્ધિમતા, તત્વજ્ઞાન, ઘડાયેલી દૃષ્ટિ અને સંપૂર્ણ હિલ્મ હોવું જરૂરી છે. અને આ બધી જ લાયકાત ઈમામે આઝમ અબૂ હનીફામાં એક અનમોલ ખજાનારૂપે જોવા મળતી હતી કારણ એ હતું કે દુનિયાના મહાન મોહદ્દિસો અને ઉલ્માએ રબ્બાનીથી આપે ઈલ્મે હદીસ પ્રાપ્ત કર્યું અને સહીહ ઈલ્મનો ભંડાર ભેગો કરી લીધો હતો.

## ઇલ્મે ફિકહનું મેળવવું

હિ.સ. ૧૦૨માં જ્યારે ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોની ઉંમર ૨૨ વર્ષની થઈ પછી આપે ઈલ્મે ફિકહ (શરીઅતના કાયદા કાનૂન) શિખવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. ઈલ્મે ફિકહની જરૂરત બાબતે આપ પોતાના જીવનનો એક બનાવ રજૂ કરે છે. આપ ફરમાવે છે કે હું એક દિવસ બજારમાં મારી દુકાને બેઠો હતો અને એક સ્ત્રી મારી પાસે આવી. મને હૈઝ બાબતે એક મસ્અલો પૂછ્યો તો હું તેના સવાલનો જવાબ ન આપી શક્યો. મેં તે સ્ત્રીને આ ફિકહને લગતો સવાલ છે તો તું એમ કર હઝરત હમ્માદ રદિયલ્લાહો અન્હોની પાસે જા અને ત્યાંથી જે જવાબ મળે તે મને વળતી વખતે બતાવતી જજે. પેલી સ્ત્રી હઝરત હમ્માદની સેવામાં હાજર થઈ ત્યાં તેના સવાલનો જવાબ મળી ગયો. પાછા ફરતી વખતે તે જવાબ હઝરત ઈમામ અબૂ હનીફાને બતાવતી ગઈ. આપને શરમિંદગીનો સામનો કરવો પડ્યો. મનોમન ઘણો અફસોસ પોતાની ઝાત ઉપર થયો પણ જિંદગીમાં એક



નવો જ વળાંક આવ્યો. આપે નક્કી કર્યું કે જેમ ઈલ્મે હદીસમાં પારંગત છું તેમ હવે ઈલ્મે ફિકહમાં પણ પ્રવીણ થવું જ છે. તે દિવસથી ઈલ્મે ફિકહના મહાન આલિમ નિષ્ણાંત આલિમ હઝરત હમ્માદની દર્સગાહ (મદ્રસા)માં જવાનો મક્કમ ઈરાદો કરી લીધો.

## ઇલ્મે ફિકહનો દરજ્જો

ઈલ્મે ફિકહ એટલે ઈસ્લામી શરીઅતના કાયદા કાનૂનનું સંપૂર્ણ રૂપ. આ ઈલ્મ હાંસિલ કરતાં પહેલાં કુર્આને પાકનું સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે. દા.ત. લુગત, અદબ, સર્ફ, નહવ, મઆની, બદીઅ, મન્તીક, ફસાહત, બલાગત, અસ્બાબે નુઝૂલ, શાને નુઝૂલ, નાસીખ અને મન્સૂખ, આયતે મોહકમાત, આયતે મુતશાબેહાત વગેરેની પૂરી જાણકારી હોવી જરૂરી છે.

ઈલ્મે કુર્આન પછી ઈલ્મે હદીસનું પણ એવી જ રીતે હોવું જરૂરી છે. જેમકે હાફેઝુલ હદીસ હોવું, હદીસની સનદ, મતન, ઉસૂલે હદીસ, ફન્ને રિજાલ વગેરેની સંપૂર્ણ માહિતી હોય તો ઈલ્મે ફિકહ શીખી શકાય.

ઈલ્મે કુર્આન અને ઈલ્મે હદીસ બંને પ્રકારના બધા જ તરીકાઓથી ઈમામે આઝમ અબૂ હનીફા માલામાલ હતા. તેમજ આપને સહાબાના અકવાલ, સહાબાના આસાર અને સહાબાના આમાલનું પૂરૂં ઈલ્મ હતું.

સહાબાઓમાં કેટલાક સહાબાઓ જ ઈલ્મે ફિકહમાં નિપૂણ હતા. જે ફત્વો પણ આપી શકતા હતા. એવા અમુક સહાબાઓના નામ આ પ્રમાણે છે.

(૧) હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર (૨) હઝરત ઉમર ફારૂકે આઝમ (૩) હઝરત ઉસ્માનગની ઝુન્નૂરૈન (૪) હઝરત અલી શેરે ખુદા (૫) હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ (૬) હઝરત ઝૈદ બિન સાબિત (૭) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (૮) હઝરત અબ્દુલ્લાહ બિન

ઉમર (૯) હઝરત અનસ બિન માલિક (૧૦) હઝરત અબ્દુલ્લાહ બિન અમરૂ બિન આસ (૧૧) હઝરત અબૂ મૂસા અશઅરી (૧૨) હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર (૧૩) હઝરત સઆદ બિન અબી વક્કાસ (૧૪) હઝરત અબૂ હુરૈરા (૧૫) હઝરત સલમાન ફારસી (૧૬) હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (૧૭) હઝરત મોઆઝ બિન જબલ (૧૮) હઝરત અબૂ સઈદ ખુદરી (૧૯) હઝરત તલ્હા (૨૦) હઝરત ઝુબૈર (૨૧) હઝરત અબૂ દરદા (૨૨) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ (૨૩) હઝરત ઈમરાન બિન હસીન (૨૪) હઝરત અમીર મુઆવિયા (૨૫) હઝરત ઉમ્મુલ મોઅમેનીન આયશા સિદ્દીકા (૨૬) હઝરત ઉમ્મુલ મોઅમેનીન ઉમ્મે સલમા. રદિયલ્લાહો તઆલા અન્હુમ અજમઈન.

ઈલ્મે ફિકહનું મહત્વ સમજી આપ મહાન ફકીહે આઝમ ઈમામ હમ્માદ રદિયલ્લાહો અન્હોની ખ્યાતનામ દર્સગાહ (દારુલઉલૂમ)માં દાખલ થઈ જાય છે.

### હઝરત હમ્માદની દર્સગાહ

હઝરત ઈમામ હમ્માદ રદિયલ્લાહો અન્હો કૂફા શહેરના ખ્યાતનામ તાબેઈ, પોતાના સમયના મહાન મોહદ્દિસ અને ઉચ્ચ ફકીહ હતા. હઝરત ઈબ્રાહીમ નખઈના શાગિર્દ હતા. મહાન સહાબી હઝરત અનસ બિન માલિક અને હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ જેવા હાફિઝે હદીસ, કુર્આનના મુફસ્સિર અને ઈલ્મે ફિકહના દરિયા સમાન બુઝુર્ગોથી હઝરત હમ્માદે ઈલ્મ હાંસલ કર્યું હતું. એટલે જ જગતભરમાં આપની દર્સગાહ (દારુલઉલૂમ, શિક્ષણધામ) સર્વશ્રેષ્ઠ ગણાતી હતી. હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો તે દર્સગાહના તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) હતા. ઈલ્મે ફિકહ અહીંથી જ મેળવ્યું હતું અને પછી એ ઈલ્મનું નૂર આપે દુનિયાના ખૂણેખૂણા સુધી પહોંચાડી દીધું.

તાલિમ (શિક્ષણ) આપવાની પદ્ધતિ એ સમયે એવી હતી કે ઉસ્તાદ



(શિક્ષક) મસ્અલા પર બયાન (તકરીર) આપતા, તાલિબે ઈલ્મ તેને સાંભળીને યાદ કરી લેતા. કેટલાક લખી પણ લેતા હતા. શરૂઆતમાં ઈમામે આઝમ અબૂ હનીફા દર્સગાહમાં સૌથી પાછળ બેસતા પણ જ્યારે ઉસ્તાદને ખબર પડી કે આપ તો મહાન કાબેલ વિદ્યાર્થી છે, તેમની યાદશક્તિ, ઈલ્મ તલબની મહેનત, કુશાગ્ર બુદ્ધિ જોઈને ઉસ્તાદ હમ્માદ ઘણા જ પ્રભાવિત થયા અને ઈમામ અબૂ હનીફાને પોતાની પાસે બેસાડવા લાગ્યા. ઘણા જ પ્રેમથી ભણાવતા રહ્યા. હિ.સ. ૧૦૨ થી ૧૨૦ સુધી સતત ૧૮ (અઢાર) વર્ષ ઈમામ અબૂ હનીફાએ ઈલ્મે ફિકહ શિખવામાં પસાર કરીને સમયની કુરબાની આપીને કમાલ કરી બતાવ્યો. (હવાલા : મુવફ્ફિન, ભાગ-૧, પેજ-૬૧, ખેરાતુલ હિસાન, પેજ-૨૫)

### ઇમામ અબૂ હનીફા 'મુજતહિદ' બન્યા

ઉસ્તાદે કામિલની રહેબરી અને પોતાની મહેનત તેમજ કાબેલિયતથી સળંગ ૧૮ વર્ષ સુધી ઉલૂમે શરીઅતમાં મહારત હાંસિલ કરીને ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હો 'મુજતહિદ'ના દરજ્જા પર પહોંચી ગયા, સુબ્હાનલ્લાહ !

ફિકહ એક એવું સંપૂર્ણ ઇલ્મ છે કે જેમાં તમામ પ્રકારના ઉલૂમ (વિદ્યાઓ) અને ખાસ કરીને શરીઅતનું સામૂહિક જ્ઞાન હોવું જરૂરી હોય છે. કુર્આનશરીફની સાથે હદીસે પાકની દરેક બાબતને ઓળખનાર 'મુજતહિદ' કહેવાય છે. હદીસની શરઈ (શરીઅતની) સમજનું નામ ફિકહ છે. ફિકહ વિના હદીસથી દીન (મઝહબ) સમજવું મુશ્કેલ હોય છે.

### ઉસ્તાદની ગાદીના વારસદાર

હિ.સ. ૧૨૦માં હઝરત ઈમામે આઝમના ઉસ્તાદ હઝરત ઈમામ હમ્માદ રદિયલ્લાહો અન્હોની વફાત થાય છે. તે પછી તેઓની દર્સગાહ

(પાઠશાળા)ના મુખ્ય મુદર્રિસની જરૂરત ઊભી થાય છે. આ હોદ્દા માટે લાયક વ્યક્તિની શોધ શરૂ થઈ. તે સમયના સારા અને ઉચ્ચ આલિમોએ હઝરત હમ્માદના ફરઝંદની પસંદગી કરી, પણ હમ્માદના દીકરા તેમના વાલિદ જેવી સેવા આપી શક્યા નહીં. તે પછી એ જગ્યા માટે અલ્લામા અબૂ નહશલ, અલ્લામા અબૂ બુરદા અને અલ્લામા મૂસા બિન કસીર જેવાઓની નિમણુંક થતી ગઈ, પણ તેમના કાર્યથી ઉલ્માઓને સંતોષ ન થયો. આ કાળ દરમિયાન ઈમામ અબૂ હનીફાએ એવું નક્કી કરી લીધું હતું કે જ્યાં સુધી મહાન ઉલ્માઓ આ હોદ્દો સ્વીકારવા મને મજબૂર ન કરે ત્યાં સુધી હું એ જવાબદારી નહીં સ્વીકારૂં. પણ થોડાક સમયમાં આમ લોકો અને ઉલ્માએ રબ્બાની આ હોદ્દો સંભાળી લેવા આગ્રહ કરવા લાગ્યા અને દરેકની જબાનથી એક જ વાત સંભળાતી હતી કે આ ગાદીના વારસ તરીકે સાચી લાયકાત ધરાવનાર ફક્ત ઈમામે આઝમ અબૂ હનીફા જ છે. આપને આ જવાબદારી સ્વીકાર કરવા મજબૂર કર્યા એટલે લોક લાગણી અને ઉલ્માઓની માંગણીને માન આપી ઉસ્તાદની ગાદી પર આપ બિરાજમાન થયા. ખુશીના આ સમાચાર વિજળી વેગે દૂર દૂર સુધી પહોંચી ગયા અને પછી તો આપની દર્સગાહમાં તાલીમ લેવા આવનારાઓની પડાપડી થવા લાગી. આપની દર્સગાહમાં ઈલ્મ મેળવનારા એટલે ઈમામ અબૂ હનીફાના વિદ્યાર્થીઓ (શાગિર્દો)માં કેટલાક નામ તો દુનિયામાં પ્રખ્યાત છે. દા.ત. હઝરત કાઝી અબૂ યૂસુફ, હઝરત ઈમામ જાફર, હઝરત અસદ બિન ઉમર, હઝરત કાસિમ બિન મઅન વગેરે હતા.

## ઇમામ અબૂ હનીફાની દર્સગાહ

હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોએ પોતાના ઉસ્તાદની દર્સગાહનો વહીવટ સંભાળી લીધો. એ વખતે તાલીમ આપવાની રીત એવી હતી કે ઉસ્તાદના બેસવાની જગ્યા ઊંચી રાખવામાં



આવતી હતી અને વિદ્યાર્થીઓ તેમની સામે નીચે હારબંધ અદબથી બેસતા હતા. ઉસ્તાદ ફિકહના મસ્અલાને ઊંચા અવાજથી બયાન કરતા, શાગિર્દો તેને સાંભળીને યાદ કરી લેતા. જેમની યાદશક્તિ કમજોર હોય તેવા તાલિબે ઈલ્મ લખી લેતા હતા. ઉસ્તાદ પણ દરેક મસ્અલાને ત્રણ ત્રણ વખત દોહરાવતા હતા જેથી વિદ્યાર્થીઓને સમજવામાં સરળતા રહેતી હતી. ઈમામે આઝમની દર્સગાહમાં જુમ્આ અને શનિવાર બે દિવસ રજા રહેતી હતી. જુમુઆ (શુક્રવાર)ના દિવસે જુમુઆની નમાઝ બાદ આપ ઉલ્માઓથી મુલાકાત કરતા અને શનિવારે ઘરની જરૂરત પૂરી કરવામાં સમય આપતા. દરરોજ સવારે ઈશરાકની નમાઝ પછી પોતાની દુકાન પર જતાં, ધંધા બાબતે અને કારોબારનું પણ ધ્યાન રાખતા. તાલીમી કામ પૂરૂં થતાં આપ ફત્વાઓના જવાબ આપતા. આપ સતત કાર્યમાં મશગૂલ રહેતા. આપની તાલીમી ચર્ચા ઠેર ઠેર થવા લાગી. વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો. ઈરાક જ નહીં વિદેશથી પણ આપની દર્સગાહ (મદ્રસા)માં વિદ્યાર્થીઓ આવવા લાગ્યા. કેટલાક મુલ્કના નામ આ પ્રમાણે છે. (૧) મક્કએ મુકર્રમા (૨) મદીનએ મુનવ્વરા (૩) દમિશ્ક (૪) બસરા (૫) વસ્તા (૬) મુસલ (૭) જઝીરહ (૮) રીકકાહ (૯) નશીબૈન (૧૦) રીમલા (૧૧) મિસર (૧૨) યમન (૧૩) યમામા (૧૪) બહરૈન (૧૫) બગદાદ (૧૬) અહવાઝા (૧૭) કિરમાન (૧૮) અસ્ફહાન (૧૯) હલ્વાન (૨૦) ઉસ્તરાબાદ (૨૧) રૈય (૨૨) હમદાન (૨૩) કયમસ (૨૪) ઝવામગાન (૨૫) તબ્રસ્તાન (૨૬) જુરજાન (૨૭) નીશાપુર (૨૮) અરખસ (૨૯) બુખારા (૩૦) સમરકંદ (૩૧) કસ (૩૨) સુન્આ (૩૩) તિરમીઝ (૩૪) હિરાતા (૩૫) મદાયન (૩૬) મસીસા (૩૭) નીહીસ્તશ (૩૮) ઈલઝમ (૩૯) ખ્વારઝમ (૪૦) હીમ્સ (૪૧) હઝરમુત વગેરે દુનિયાભરમાંથી ઈલ્મ હાંસિલ કરવા ઈમામે આઝમની દર્સગાહમાં

કૂફા આવતા હતા.

(હવાલા : અલ જવાહરીલ મુઝાઈયા, ભાગ-૨, પેજ-૫૪૩)

## ઇમામ અબૂ હનીફાની તકલીદની શરૂઆત

હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોની ઉચ્ચ ઈલ્મી શાન અને અઝમત, કુર્આને પાક, હદીસે પાક, સહાબાઓના આસારની તપાસ આ બધી બાબતો ઉલ્માએ કિરામમાં અને સામાન્ય જનતામાં લોકપ્રિય બની. એટલે જ મોટા ઉલ્માઓ અને ઈમામો પણ આપની તકલીદ (પૈરવી, અનુસરણ) કરવા લાગ્યા. આપના ફત્વાને જ સાચો માનવામાં આવતો હતો અને તે પ્રમાણે જ અમલ થતો હતો. આપના પછી પણ આપની તકલીદનો સિલસિલો અતૂટ ચાલતો રહ્યો. પાછળના ઉલ્માઓ પણ આપના તરીકા પર અમલ કરતા રહ્યા અને એ જ રીતે શરીઅતનું માર્ગદર્શન આપતા રહ્યા. આ રીતે આપની રીત-ભાત, તરીકો હન્ફી તરીકે પ્રખ્યાત થયો. આપની પૈરવી-તકલીદ કરનારા હન્ફી તરીકે ઓળખાય છે.

## ઇમામ અબૂ હનીફાના શાગિર્દો (વિદ્યાર્થીઓ)

જેમણે ઈમામ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોની દર્સગાહથી ઈલ્મ પ્રાપ્ત કર્યું છે તે દુનિયામાં પોતાના સમયના ધુરંધર આલિમ, ઈમામ, કાઝી (જજ)ના માનવંતા મોભાના સ્થાન પર બિરાજમાન થયા છે. ઈમામે આઝમના શાગિર્દોમાંથી કાઝી એટલે જજ - ન્યાયાધીશના હોદ્દા પર પહોંચનારાઓની સંખ્યા ૨૮ (અઠ્ઠાવીસ)ની છે. મુફતી (ફતવો આપનારા આલિમ)ની સંખ્યા તો ઘણી જ એટલે કે અસંખ્ય ગણાય છે. આપના કેટલાક શાગિર્દો તો મહાન વલીએ કામિલ થઈ ગયા છે. કેટલાક ખ્યાતનામ આલિમો આ પ્રમાણે છે (૧) હઝરત હમ્માદ બિન ઈમામ અબૂ હનીફા (૨) હઝરત ઈમામ યાકૂબ ઉર્ફે કાઝી અબૂ યૂસુફ



(૩) હઝરત ઈમામ દાઊદ તાઈ (૪) હઝરત ઝફર (૫) હઝરત સબીન બિન અલી (૬) હઝરત કાસિમ બિન મુનઈમ (૭) હઝરત હયાન બિન બુસ્તાન (૮) હઝરત નસર બિન અબ્દુલ કરીમ (૯) હઝરત અમરૂ બિન મૈમુન (૧૦) હઝરત ફુઝૈલ બિન અયાઝ (૧૧) હઝરત શરીક બિન અબ્દુલ્લાહ (૧૨) હઝરત સઅદ બિન અમરૂ (૧૩) હઝરત યહયા બિન સઈદુલ કત્તાન (૧૪) હઝરત અલી બિન ઝયબાન (૧૫) આફિયા બિન ઝૈદ (૧૬) હઝરત ઈમામ સુફિયાન વગેરે અને એક રિવાયત મુજબ આપના શાગિર્દોની સંખ્યા ૮૦૦ (આઠ સો)ની હોવાનો અંદાજ છે.

## હઝરત ખિઝર અલયહિસ્સલામ પણ શાગિર્દ

ઈલ્મે ફિકહ એટલે ઈસ્લામી શરીઅતનું કાયદા કાનૂનનું ઈલ્મ. આ વિષયમાં પૂરી દુનિયામાં ઈમામે આઝમ અબૂ હનીફા નૌમાન બિન સાબિત રદિયલ્લાહો અન્હો અજોડ હતા. તે સમયમાં આપની બરાબરીમાં કોઈ આલિમ ન હતો અને તેમના જેવો આલિમ તો આજે પણ નથી. આપની ઈલ્મી કાબેલિયત જોઈને, હયાતુન્નબી ગણાતા અને દરેક વલીઅલ્લાહને માર્ગદર્શન પૂરૂં પાડતા છુપા રહસ્યોના જાણકાર એવા હઝરત ખિઝર અલયહિસ્સલામને પણ ઈલ્મે ફિકહ શિખવાની ઈચ્છા થઈ અને ઈમામ અબૂ હનીફાની સેવામાં હાજર થયા. પોતાનો મકસદ રજૂ કર્યો. ઈમામે આઝમે પણ આપને ફિકહનો દર્સ આપવાની શરૂઆત કરી. નિયમિત તાલીમ મળતી ગઈ અને મરઝીએ મૌલા હતી કે આપનો તાલીમી કોર્સ હજુ પૂરો પણ ન થયો કે જગતના મહાન આલિમ હઝરત અબૂ હનીફા રદિયલ્લાહો અન્હો આ ફાની જગતનો ત્યાગ કરી ગયા અર્થાત્ આપ વફાત પામ્યા. ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલયહિ રાજેઊન. ત્યાર પછી હઝરત ખિઝર અલયહિસ્સલામ આપની કબરશરીફ પર હાજરી આપે છે અને અરજ કરે છે કે ‘ઉસ્તાદે મોહતરમ આપે તો

દુનિયા છોડી દીધી, પણ મારો સબક તો હજુ અધૂરો જ છે તેનું શું ?' તો કબરમાંથી જવાબ મળ્યો કે અય ખિઝર ! તમારી અધૂરી તાલીમને પૂરી કરી દઈશું, તમો દરરોજ આ સમયે મારી પાસે (મારી કબર પાસે) આવતા રહો. નક્કી થયેલ સમય પ્રમાણે હઝરત ખિઝર આપના મઝારશરીફ પર નિયમિત હાજરી આપવા લાગ્યા. તઅજ્જુબ એટલે નવાઈ પમાડે તેવી વાત તો એ હતી કે ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોને તેમની કબરની પાસે બેસેલા જોયા. જેમ હયાતીમાં આપ બેસતા હતા તેમજ અને એ જ અદાથી આપને સબક આપવા લાગ્યા. જ્યાં સુધી કોર્સ પૂરો ન થયો ત્યાં સુધી ઈમામ અબૂ હનીફા પોતાની કબરથી બહાર તશરીફ લાવતા રહ્યા અને હઝરત ખિઝર અલયહિસ્સલામને ભણાવતા રહ્યા, સુબ્હાનલ્લાહ ! આપનો આ રૂહાની મકામ કેટલો બુલંદ છે તે સ્પષ્ટ જાહેર થાય છે. હવે ઈમામે આઝમની મહાનતા સમજવામાં આવે કે જેના શાગિર્દોમાં હઝરત ખિઝર અલયહિસ્સલામ જેવી હસ્તીનો સમાવેશ થતો તો તે ઉસ્તાદનો ઈલ્મી અને રૂહાની દરજ્જો કેટલો બુલંદ હશે ?

## ઇમામે આઝમની સાહિત્યીક સેવા

આપની સાહિત્યીક સેવામાં હદીસ, ફિકહની કેટલીક કિતાબો જોવા મળે છે. આપની કૃતિઓમાં કેટલાક નામ ઘણા મશહૂર છે. દા.ત. (૧) વસાયા (૨) અલ આલિમ વલ મુતઅલ્લિક (૩) ફિકહે અકબર (૪) કિતાબુર્રાઅ (૫) કિતાબ ઈખ્તેલાફુસ્સહાબા (૬) કિતાબુલ જામેઅ (૭) કિતાબુસ્સગીર (૮) કિતાબુલ અવસત (૯) કિતાબુર રદ અલ કદરિયા (૧૦) રિસાલતુલ ઈમામ અલા ઉસ્માનબત્તી.

માલિકી મસ્લકના મહાન ઈમામ મોહમ્મદ માલિક રદિયલ્લાહો અન્હો જે પોતાનો એક અલગ મસ્લક ધરાવે છે છતાં પોતે ઈમામે આઝમ અબૂ હનીફાની કિતાબોનો ઊંડો અભ્યાસ કરતા હતા અને



તેનાથી ઘણો ફાયદો મેળવતા હતા. (મુનાકિબ ઝેહબી, પેજ-૧૧)

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે 'ઈમામે આઝમ અબૂ હનીફા દલાઈલની રૌશનીમાં પોતાના ઈલ્મથી પથ્થરના થાંભલાને સોનાનો સાબિત કરી શકે છે.' હઝરત માલિક રદિયલ્લાહો અન્હો દર વર્ષે હજના મૌકા પર મદીનાશરીફમાં આપના આગમનની રાહ જોતા હતા અને તેમનો અદબ (આદર) એટલો કરતા હતા કે સાથે ચાલતી વખતે ઈમામ માલિક હંમેશા આપની પાછળ-પાછળ ચાલતા, કદી બરાબરી ન કરતા. સુબ્હાનલ્લાહ!

'જા-મએ સગીર' નામની કિતાબ ઈમામે આઝમના શાગિર્દ ઈમામ મોહમ્મદે પોતાના ઉસ્તાદથી સાંભળી પછી લખી છે. 'જા-મએ કબીર' પણ ઈમામ અબૂ હનીફાની જ કિતાબ છે. આ કિતાબમાં મસાઈલ ખૂબ બયાન થયા છે. આ કિતાબ પઢીને તેનો અભ્યાસ કરીને એક ઈસાઈ (ખ્રિસ્તી) મુસલમાન બની ગયો હતો અને તે મુસલમાન બન્યા પછી એવું કહેવા લાગ્યો કે એક નાના મોહમ્મદની કિતાબ આટલો બધો ઈલ્મનો ખજાનો છે પછી મોટા મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઈલ્મની બુલંદી કેટલી હશે ?

હમ્બલી મસ્લકના ઈમામ હઝરત અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે 'ઈમામ અબૂ હનીફા ઝોહદ (તપસ્યા), તકવા (ધર્મપરાયણતા) અને ઈલ્મમાં એવો મકામ અને દરજ્જો ધરાવે છે કે તે મકામ સુધી કોઈ પહોંચી શકતું નથી.'

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક રદિયલ્લાહો અન્હો કે જેઓ ઈલ્મે હદીસના મેદાનમાં મોહદ્દિસોની જમાતના અમીરુલ મોઅમેનીન ગણાતા હતા. તેઓ પોતાનો અભિપ્રાય લખે છે કે 'અગર મારી વાતને મોટી પડતી ન ગણું તો એ વાતને સ્પષ્ટપણે માનું છું કે ઈમામે આઝમ અબૂ હનીફાથી વધારે સારો આલિમ કોઈ નથી.'

શાફઈ મસ્લકના ઈમામ એટલે હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો કે જેઓ ઈમામે આઝમ અબૂ હનીફાના શાગિર્દોના શાગિર્દ હતા, મતલબ કે હઝરત ઈમામ મોહમ્મદ અને ઈમામ અબૂ યૂસુફના આપ શાગિર્દ હતા, તે ઈમામ શાફઈ ફરમાવે છે કે 'ઈલ્મે ફિકહમાં તમામ ફકીહો (આલિમો) ઈમામે આઝમના રૂહાની, ઈલ્મી સંતાનો છે. જે આપની કિતાબો ન પઢે તે આલિમ કે 'મુજતહિદ' બની શકતો જ નથી. (અન્વારુલ બારી, પેજ નં. ૧૦૨)

## ઇમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેસાનીનું મંતવ્ય

હઝરત શૈખ અહમદ સરહિંદી એટલે ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેસાની રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે 'ઈલ્મે ફિકહમાં ત્રણ ભાગ ઈમામે આઝમ અબૂ હનીફાના એક ભાગે આવે છે અને ચોથા ભાગમાં બાકીના તમામ ફકીહો અને ઉલ્મા છે. ઈલ્મે ફિકહમાં અસલ મકામ ઈમામ અબૂ હનીફાનો છે. બાકીના બધા તો આપના શાગિર્દો સમાન છે.' (મકતુબાત, ભાગ-૨, પેજ-૫૫)

## ગુજરાત અને ભારતભરમાં હન્ફીઓની સંખ્યા વધુ કેમ ?

પાટણ (ગુજરાત)માં હિ.સ. ૪૮૫માં દીને ઈસ્લામની તબ્લીગ (પ્રચાર) માટે આવનાર બુઝુર્ગ મુબલ્લિગે આઝમ હઝરત ખ્વાજા સુલ્તાન હાજી હૂદ હુસૈની રદિયલ્લાહો અન્હો હતા. આપનો મસ્લક હન્ફી હતો. આપ પાટણ ખાતે આવનાર સૌપ્રથમ મુસ્લિમ સૂફી હતા અને આપની તબ્લીગથી જે લોકોએ ઈસ્લામ કબૂલ કર્યો તે તમામ આપના મસ્લક પ્રમાણે સુન્ની હન્ફી બન્યા અને તે પછી પણ જે બુઝુર્ગો આવ્યા તેમાં પણ લગભગ હન્ફી મસ્લકના હોવાથી જ ગુજરાતમાં આજે પણ હન્ફીઓની સંખ્યા વધુ છે. એ જ રીતે અજમેરમાં દીને ઈસ્લામનો પ્રચાર કરવા આવનાર અમારા ખ્વાજા અને હિંદના રાજા હઝરત ખ્વાજા



મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી રદિયલ્લાહો અન્હો પણ મસ્લકની રીતે હન્ફી હતા. એટલે જ આપની તબ્લીગથી જે લોકો મુસલમાન બન્યા તે તમામ હન્ફી જ બન્યા. આ સિવાય પણ ઘણા મુબલ્લિગો આવ્યા જે મહદઅંશે હન્ફી હોવાના કારણે આજે ગુજરાતમાં અને ભારત દેશમાં સુન્ની હન્ફી મુસ્લિમોની સંખ્યા વિશેષ નજરે પડે છે.

## મક્કાએ મોઅઝ્ઝમા તરફ રવાનગી

કૂફા અને બસરાથી ઈલ્મે હદીસ અને ફિકહ મેળવી લીધા પછી ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોને વધુ ઈલ્મની ધગશ પેદા થઈ અને હવે આપની નઝર હરમૈન શરીફૈન તરફ દોડી અને આપ તે બાજુ રવાના થયા. આ સમયે આપની ઉંમર ૨૪ વર્ષની હતી.

જ્યારે ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હો મક્કાશરીફ પહોંચ્યા ત્યારે તાલીમી કાર્ય જોરશોરથી ચાલી રહ્યું હતું. ઘણા સારા સારા ઉચ્ચ કક્ષાના આલિમો પોત-પોતાની દર્સગાહોમાં વિદ્યાર્થીઓને તાલીમ આપી રહ્યા હતા. કારણકે આ સમયના તમામ વિદ્વાનોએ મહાન સહાબીઓથી હદીસો સાંભળી હતી. હઝરત અતા બિન અબી રવાહ રદિયલ્લાહો અન્હો મક્કાના તમામ વિદ્વાનોમાં ઉચ્ચ સ્થાન ધરાવતા હતા અને સાચા અર્થમાં આપ તે વખતે ઉસ્તાદોના ઉસ્તાદ હતા.

ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોએ હઝરત અતા બિન અબી રવાહ રદિયલ્લાહો અન્હોના મદ્રસામાં દાખલ થવું વધુ યોગ્ય જાણ્યું અને આપ હઝરત અતા રદિયલ્લાહો અન્હોની પાસે ગયા અને તેમની દર્સગાહમાં વિદ્યાર્થી તરીકે દાખલ થવા માટે પરવાનગી માગી. હઝરત અતા રદિયલ્લાહો અન્હોએ તેમનું નામ અને અકીદો પૂછ્યો. ઈમામ સાહેબે યોગ્ય ઉત્તર આપ્યા અને ઉસ્તાદે પોતાના શિષ્ય મંડળમાં આપને સ્થાન આપ્યું. ટૂંક સમયના ગાળામાં આપે પોતાની ઈલ્મી શક્તિની

શાન બતાવી દીધી. હઝરત અતા રદિયલ્લાહો અન્હો ઉપરાંત બીજા ઘણા બુઝુર્ગો પાસેથી આપે ઈલ્મે હદીસ પ્રાપ્ત કર્યું છે જેમાં હઝરત અકરમહ રદિયલ્લાહો અન્હોનું નામ પણ મોખરાનું સ્થાન ધરાવે છે.

હઝરત અકરમહ રદિયલ્લાહો અન્હો એ મહાન સહાબી જેવા કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહો અન્હો, હઝરત અલી કર્રમલ્લાહો વજહહુ, હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહો અન્હો, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર રદિયલ્લાહો અન્હો, હઝરત જાબિર રદિયલ્લાહો અન્હો અને હઝરત અબૂ કતાદહ રદિયલ્લાહો અન્હોની પાસેથી હદીસો સાંભળી હતી.

**મદીનએ મુનવ્વરા તરફ પ્રયાણ**

મક્કાએ મોઅઝ્ઝમાથી ઈલ્મો ઈર્ફાનની મોટી દોલત કમાઈને ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોએ મદીના મુનવ્વરા તરફ પ્રયાણ કર્યું. હુઝૂર પુરનૂર સરકારે દોઆલમ રહમતુલ લિલ આલમીન શફીઉલ મુઝનબીન હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમના રોઝા મુબારક પર હાજર થયા. ત્યાર બાદ મદીનાશરીફના ઉલ્માઓની મુલાકાતે ગયા. સૌપ્રથમ ખાનદાને એહલે બૈતના ચમકતા તારા સમા પાંચમા ઈમામ હઝરત ઈમામ મોહમ્મદબાકિર રદિયલ્લાહો અન્હોથી મળ્યા. ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોએ હઝરત ઈમામ મોહમ્મદબાકિર રદિયલ્લાહો અન્હોની ખિદમતમાં રહી આપની પાસેથી ફૈઝ મેળવ્યો અને આપની વફાત બાદ તેમના સાહેબઝાદા અને છઠ્ઠા ઈમામ હઝરત જાફરસાદિક રદિયલ્લાહો અન્હોની સેવામાં પણ આપણા ઈમામ સાહેબ હાજર રહી તેઓથી પણ ઘણા ફૈઝયાબ થયા. ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોને હઝરત ઈમામ જાફરસાદિક રદિયલ્લાહો અન્હોથી ઘણી જ અકીદતમંદી હતી. આપ તેમના વાઅઝમાં અચૂક હાજર રહેતા અને ઈમામે આઝમ



અબૂ હનીફા રદિયલ્લાહો અન્હો ફરમાવતા કે 'ઈલ્મે હદીસ, ફિકહ, બલ્કે તમામ ઈલ્મ એહલે બૈત એટલે સાદાતે કિરામના ઘરોમાંથી નિકળ્યા છે.'

આપણા ઈમામ સાહેબ જ્યારે જ્યારે હરમૈનશરીફ તશરીફ લઈ જતા ત્યારે ત્યારે આપ મહીનાઓ સુધી ત્યાં રોકાણ કરતા હતા, અને તે સમયના એહલે બૈત, ઉલ્માએ કિરામ અને અઈમ્માએ કિરામની મહેફિલોમાં હાજરી આપી તેઓથી જાહેરી અને બાતિની ફૈઝ હાંસિલ કરતા હતા. જોકે હવે ઈમામ સાહેબને ઈલ્મ પ્રાપ્તિની જરૂરત ન્હોતી જણાતી તેમ છતાંય આપ પોતાની જાતને હંમેશા તાલિબે ઈલ્મ સમજતા હતા.

ઈમામ સાહેબે કૂફામાં પોતાની જુદી કોઈ દર્સગાહ બનાવી ન હતી, પરંતુ પોતાના ઉસ્તાદ હઝરત હમ્માદ રદિયલ્લાહો અન્હોની દર્સગાહમાં જ આપ તાલીમી કાર્ય કરતા રહ્યા.

**ઇબાદત અને પરહેઝગારી**

આપણા ઈમામ હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હો બહુ જ મોટા આબિદ, પરહેઝગાર અને અલ્લાહના મહાન વલીઓમાંથી આપ પણ એક વલીઅલ્લાહ હતા.

**તાસીરે કુર્આન**

આપણા ઈમામ સાહેબ ઘણી વખત નમાઝમાં કે નમાઝ સિવાય જ્યારે કુર્આને પાકની તિલાવત કરતાં ત્યારે આપ એવા લાગણીશીલ થઈ જતાં કે તિલાવત કરતાં કરતાં ધ્રુસકે ધ્રુસકે રડી પડતા હતા. એક વખત આપ નમાઝમાં મુક્તદી હતા. ઈમામે નમાઝમાં 'સૂરએ ઈઝાઝુલ ઝિલતિલ અર્દો'ની કિરઅત શરૂ કરી. આ સૂરતમાં કયામતનું બયાન હોવાથી આપના પર એવી અસર થઈ કે આપ નમાઝમાં રડી પડ્યા

અને નમાઝ પછી પણ આપની હાલત એ જ પ્રમાણે રહી. આવી પુરઅસર ઈબાદત આપણા ઈમામ સાહેબની હતી.

### ૬૧ વખત કુર્આને પાકનો ખતમ

દર રમઝાનુલ મુબારકમાં ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો કુર્આને પાકનો ખતમ ૬૧ વખત કરતા હતા. એ એવી રીતે કે દરરોજ દિવસે એક ખતમ કરતા અને રાત્રે એક ખતમ કરતા. એટલે ૩૦ દિવસમાં ૬૦ વખત થતું અને આખા મહીના દરમ્યાન તરાવીહની નમાઝમાં એક ખતમ કરતા એટલે કુલ ૬૧ વખત કુર્આનેશરીફનો ખતમ રમઝાનશરીફમાં થતો હતો.

### ઇમામ સાહેબનું રાત્રિ જાગરણ

આપણા ઈમામ સાહેબ રાતભર ઈબાદતે ઈલાહીમાં મશગૂલ રહેતા હતા. દરરોજ રાત્રે ૩૦૦ રકાત નફિલ નમાઝ પઢતા હતા. ઈશાની નમાઝના વુઝૂથી ફજરની નમાઝ અદા કરતા હતા. એવી રીતે કે ઈશાની નમાઝના વુઝૂ પછી ઈબાદતમાં ફજરની નમાઝ સુધી પ્રવૃત્ત રહેતા એટલે ફજરની નમાઝ માટે બીજા વુઝૂની જરૂરત રહેતી ન્હોતી.

એક વખત આપે કોઈ બે માણસોને એવી વાતચીત કરતાં સાંભળ્યા કે ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો તો રાતભરમાં ૫૦૦ રકાત નફિલ અદા કરે છે, તો આપે તે દિવસથી ૫૦૦ રકાત નફિલ પઢવાની શરૂઆત કરી દીધી.

### પરહેઝગારીનો કમાલ

ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો એક વખત એક મોહલ્લામાં મૈયત થઈ જવાથી તેની જનાઝાની નમાઝ માટે મૈયતવાળા ઘરે ગયા. ત્યાં ઘણા બધા માણસો હાજર હતા. તમામ બહાર ઊભા હતા. સખત ઉનાળાનો દિવસ હતો. ક્યાંય ઊભા રહે એવો છાંયડો હતો નહીં.



માત્ર એક ઘરની દિવાલનો છાંયડો હતો. લોકોએ ઈમામ સાહેબને વિનંતી કરી કે હઝરત આપ આ દિવાલના છાંયડામાં આવી જાવ, ગરમી પુષ્કળ છે. આપે જવાબ આપ્યો કે મને આ દિવાલના છાંયડામાં ઊભા રહેવાનો હક નથી કારણકે આ દિવાલવાળો મકાન માલિક મારી પાસેથી થોડાક નાણા ઉધાર લઈ ગયો છે. આપણા પ્યારા નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન છે કે જેને તમે કાંઈ કરજ (ઉધાર) આપો તો તેની કોઈપણ વસ્તુનો ઉપયોગ પોતાની જાત માટે ન કરો, રખેને તેની ગણતરી સૂદમાં થાય તો ?

અય હન્ફીઓ ! આપણા ઈમામ સાહેબની પરહેઝગારીની હદ ક્યાં સુધીની છે તે તો જરા જુઓ અને આજે આપણે ક્યાં છીએ એનો વિચાર કરો !!

### નખભર માટી

ઈમામ સાહેબ એક વખત બજારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નખભર માટી (થોડીક જ) આપના કપડાંને ઉડીને લાગી ગઈ. આપ તે જ સમયે દજલા નદીના કિનારે ગયા અને તે નખભર માટી (કાદવ)ને ઘસી ઘસીને ધોવા લાગ્યા. ત્યારે જોનારાઓમાંથી કોઈએ કહ્યું કે 'હઝરત આટલી નાની સરખી નાપાકીને તો આપે આટલી બધી નાપાક તમારા ફત્વામાં બતાવી નથી કે જેટલી આપ તેને નાપાક સમજીને ઘસી ઘસીને ધોઈ રહ્યા છો ?' ત્યારે પેલા માણસને ઈમામ સાહેબે જવાબ આપ્યો કે તમે કહો છો તે બરાબર છે પરંતુ ***'એ ફત્વો છે અને આ તકવો છે.'*** આ છે ઈમામ સાહેબના તકવાનો કમાલ.

### દયાનો દરિયો

હઝરત શફીક ફરમાવે છે કે હું એક વખત હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોની સાથે જઈ રહ્યો હતો. રસ્તામાં એક માણસ

આપને જોઈને સંતાઈ ગયો અને બીજા રસ્તે ચાલતો થયો. જ્યારે ઈમામ સાહેબને ખબર પડી તો આપે તેને બોલાવ્યો અને પૂછ્યું કે કેમ તું સંતાતો ફરે છે અને અમને જોઈને રસ્તો બદલી લે છે ? પેલા માણસે જવાબ આપ્યો કે, હું આપનો કરજદાર છું. મેં આપની પાસેથી દસ હજાર દિરહમ ઉધાર લીધા છે. જેને ઘણો સમય વિતી ગયો છે અને હું આપને આપી શક્યો નથી. મારી હાલત ઘણી જ નાજુક છે. હું અત્યંત ગરીબીની હાલતમાં જીવન ગુજારી રહ્યો છું. હું આપથી શરમાઈ રહ્યો છું કે આપના લીધેલ નાણા હજુ સુધી પરત કરી શક્યો નથી.

આ માણસની આવી મજબૂરીભરી વાત સાંભળીને ઈમામ સાહેબે કહ્યું કે, મારા કારણે તારી આ હાલત થઈ છે. જા, મેં મારા નાણા તને બક્ષી દીધા. હવે તું મારો દેવાદાર નથી. તારે જરા પણ ચિંતા કરવાની નહીં. મેં તને બક્ષિશ આપી દીધી છે અને જે ખોફ (બીક) તને મારા કારણે પેદા થયો છે, તો તું હવે મને માફ કરી દે.

સુબ્હાનલ્લાહ ! આનું નામ દરિયાદિલી. આપણા ઈમામ સાહેબનું દિલ દયાના દરિયા જેવું હતું. આપે હજારો દિરહમના કરજદારને બક્ષિશ આપી દીધી છે.

## ઇમામ સાહેબની ઉદારતા

વેપાર અને કમાણીની પાછળ આપણા ઈમામ સાહેબનો મુખ્ય હેતુ જરૂરતમંદોની જરૂરત પૂરી કરવાનો હતો. આપ પોતાના સમયના આલિમો અને મોહદ્દિસોની પૂરેપૂરી ઈમદાદ કરતા હતા. જરૂરતવાળા વિદ્યાર્થીઓને પણ આપ પોતાની દોલતમાંથી તેમની જરૂરત પૂરી પાડતા હતા. આપે પોતાની આવકમાંથી અમુક હિસ્સો દીની બુઝુર્ગો અને ઉલ્માઓ માટે નક્કી કરી રાખ્યો હતો. આપ તેઓનો હિસ્સો (ભાગ) હિસાબ પ્રમાણે બરાબર તેમને પહોંચાડતા હતા. આવા અનહદ ઉદારદિલ આપણા ઈમામ સાહેબ હતા.



## શર્મો હયા

એક વખત આપ ન્હાવા માટે ગયા. ગુસલખાના પર આપે એક નગ્ન માણસને ન્હાતો જોયો. જ્યારે તે નગ્નને જોયો કે તરત જ આપે પોતાની આંખો બંધ કરી લીધી. પેલા નગ્ન માણસે આપની મજાક કરતાં કહ્યું કે તમારી આંખો ક્યારથી ચાલી ગઈ ? આપે તરત જ જવાબ આપ્યો કે, જ્યારથી તારી પાસેથી શર્મો-હયા (લજ્જા) ચાલી ગઈ ત્યારથી.

## ન્યાય અને ઈમાનદારી

એક વખત એક સ્ત્રી કિંમતી કાપડનો તાકો લઈને આવી. ઈમામ સાહેબને કહેવા લાગી હઝરત મને આનું વેચાણ કરાવી આપો. આપે તે બાઈને પૂછ્યું શી કિંમતમાં આ તાકો તમારે આપવો છે ? બાઈએ કહ્યું, તેના ૧૦૦ દિરહમ લેવા છે. ઈમામ સાહેબે કહ્યું, આ તો કાપડ ઊંચી જાતનું છે, હજુ કિંમત ઓછી છે. તેની વ્યાજબી (યોગ્ય) કિંમત બતાવો. તો પેલી બાઈએ કહ્યું કે ત્યારે ૨૦૦ દિરહમ આપો. ત્યારે ઈમામ સાહેબે તાકો વેચવા આવનાર બાઈને કહ્યું કે તમારૂં આ કાપડ ઘણું જ કિંમતી છે. તેના ૫૦૦ દિરહમ તો ઉપજે જ. એટલે લો આ તમારા ૫૦૦ દિરહમ અને આપે તે ખરીદી લીધો.

કેટલા બધા ઈન્સાફ (ન્યાય) પસંદ આપણા ઈમામ સાહેબ હતા અને તેથી તો આપના કારોબારમાં દિન-પ્રતિદિન પ્રગતિ વધતી ગઈ અને આપ એક મહાન ઉદ્યોગપતિ બની ગયા.

## ઇમામ સાહેબની ફિરાસત

કેટલાક છોકરા દડાથી રમી રહ્યા હતા. રમતાં-રમતાં દડો હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોની મહેફિલમાં આવીને પડ્યો પણ કોઈ છોકરાની હિંમત ચાલી નહીં કે ઈમામ સાહેબની પાસે જઈને દડો લઈ આવે. બધા જ ડરતા હતા કે આટલા મોટા માણસોની મહેફિલમાં

જઈને દડો લઈ આવવો એ તો બેઅદબી ગણાય એટલે કોઈપણ આગળ આવવા તૈયાર થયું નહીં.

પરંતુ એક છોકરો ઊભો થયો અને બેઅદબીથી મજમામાં જઈને દડો લઈ આવ્યો ત્યારે ઈમામ સાહેબે ફરમાવ્યું કે આ છોકરો હલાલી નથી અને સાચે જ જ્યારે લોકોએ પૂછપરછ કરી તો જાણવામાં આવ્યું કે તે છોકરો હલાલની ઓલાદ ન્હોતો. ઈમામ સાહેબે કહ્યું કે જો તે હલાલનો હોત તો આવી બેઅદબી અને બેશરમીથી આપણી વચ્ચેથી દડો લઈ ન જાત, હલાલની ઓલાદમાં શર્મો-હયા હોય છે અને હરામમાં હોતી નથી.

આ વાકેઆ પરથી આપણા ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોની નઝર (ફિરાસત) કેટલી રિફઅત ધરાવે છે તે જાણવા મળે છે.

## ગુમ થયેલો ખજાનો

એક માણસે પોતાનો માલ (ખજાનો) ક્યાં દાટ્યો છે એવું પોતે દાટીને ભૂલી ગયો હતો. તેને યાદ આવતું ન્હોતું. આ માણસ હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોની ખિદમતમાં હાજર થઈ, અરજ કરવા લાગ્યો કે હઝરત હું મારી દૌલત જમીનમાં દાટીને ભૂલી ગયો છું કે કઈ જગ્યાએ દાટી છે તે યાદ આવતું નથી. તો મને યાદ આવે તેવો કોઈ ઉપાય બતાવો. આપે તે વ્યક્તિને કહ્યું કે જા આજે રાતભર નમાઝ પઢ્યા કર, તને તારો ખજાનો યાદ આવી જશે. આ માણસે ઘરે આવી રાત્રે નમાઝ પઢવાની શરૂઆત કરી દીધી. થોડીક રકાતો પઢીને તેનો ખજાનો ક્યાં છે તેવું તેને યાદ આવી ગયું. આ માણસ તો ઘણો ખુશ-ખુશ થઈ ગયો અને સવારે હઝરતની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે આપે આ ઉપાય કેવી રીતે બતાવ્યો ?

ઈમામ સાહેબે કહ્યું કે મને ખાત્રી હતી કે શૈતાન તને આખી રાત નમાઝ નહીં પઢવા દે અને તને નમાઝથી ગાફેલ કરવા તારો ખજાનો



યાદ દેવડાવશે એટલે મેં તને આ ઉપાય બતાવ્યો પણ અફસોસ ! કે તું રાતભર નમાઝ ન પઢ્યો, જો ખુદાનો શુક્ર અદા કરતો રહ્યો હોત તો ઘણું સારૂં થાત.

આ કિસ્સામાં આપણા ઈમામ સાહેબના અગાધ ઈલ્મ અને ઊંડી સમજ કેટલી તીવ્ર છે તે જોવા મળે છે.

## મરઘીનું ઈંડું

એક માણસે સોગંધ લીધી કે હું મરઘીનું ઈંડું નહીં ખાઉં પરંતુ મારા મિત્રના હાથની બાંય (આસ્તીન)માંથી જે નિકળશે તે જરૂર ખાઈશ. જોગાનુજોગ મિત્રની બાંયમાંથી મરઘીનું ઈંડું નિકળ્યું, હવે શું કરવું ? આ ભાઈ તો ફસાયા. જો ઈંડું ખાય તો કસમનો ભંગ થાય અને ન ખાય તો શરત તો હતી કે દોસ્તની આસ્તીનમાંથી જે નિકળે તે ખાવું. તો આ શરત પણ તૂટે એટલે આ ભાઈ મુંઝવણમાં પડી ગયો અને તેના ઉકેલ માટે છેવટે હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો પાસે આવે છે. પોતાની મુંઝવણ રજૂ કરે છે.

આપણા ઈમામ સાહેબ ફરમાવે છે, જા તું આ ઈંડાને મરઘીના નીચે મુકી આવ અને જ્યારે તેમાંથી બચ્ચું પેદા થાય ત્યારે તે બચ્ચાને હલાલ કરી ખાઈ લેજે એટલે તારી કસમનો ભંગ પણ નહીં થાય અને શરત પણ નહીં તૂટે. આ માણસ તો હઝરતના બતાવેલા માર્ગથી રાજી રાજી થઈ ગયો અને ખુશ ખુશ થઈને ઘેર ગયો. આ છે આપણા ઈમામ સાહેબના ઈલ્મનો કમાલ.

## દુલ્હનોની ફેર-બદલી

એક માણસે પોતાના બે દિકરાઓના લગ્ન બીજા માણસની બે દિકરીઓ સાથે કર્યા અને બીજા દિવસે દાવતે વલીમામાં શહેરના તમામ ઉલ્માઓ અને દીની બુઝુર્ગો તેમજ હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોને પણ જમવાનું આમંત્રણ આપ્યું. નક્કી સમયે

દરેક આમંત્રિત મહેમાનો જમવા હાજર થઈ ગયા પરંતુ આ વખતે પેલા બંને દિકરાઓનો બાપ એક બહુ મોટી મુંઝવણમાં ફસાયો હતો. એ બિચારો પરેશાન હાલ હતો. તેની મુશ્કેલી એવી હતી કે કહેવાય નહીં અને સહેવાય પણ નહીં.

વાત એવી બની ગઈ કે શાદીની પહેલી રાત્રે જ્યારે દૂલ્હા દુલ્હનને મળવા જાય છે તે રાત્રે બંને ભાઈઓની દુલ્હનોમાં ફેર-બદલી થઈ ગઈ હતી. નાનાની દુલ્હન મોટાના રૂમમાં આવી ગઈ અને મોટાની દુલ્હન નાનાના રૂમમાં આવી ગઈ. એક મોટી ભૂલ થઈ ગઈ. હવે થાય શું ? દિકરાના બાપની ચિંતાની કોઈ હદ રહી નહીં. તેણે હાજર રહેલા તમામ ઉલ્માઓની સમક્ષ આ વિકટ મસ્અલાને હલ કરવા વિનંતી કરી. પણ કોઈ યોગ્ય ઉત્તર આપી શક્યા નહીં.

છેવટે તે આપણા ઈમામ હઝરત અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોની પાસે આવ્યા અને પોતાની મુશ્કેલી રજૂ કરી. આપે તેને ખાત્રી આપી કે જાવ તમારો પ્રશ્ન ઉકલી જશે. ચિંતા ન કરો અને કહ્યું કે તમારા બંને દિકરાઓને મારી પાસે મોકલો. બંને દૂલ્હાઓ હઝરતની ખિદમતમાં હાજર થયા.

ઈમામ સાહેબે બંને ભાઈઓને પૂછ્યું કે તમારી પાસે રાત્રે જે દુલ્હન આવી તે તમને પસંદ છે ? બંને ભાઈઓએ કહ્યું, હા પસંદ છે. ત્યારે ઈમામ સાહેબે કહ્યું કે તમે બંને તમારી બીવીઓ જેના સાથે શાદી થઈ તેને તમો બંને તલાક આપી દો અને પછી તમારી પાસે રાત્રે જે દુલ્હન આવી છે તેની સાથે નિકાહ કરી લો. પેલા બંને ભાઈઓએ એ પ્રમાણે કર્યું. પોતાની ઓરતને એકબીજાએ તલાક આપી દીધી અને જે ઓરત તેના કમરામાં આવી હતી તેઓની સાથે નિકાહ (શાદી) કરી લીધા. અહીં તેઓ બંને ઉપર ઈદ્દત વાજિબ ન્હોતી કારણકે તેઓએ સોહબત ન્હોતી કરી એટલે તેમનો ત્યાં જ નિકાહ પણ થઈ ગયો.



ઉપરોક્ત મસ્અલાને હલ કરવા અચ્છા અચ્છા આલિમો પીછેહઠ કરી ગયા હતા એવા મુશ્કેલભર્યા પેચીદા સવાલને આપણા ઈમામ સાહેબે પળવારમાં હલ કરી દીધો છે. શું આપના અગાધ ઈલ્મનો આ કમાલ ન કહેવાય ?

## ચોર શોધવાની રીત

એક વ્યક્તિના ઘરમાં રાત્રે ચોર ઘુસી ગયા. મકાન માલિક જાગી ગયો અને ચોરને જોઈ ગયો. ચોર ગભરાયા કે હવે આપણે પકડાઈ જઈશું. આ મકાન માલિક બુમરાણ કરશે અને તમામ લોકો જાગી ઉઠશે એટલે ચોરોએ એક યોજના ઘડી કાઢી કે મકાન માલિકને પકડીને તેને એક એવા સોગંધ ખવડાવીએ કે તે આપણને ચોર તરીકે જાહેર કરે નહીં.

ચોરોએ મકાન માલિકને પકડ્યો અને ધમકી આપી કે ખબરદાર ! જો અવાજ કર્યો છે તો નહીંતર જાનથી મારી નાખીશું અને સવાર પડે તો તારે કોઈને પણ અમારી જાણ નહીં કરવાની અને પોલિસમાં ખબર પણ નહીં આપવાની અને અમે ચોર છીએ એવું તારે કોઈને કહેવાનું પણ નહીં. માટે તું જો તારી સલામતી ચાહતો હોય તો અમારી રૂબરૂ એવા સોગંદ ખા કે, 'જો હું તમને ચોર છો એવું જાહેર કરૂં તો મારી પત્નીને ત્રણ તલાક.'

મજબૂર મકાન માલિકે જાનની સલામતી ખાતર આ પ્રમાણે કસમ લઈ લીધી. હવે શું થાય ? સવાર પડી પણ બિચારો આ લાચાર હતો. કાઝીની ઓફિસમાં કેસ દાખલ ન કરી શકે કારણકે પોલિસની સમક્ષ કહેવું પડે કે ફલાણાએ મારે ત્યાં ચોરી કરી છે. એટલે આની હાલત ઘણી જ કફોડી હતી.

બિચારો આ નિરાશ મકાન માલિક પોતાની આ મુશ્કેલી હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોને કહેવા લાગ્યો અને

હવે શું કરવું તેના માટે આપની સલાહ લેવા લાગ્યો.

હઝરતે ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો પાસેથી આજ સુધી કોઈ નિરાશ થઈને પાછું ફર્યું નથી. આપે દરેકની મુશ્કેલી દૂર કરવામાં મદદ કરી જ છે. આપે ફરમાવ્યું કે આ શહેરમાં જેટલા ચોર, ગુંડા અને ગુનેગાર માણસો છે તેઓને એક મોટા મકાનમાં ભેગા કરવામાં આવે અને ત્યાર બાદ એક દરવાજાથી એક-એકને વારાફરતી રજા આપવામાં આવે. જ્યારે આ ચોર દરવાજામાંથી બહાર નિકળે ત્યારે તમારે દરવાજા પાસે ઊભા રહેવું અને જે ચોર તમારે ત્યાં ન આવ્યો હોય તો તમારે કહેવું કે આ મારો ચોર નથી. પણ જ્યારે તમારો ચોર આવે તો તમારે કાંઈપણ બોલવું નહીં, ખામોશ રહેવું. એટલે એ વખતે સમજી લેવામાં આવશે કે આ તમારો ચોર છે અને એ રીતે તમારા ચોર પકડી લેવામાં આવશે. આ યોજનાથી પેલો મકાન માલિક ખૂબ ખુશ થયો અને એક દિવસ એમ કરવામાં આવ્યું. જે ચોર તેમના ન હતા તેમને તે કહેતો કે આ મારા ચોર નથી. પણ જે તેના ચોર હતા ત્યારે તે ચુપ (ખામોશ) રહેતો. એટલે પોલિસ તરત જ તેને પકડી પાડતી હતી. આથી તેની કસમનો ભંગ પણ ન થયો અને ચોર પકડાઈ ગયા. ફખ્ર છે અમોને આવા મહાન ઈલ્મનો ખજાનો ધરાવનાર ઈમામ સાહેબની તકલીદ કરવામાં.

## મોરનો ચોર

હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોના એક પાડોશીના મોરની ચોરી થઈ. તે હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો પાસે આવીને ચોરીની વાત કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે હઝરત ચોર હાથ આવતો નથી. આ વાત સાંભળ્યા પછી ઈમામ સાહેબે મસ્જિદમાં નમાઝ પછી દરેક મુસલ્લીને બેસાડીને તકરીર કરી. વાઇઝમાં આપે કહ્યું કે એવા પણ લોકો અહીં હાજર છે જેઓના માથા પર પોતાના



પાડોશીના ચોરેલા મોરના પીંછા દેખાઈ આવે છે. જ્યારે ચોરે આ વાત સાંભળી કે તરત જ તેણે પોતાનો હાથ માથા ઉપર ફેરવ્યો અને જેમ તેણે આ રીતે કર્યું કે તરત જ તેને પકડી પાડ્યો અને કહ્યું કે તેં જ મોરને ચોર્યો છે. પેલાએ ચોરીની કબૂલાત કરી અને ઘરે જઈને મોર પાછો લઈ આવ્યો અને તેના અસલ માલિકને સોંપી દીધો. આપણા ઈમામ સાહેબની સૂઝ અને સમજ ખરેખર બેમિસાલ છે. આવા અનેક કિસ્સા તેના પુરાવા બને છે.

## એકાંતમાં ઇમામ સાહેબ

હઝરત ફુઝૈલ રહમતુલ્લાહે અલયહે હઝરત ઈબ્રાહીમ અદહમ રહમતુલ્લાહે અલયહે, હઝરત બશર હાફી રહમતુલ્લાહે અલયહે અને હઝરત દાઊદ તાઈ રહમતુલ્લાહે અલયહે જેવા મહાન ઔલિયાઅલ્લાહ, હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોના વિદ્યાર્થીમંડળના ચમકતા સિતારાઓ ગણાય છે.

હઝરત દાઊદ તાઈ રહમતુલ્લાહે અલયહે ફરમાવે છે કે હું મારા ઉસ્તાદની ખિદમતમાં ૨૦ વર્ષ રહ્યો છું. આ વીસ વર્સ દરમ્યાન મેં કોઈપણ વખતે એકાંતમાં પણ હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોને ઉઘાડા માથે જોયા નથી અને એકાંતમાં પણ લાંબા પગ કરીને સૂતેલા જોયા નથી. મેં મારા ઉસ્તાદને કહ્યું કે હઝરત એકાંતમાં તો પગ લાંબા કરી આરામ કરો તો આપે જવાબ આપ્યો કે એકાંતમાં પણ ખુદાની સામે બાઅદબ રહેવું જોઈએ.

## સફરજનનું રહસ્ય

એક વખત હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હો પોતાના સાથીદારો સાથે મસ્જિદમાં બેઠેલા હતા. એવામાં એક સ્ત્રી આવી અને હઝરતની સામે ચુપચાપ એક સફરજન મુકી દીધું. આ સફરજનનો અડધો રંગ લાલ અને અડધો પીળો હતો. હઝરતે આ સફરજનને છરી

વડે કાપીને બે ટુકડા કરી નાખ્યા. પેલી બાઈ (સ્ત્રી) બંને ટુકડા લઈને ચાલી ગઈ, અને કાંઈપણ બોલી નહીં.

આ બનાવથી સાથીદારોને ઘણું આશ્ચર્ય થું. આ શું કહેવાય ? આ બનાવમાં ચોક્કસ કોઈ ભેદ છુપાયેલો છે. સાથીદારોએ હઝરત ઈમામ સાહેબને પૂછ્યું કે આ શું થયું ? અમારી સમજમાં કોઈ વાત આવતી નથી.

ત્યારે ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોએ જવાબ આપ્યો કે આવનાર સ્ત્રીએ મને એક મસ્અલો પૂછ્યો અને મેં તેને જવાબ આપ્યો છે. સાથીદારોએ ફરમાવ્યું કે એ મસ્અલો શા બાબતનો હતો ? તો આપે જવાબ આપ્યો કે જે સફરજન મારી સામે મૂક્યું તે બે રંગનું હતું. થોડુંક લાલ અને થોડુંક પીળું હતું. એટલે આ સ્ત્રીને લાલ અને પીળું એમ બે રંગનું હૈઝ આવે છે. એટલે તેણે મને સવાલ કર્યો કે આ હૈઝ ગણાય કે નહીં ? ત્યારે મેં સફરજનને કાપીને તેમાંથી સફેદ ભાગ બતાવ્યો અને તેના પ્રશ્નનો જવાબ આપી દીધો કે જ્યાં સુધી ખૂનનો રંગ આવો સફેદ ન થાય ત્યાં સુધી તે હૈઝ ગણાશે.

આ કિસ્સામાં છુપાયેલા ભેદી મસ્અલાનો કેવા સંકેતપૂર્વક જવાબ અપાયો છે. તમામ સાથીદારો પણ તાજ્જુબ કરવા લાગ્યા.

## હન્ફી ફિકહની શરૂઆત

ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હો પોતાના ઉસ્તાદની હયાતીમાં જ મહાન ફિકહ બની ગયા હતા. કુર્આન અને હદીસ પરથી મસાઈલ બતાવવામાં પ્રવીણતા પણ મેળવી લીધી. પરંતુ જ્યાં સુધી આપના ઉસ્તાદ હયાત રહ્યા ત્યાં સુધી આપે પોતાના ઉસ્તાદના અદબને લઈને પોતાના મસાઈલને જાહેર કર્યા નહીં અને પોતાની જુદી દર્સગાહ પણ બનાવી નહીં.

ઉસ્તાદના અવસાન પછી કૂફાવાળાઓએ આપને ઉસ્તાદની ગાદી



સોંપી અને દર્સો તદરીસનો સિલસિલો જોર-શોરથી ચાલવા લાગ્યો. આ વખતે આપને એમ થયું કે મુસલમાનોના રોજિંદા જીવન વ્યવહારના મસ્અલાઓ કુર્આને પાક અને હદીસશરીફથી શોધીને એકઠા કરવા જોઈએ જેથી કરીને મુસલમાનોને જે મસ્અલાઓ શોધવામાં તકલીફ પડે છે તે ન પડે.

આ કાર્ય સહેલું ન્હોતું. આ માટે તો ઘણા ઈલ્મવાળા સમજદાર આદમીની જરૂરત હતી. આ કાર્ય જેટલું જરૂરી હતું એટલું જ અઘરૂં પણ હતું. પરંતુ અલ્લાહ તઆલાએ આ કાર્યને અંજામ આપી શકે તેવી કોઈ શક્તિશાળી વ્યક્તિ તરીકે દુનિયામાં જો કોઈને મોકલ્યા હોય તો તે ફક્ત હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોની જ જાત હતી. અલ્લાહ તઆલાએ આપમાં એ તમામ ગુણોનો ખજાનો ભર્યો હતો જેની અહીંયા જરૂરત હતી. આ મહાન કાર્ય કે જેને દેશ અને કોમને ઘણી જ જરૂરત હતી એ અતિ મુશ્કેલ કાર્યને પાર પાડવા માટે એક ખાસ સમય કાઢીને જ આ કાર્યને હાથ ધરાય તો જ કામયાબી મળે તેમ હતી.

આપણા ઈમામ સાહેબના શીરે જવાબદારીઓનો કોઈ પાર ન્હોતો. એક બાજુ કાપડના વેપારના ધંધાની તરફ પણ ધ્યાન આપવાનું, બીજી બાજુ તાલીમી દૌર પણ ચાલુ. ઘરની પણ સંપૂર્ણ જવાબદારી આપના એકલા હાથે. આ કાર્યને પાર પાડવું મુશ્કેલ તો હતું જ પણ આપણા ઈમામ સાહેબ એમ કાંઈ હિંમત હારે એવા તો હતા જ નહીં. કૌમ અને દીનની જેટલી મોહબ્બત હતી એટલી આપને ધંધા સાથે ન્હોતી. આપે નિર્ણય કરી લીધો કે આ કાર્યને અંજામ આપવું જ છે.

ફક્ત એક પોતાની જાણકારીના આધારે જ નહીં પરંતુ આપે આ માટે પોતાના કેટલાક ખાસ શાગિર્દો (શિષ્યો)ની પણ મદદ લેવાનું નક્કી કર્યું. જેમાં હઝરત કાઝી અબૂ યૂસુફ, હઝરત દાઊદ તાઈ, હઝરત

ઈમામ મોહમ્મદ અને હઝરત ઈમામ જાફર રિદવાનુલ્લાહે અલયહિમ અજમઈનના નામ ખાસ બોલાવાય છે. હિ.સ. ૧૨૧માં આપે આ બુઝુર્ગોની એક મજલિસ (કમિટી) બનાવી અને આપની સદારતમાં આ કમિટી હન્ફી ફિકહના મસ્અલા જગત સમક્ષ મૂકવામાં કામયાબ રહી.

## હન્ફી ફિકહનો રિવાજ

ઈમામ સાહેબની દેખરેખ નીચે ફિકહે હન્ફિયાનો સંગ્રહ તૈયાર થઈ ગયો અને ફક્ત મક્કાએ મોઅઝઝમા અને મદીનએ મુનવ્વરા સિવાય દુનિયાના તમામ ખૂણે ખૂણામાં તેનો બહોળો પ્રચાર થયો. મક્કાશરીફ અને મદીનાશરીફમાં હન્ફી ફિકહનું ઓછું ચલણ હોવાનું મુખ્ય કારણ એ હતું કે ત્યાં હઝરત ઈમામ શાફઈ, હઝરત ઈમામ માલિક અને હઝરત ઈમામ અહમદ હમ્બલ રિદવાનુલ્લાહે અલયહિમ અજમઈન જેવી મહાન હસ્તીઓ મોજૂદ હતી, જ્યારે આપણા ઈમામ સાહેબ ઈરાકમાં હતા અને કૂફા આપની કર્મભૂમિ હતી. તેમ છતાં ફિકહે હન્ફિયાને દુનિયાના તમામ મુસ્લિમ મુલ્કોમાં ઘણો વેગ મળ્યો છે. જેમાં ઈરાક, ભારત, પાકિસ્તાન, ચીન, તુર્કી, અફઘાનિસ્તાન અને સિરીયા વગેરેનો સમાવેશ થાય છે.

ઈમામ સાહેબની હયાતીમાં તૈયાર થયેલા આપના ફિકહી સંગ્રહમાં કુલ ૧૨ લાખથી વધુ મસ્અલાઓ હોવાનો અંદાજ છે. જે માનવ જીવનને લગતા તમામ પાસાઓને આવરી લેતા હતા. તેમાં ઘરસંસાર, રાજકારણ, દિવાની, ફોજદારી, ખેતી ઉદ્યોગ, વારસાપણું, વસીયત વગેરે તમામ વિષયોને આવરી લીધા હતા. ખલીફા હારૂન રશીદ જેવી મોટી હુકૂમત પણ હન્ફી ફિકહના આધારે જ ન્યાય આપતી હતી અને આપની તકલીદ કરતી હતી.

ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોને ફક્ત અરબ સિવાય જગતના



તમામ દેશોમાં જે સફળતા હાંસિલ થઈ છે તેવી બીજા કોઈ ઈમામને મળી નથી. તેનું મુખ્ય કારણ એ હતું કે માનવ જીવનમાં આવતા તમામ મસ્અલાઓનો યોગ્ય અને સરળ ઉકેલ હન્ફી ફિકહમાં આપવામાં આવ્યો છે અને વળી તે કુર્આને પાક અને હદીસશરીફના ફરમાન મુજબ છે. તેથી ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોના ફિકહનો બહોળો પ્રચાર થયો અને આ પ્રચાર માટે આપના કેટલાક ખાસ શાગિર્દોએ ઘણી જ મહેનત અને ઝેહમત ઉઠાવી છે. આજ સુધી થઈ ગયેલા દુનિયાના મોટા સત્તાધીશો (બાદશાહો) પણ હન્ફી મસ્લકના હતા.

આજે જગતમાં મુસ્લિમોની કુલ સંખ્યામાં ફક્ત હન્ફી મુસ્લિમોની સંખ્યા ૨૦ (વીસ) કરોડની (લગભગ) મોજૂદ છે.

## ઇમામ સાહેબનો નાશવંત જગતથી ત્યાગ

ખલીફા મન્સૂરે હઝરત ઈમામ સાહેબને કાઝીપદ સંભાળવા માટે કહ્યું. આપે તેનો ઈન્કાર કરી દીધો. ખલીફાના ફરમાનનું ઈન્કાર થતાં ખલીફા મન્સૂરે આપને બગદાદમાં કેદ કરી લીધા અને જેલખાનામાં મોકલી દીધા. ઈમામ સાહેબ જેલખાનામાં ગયા ત્યાર બાદ તો આપની લોકચાહનામાં ઓર વધારો થયો. લોકો આપને પહેલા કરતાં પણ વધુ ઈજ્જતની નજરથી જોવા લાગ્યા અને ખલીફાથી લોકો નારાજ થયા.

કેદખાનામાં ઈમામ સાહેબ થોડાક દિવસ તો ચુપ રહ્યા પરંતુ જે આખો દિવસ દીની તાલીમમાં લાગેલ હોય, દર્સો તદરીસના જે ખાસ ચાહક હોય તેમને આવું એકલું પડી રહેવું શી રીતે ગમે? આપે ખલીફાને પત્ર દ્વારા કેદખાનામાં તાલીમી સિલસિલો ચાલુ રાખવા માટે રજા માંગી કે મને કેદખાનામાં મારા શાગિર્દોને તાલીમ આપી શકું તેવો બંદોબસ્ત કરવામાં આવે. ખલીફાએ આપની માંગણી મંજૂર કરી અને આપણા ઈમામ સાહેબે જેલમાં પણ મદ્રસો ચાલુ કરી દીધો. હિ.સ.

૧૪૧થી હિ.સ. ૧૫૦ સુધી આપ જેલમાં નજરકેદ રહ્યા અને ત્યાં પણ દીની ખિદમાતને અંજામ આપતા રહ્યા.

ફિકહે હન્ફિયાના સ્તંભ ગણાતા આપના ખાસ શાગિર્દો હઝરત ઈમામ મોહમ્મદ રહમતુલ્લાહે અલયહેએ જેલખાનામાં જ આપની પાસેથી તાલીમ મેળવી હતી.

ખલીફા મન્સૂરને ઈમામ સાહેબ તરફથી એ બીક હતી કે જો હું હવે તેમને છોડી દઈશ તો તેઓ મારા પ્રતિસ્પર્ધી ખલીફાને સહકાર આપશે અને તેની ઉશ્કેરણી કરશે અને લોકો પણ ઈમામ સાહેબની તરફદારી કરશે તો મારૂં શાસન ડોલી ઉઠશે, એટલે ખલીફા હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોને જેલખાનામાં જ ઝેર આપી દે છે.

ઈમામ સાહેબને ઝેરના અસરની તરત જ ખબર પડી જાય છે. આપ પોતાના શાગિર્દોને વસીયત કરે છે કે મને ખિજરાના મકબરામાં દફન કરજો અને પછી આપ મસ્જિદમાં જાય છે અને સજદાની હાલતમાં જ ઈસ્લામી તા. ૧૫મી રજબ હિ.સ. ૧૫૦ના દિવસે લાખોના લાડીલા રૂહાની પેશવા આ નાશવંત જગતથી કાયમી વિદાય લે છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઊન.

ઈમામ સાહેબના ઈન્તેકાલની ખબર વીજળીવેગે ફેલાઈ જાય છે. જ્યાં જ્યાં ખબર પહોંચે છે, ત્યાં ત્યાં ગમ અને સદમાના વાદળો ઘેરાયા હોય તેવું ગંભીર માયૂસ વાતાવરણ ઊભું થાય છે. પોતાના વ્હાલા ઈમામના આખરી દીદાર માટે અને નમાઝે જનાઝામાં શામેલ થવા લોકોના ટોળે ટોળા ઉભરાય છે. બગદાદ શહેરમાં જાણે સોપો પડી ગયો હોય તેવું લાગ્યું. ઝોહર પહેલા આપની નમાઝે જનાઝામાં ૫૦ હજાર આદમીની મેદની હતી. અસરની નમાઝના સમયની આસપાસ લાખોના લાડીલા રૂહાની પેશવાની દબદબાપૂર્વક દફનવિધી થાય છે. દફન થયા પછી આજદિન સુધી દૂર દૂરથી ફાતેહાખ્વાની



માટે લોકોની વણથંભી વણઝાર ચાલુ જ છે.

હિ.સ. ૪૫૯માં સુલ્તાન સલજોકી કે જે હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોથી ઘણી જ અકીદતમંદી રાખતા હતા, તેઓએ આપના મઝારમુબારક પર એક શાનદાર રોઝો બંધાવ્યો છે અને રોઝાની પાસે એક દીની દર્સગાહ (મદ્રસો) પણ બનાવી છે. બહારથી આવનાર મુસાફરોની સગવડ સચવાય તે માટે એક મુસાફરખાનું પણ બંધાવ્યું છે. આજે પણ બગદાદશરીફમાં અન્ય રોઝાઓની સાથે ઈમામ સાહેબના રોઝાને પણ ઘણી જ અકીદતની નજરોથી જોવામાં આવે છે.

## મૈદાને મહેશરમાં

હઝરત નોફેલ બિન હયાન રહમતુલ્લાહે અલયહે ફરમાવે છે કે મેં હઝરત ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોને તેમની વફાત પછી ખ્વાબમાં જોયા તો આપ મૈદાને હશ્રમાં હાજિર છે. લોકોનો હિસાબ થઈ રહ્યો છે. હુઝૂર શફીઉલ મુઝનબીન રસૂલે ખુદા હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હૌઝે કૌસર પર તશરીફ ફરમા છે. આપની જમણી અને ડાબી બંને બાજુએ બે નૂરાની ચહેરાવાળા બુઝુર્ગો ઊભા છે. તેમના ચહેરા ચાંદની જેમ ચમકી રહ્યા છે. તેમનો લિબાસ અને દાઢીઓ સફેદ નૂરાની હતા અને હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નજદીક હઝરત ઈમામ સાહેબ પણ ઊભા છે. મેં હઝરત ઈમામ સાહેબ પાસે પાણી માંગ્યું, તો આપે ફરમાવ્યું કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની રજા વિના હું તમને પાણી આપી શકતો નથી. પછી હુઝૂરે પાણી આપવા માટે ઈમામ સાહેબને રજા આપી. મેં તે પાણી પીધું અને પૂછ્યું કે હુઝૂરની જમણી પડખે અને ડાબી બાજુએ જે બુઝુર્ગો ઊભા છે તે કોણ છે ? તો ઈમામે આઝમ રદિયલ્લાહો અન્હોએ ફરમાવ્યું કે જમણી બાજુએ જે બુઝુર્ગ

ઊભા છે તે અલ્લાહના ખલીલ (દોસ્ત) પૈગમ્બર હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ છે અને ડાબી બાજુએ જે બુઝુર્ગ છે તે અમીરુલ મોઅમેનીન હઝરત અબૂબક્ર સિદ્દીકે અકબર રદિયલ્લાહો અન્હો છે.

આ વાકેઆ ઉપરથી જાણવા મળે છે કે આપણા ઈમામ હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા, નોઅમાન બિન સાબિત રદિયલ્લાહો અન્હોને હુઝૂર પૂરનૂર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી કેટલી નિકટતા હતી. આથી આપનો દરજ્જો કેટલો ઉચ્ચ છે તે સહેજે સમજી શકાય તેવી વાત છે.

## કસી-દએ નૌમાનીયા

હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા નૌમાન બિન સાબિત રદિયલ્લાહો અન્હો જ્યારે મદીનએ મુનવ્વરા પહોંચ્યા ત્યારે આપ ઈશ્કે રસૂલમાં એવા ગળાડૂબ હતા કે વધુ સમય મસ્જિદે નબવીમાં, નફિલ નમાઝો અદા કરવામાં અને રિયાઝુલ જન્નાહમાં વધુ સમય પસાર કરતા, કુર્આને પાકની તિલાવત અને મોટા પ્રમાણમાં દુરૂદશરીફ પઢવામાં અને વારંવાર આકા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં સલાતો સલામ પેશ કરવામાં તમામ સમય આપી દેતા. એક દિવસ હુઝૂરે પાકના રોઝાની સામે જ આપની બારગાહમાં જે અશઆર રજૂ કર્યા છે તે પઢવાથી ઈમાન તાજા થઈ જાય છે. અલ્લાહના પ્યારા નબીએ રહમતની મહાન શાન સમજી શકાય છે. શે'ર તો ઘણા જ છે. અહિયાં થોડાકનો આસ્વાદ લઈએ. આપના આ કલામને 'કસીદએ નૌમાનિયા' તરીકે ખ્યાતિ મળેલ છે. આબિદો અને આશિકો તેનો દરરોજ વિર્દ કરતા હોય છે.

(૧) યા સૈયદસ્સાદાતે જેઅતો-ક કાસેદા અરજુરેદાક વહતમી બેરૂમાક

અર્થ :- યા રસૂલલ્લાહ ! હે સરદારોના સરદાર ! હું આપની પાસે પાકો ઈરાદો કરીને આવ્યો છું કે મને આપની ખુશનૂદી (રઝામંદી) મળશે જ.



(૨) અન્તલ્લઝી લમ્મા તવસ્સલ આદમો મિન ઝલ્લતીન બેકફાઝ વહો-વ અબાક.

અર્થ :- યા રસૂલલ્લાહ ! આપની તો એ ઝાત છે કે જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામથી ભૂલ થઈ ગઈ અને તેમણે આપના વસીલાથી દુઆ માંગી તો તેમની ભૂલ માફ થઈ ગઈ. જો કે હઝરત આદમ અલયહિસ્સલામ તો આપના પૂર્વજ દાદા થાય છે.

(૩) અન્તલ્લઝી લૌલા-ક મા ખોલે-ક મરઊ-ન કલ્લા વલા ખોલેકલ વરા લૌલાક.

અર્થ :- યા રસૂલલ્લાહ ! હું આપના દરબારમાં આશ્રિત છું. અગર આપ ન હોત તો કોઈ મખ્લૂક કે આદમીનું સર્જન થયું જ ન હોત.

(૪) વ બેકલ ખલીલો દઆ ફઆદ-ત નારોહુ બર્દન વકદ ખમદત બે નૂરે બેહાક.

અર્થ :- યા રસૂલલ્લાહ ! જ્યારે આપના વસીલાથી હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહે દુઆ માંગી તો આગ બાગ (બગીચો) બની ગઈ અને એ તો આપના નૂરની જ બરકત હતી.

(૫) દબાબેક ઐયુબોલે દુર્રે મસ્તહુ ફઓઝીલ અન્હો દુર્રાહીન વ અદાક.

અર્થ :- યા રસૂલલ્લાહ ! જ્યારે હઝરત ઐયૂબ અલયહિસ્સલામ બીમારીની તકલીફમાં આવી ગયા તો તેમણે પણ આપના વસીલાથી દુઆ માંગી તો બીમારી દૂર થઈ, તંદુરસ્તી મળી ગઈ.

(૬) વ કઝાલે-ક મૂસા લમયઝીલ મુતવસ્સેલન બે કફીલ કયામતે યહતમીલે હેમાક.

અર્થ :- યા રસૂલલ્લાહ ! હઝરત મૂસા અલયહિસ્સલામ પણ હંમેશા આપનો જ વસીલો પકડતા હતા. અને કયામતમાં પણ એ આપની જ હમદર્દી ચાહશે.

(૭) અના તામેઉન બિલ જૂદે મિન્કા વલમ યકુન લે અબી હનીફન ફીલ અનામે સેવાક.

અર્થ :- યા રસૂલલ્લાહ ! હું આપની અતા એટલે મહેરબાની અને કરમનો ઉમ્મીદવાર છું. તમામ મખ્લૂકમાં અબૂ હનીફાનો તમારા સિવાય કોઈ સહારો નથી.

## યા ઇમામલ મુસ્લેમીન

હઝરત ઈમામે આઝમ અબૂ હનીફા નૌમાન બિન સાબિત રદિયલ્લાહો અન્હો એક વખત હુઝૂર પૂરનૂર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહ (દરબાર)માં હાજર છે. ઈશ્ક અને મોહબ્બતથી ભરપૂર વાલેહાના અંદાઝમાં સલાતો સલામ પઢી રહ્યા છે. આપની જબાનમુબારકથી આ રીતે સલામ પેશ કર્યા અને ફરમાવ્યું કે,

અસ્સલામો અલય-ક યા સૈયદલ મુરસલીન

તો તરત જ હુઝૂરની કબ્રે અનવરમાંથી જવાબ આવ્યો કે

વ અલય-કુમુસ્સલામ યા ઈમામલ મુસ્લેમીન

આપણા ઈમામ સાહેબે સલામમાં હુઝૂરને રસૂલોના ઈમામ (સરદાર, સૈયદ) કહીને સંબોધન કર્યું તો જવાબમાં હુઝૂરે આપને મુસલમાનોના ઈમામ (સરદાર) કહ્યા છે. સુબ્હાનલ્લાહ !

આવી મહાન શાન ધરાવતા આપણા હન્ફીઓના ઈમામને કોઈ દુનિયાદારે નહીં પણ મહબૂબે પરવરદિગારે ઈમામનો મર્તબો અતા કર્યો છે અને મુસલમાનોના ઈમામ સલામના જવાબમાં કહ્યા છે. સુબ્હાનલ્લાહ !

આપણા આકા અને મૌલા મદીનાના તાજદાર, નબીઓના સરદાર, રહમતે પરવરદિગાર, હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ 'હયાતુન્નબી' છે તેની અનેક સાબિતીઓ પૈકીની આ પણ એક સાબિતી છે.

**તૂ ઝિંદા હૈ વલ્લાહ, તૂ ઝિંદા હૈ વલ્લાહ**
**મેરી ચશ્મે આલમસે છુપ જાનેવાલે**



## શાને ઈમામે આઝમ

**આફતાબે ઇલ્મ વ હિકમત ઇમામે આઝમ અબૂ હનીફા**
**રહનુમાએ દીન વ મિલ્લત ઇમામે આઝમ અબૂ હનીફા**

**પેશવાએ એહલે સુન્નત ઇમામે આઝમ અબૂ હનીફા**
**વાકિફે રમ્ઝે શરીઅત ઇમામે આઝમ અબૂ હનીફા**

**હૈં શહન્શાહે ઇમામત ઇમામે આઝમ અબૂ હનીફા**
**નાઇબે શાહે રિસાલત ઇમામે આઝમ અબૂ હનીફા**

**આમિલે કુર્આં વ સુન્નત ઇમામે આઝમ અબૂ હનીફા**
**કાશિફે ઇલ્મે નબુવ્વત ઇમામે આઝમ અબૂ હનીફા**

**શાને એજાઝે નબુવ્વત ઇમામે આઝમ અબૂ હનીફા**
**અહમદે મુરસલકી બશારત ઇમામે આઝમ અબૂ હનીફા**

**મુક્તદાએ સારી ઉમ્મત ઇમામે આઝમ અબૂ હનીફા**
**મખ્ઝને જૂદો સખાવત ઇમામે આઝમ અબૂ હનીફા**

**પૈકરે સિદકો સદાકત ઇમામે આઝમ અબૂ હનીફા**
**આપ પર હો રબકી રહમત ઇમામે આઝમ અબૂ હનીફા**

# ઈમામે આઝમ અબૂ હનીફા

ઇમામતમેં, વિલાયતમેં, તહારતમેં હૈં લાસાની
હૈ જિનકી બૂ-હનીફા કુન્નિયત દુન્યાને પહચાની
ઇમામ આઝમ લકબ ઉનકા, મુકદ્દસ નામ હૈ નૌ'માન
વતન કૂફા હૈ, વાલિદ હૈં સાબિત, અય મેરે જાની !
નસબ નૌશેરવાં તક હૈ, કબીલા ફારસી ઇનકા
હૈ શાહી ખાનદાં ઇનકા, હરઇક ખૂબી હૈ લાસાની
સહાબાસે મિલે હૈં, તાબઈ હો ગએ બેશક
દુઆએ હૈદરી પાઈ, મિલા હૈ ઔજે ઇન્સાની
ઇમામ શોઅબીસે ઇલ્મે પાકકી હૈ ઇબ્તેદા ઇનકી
ઇમામ જા'ફરસે હૈ ઇન્તહા, બા ફૈઝે રૂહાની
ઇન્હેં સબકુછ મિલા આલે નબી સરકાર જા'ફરસે
હદીસે મુસ્તફા, રમ્ઝે શરીઅત, ઇલ્મે કુર્આની
મુહદ્દિષ હૈં, ફકીહે બે-નઝીરો મુજ-તહિદ ભી હૈં
તેરી હસ્તીકો સમઝે ક્યા ભલા યે અક્લે ઇન્સાની
મસાઇલ હલ કિયે પલમેં, જહાંકો રૌશની બખ્શી
કિતાબેં લિખ ગએ ઐસી, અભી તક ભી હૈં લાસાની
હઝારોં આપકે શાગિર્દ હૈં, ઇલ્મો અદબવાલે
જિન્હોંને કૌમકો બખ્શે મુબારક દુર્રે લાસાની
કોઈ મુફ્તી હૈં, કાઝી હૈં, કોઈ હૈં ઔલિયા સૂફી
ફકીહ જિતને હૈં સબ હૈં આપકી ઔલાદે રૂહાની
તુમ્હારી પાક નિસ્બતસે હી ફૈલા મસ્લકે હન્ફી
મેરે ખ્વાજા ભી હન્ફી હૈં, બતાઊં ઔર ક્યા જાની
ઝમીં બગદાદે અનવરકી, જહાં હૈ આસ્તાં તેરા
ફિઝાએં જિસકી નૂરાની, હવાએં જિસકી ઇર્ફાની
કરમકી ઇક નઝર કીજિયે ઝરા અપને 'મુહિબ' પર ભી
તસદ્દુક પન્જતનકા ઔર બ-હક્કે શાહે જીલાની



માલિકી મસ્લકના સ્થાપક
મદીનએ મુનવ્વરાના મહાન મોહદ્દિસ, આલિમ અને ફકીહ

# હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની

જીવન ઝરમર

## નામ અને ખાનદાન

આપનું નામ માલિક છે અને અબ્દુલ્લાહ કુન્નીયત છે. આપના વાલિદ (પિતા)નું નામ અનસ છે. આપનો સિલસિલએ નસબ (પેઢીનામું) આ પ્રમાણે છે. માલિક બિન અનસ બિન માલિક બિન અબી આમેર બિન હારસ બિન ગિયાન બિન જસીલ બિન અમરૂ બિન હારસ ઝી અસ્બહ.

## જન્મ અને વતન

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોનો જન્મ હિજરી સન ૯૩માં મદીનાશરીફમાં થયો. આપના બાપદાદા અને ખાનદાનનું વતન યમન હતું પણ જ્યારે આપના પરદાદા અબૂ આમિર ઈસ્લામ કબૂલ કરી મુસલમાન બન્યા પછી તેઓ મદીનએ મુનવ્વરા આવી વસી ગયા. આપના દાદાનું ખાનદાન યમનના શાહી (રાજવી) ખાનદાનથી સંબંધ ધરાવતું હતું. એટલે આપનું ખાનદાન ઈસ્લામ સ્વીકાર કર્યા પહેલાં પણ અને ઈસ્લામ સ્વીકાર કર્યા પછી પણ ઘણો જ માન-મર્તબો ધરાવતો હતો. આપના જન્મ સમયે બની ઉમૈયાની હુકૂમતની બોલબાલા હતી. વલીદ બિન અબ્દુલ મલિક ઉમવી હુકૂમતનો ત્રીજો શાસક હતો. પૂર્વમાં તુર્કસ્તાન, કાબૂલ અને સિંધ સુધી તેની હુકૂમત ફેલાયેલી હતી, જ્યારે પશ્ચિમમાં આફ્રિકા, સ્પેન સુધી હતી. તાજ્જુબ (નવાઈ)ની વાત તો એ હતી કે ઉમવી હાકિમ જે વિસ્તાર પર તલવારથી સત્તા મેળવી રહ્યો હતો એ જ વિસ્તારમાં ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોએ કલમથી મસ્લકે માલિકીનો પાયો નાખ્યો છે.

## તાલીમ અને ઉછેર

જ્યારે હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હો સમજણની અવસ્થામાં આવ્યા તો પોતાને ઈલ્મ (જ્ઞાન)ના અખૂટ ભંડારસમા ઘરમાં પોતાનું સ્થાન જોયું. પોતાનું ઘર અને ઘરની બહાર પૂરૂં મદીનાશરીફ આલિમો અને ફાઝિલોથી ભરપૂર હતું. જોકે હુઝૂર સરકારે મદીના સલ્લલ્લાહો અલયહે વસલ્લમની દુનિયાથી વિદાય બાદ ઘણા સહાબાએ મદીનાથી નિકળી અન્ય જગ્યાએ મુકામ કર્યો હતો પણ મદીનએ મુનવ્વરા તો ઈલ્મની અખૂટ ખાણ હતી. દુનિયાની દોલત વાપરવાથી ખૂટી જાય છે જ્યારે ઈલ્મની દોલત વાપરવાથી વધે છે. તમામ સહાબા અને અકાબિર બુઝુર્ગો શહેરે મદીનાના રહેવાસી હતા તેમજ ઈલ્મે શરીઅત, ઈલ્મે કુર્આન અને સુન્નતના કોટવાલ સમાન હતા. હુઝૂરના વિસાલ પછી પણ મદીનાશરીફ લગભગ ૨૪ થી ૨૫ વર્ષ હુકૂમતે ઈસ્લામિયાનું કેન્દ્ર (મરકઝ) રહ્યું. અહીંથી જ સહાબાઓની મહેફિલ ફતાવા આપવાની ખિદમત આપતા હતા, જેનો ફાયદો સમગ્ર જગતને મળતો હતો.

## ફુકહાએ સબ્આ

મદીનએ મુનવ્વરામાં સાત (૭) મહાન ફકીહો (શરીઅતના શાસ્ત્રના વિદ્વાનો) ઘણા જ પ્રખ્યાત હતા. એ સાત મહાન આલિમોની એક કમિટી હતી. કોઈપણ મસ્અલો હોય એ સાતે ભેગા થઈ તેનો ઉકેલ આપતા હતા. આ સાત આલિમોની બેઠક દુનિયાની મહાન અદાલત ગણાતી હતી. વિશ્વના એ મહાન સાત ફકીહોના મુબારક નામ આ પ્રમાણે છે : (૧) અબૂબક્ર બિન હારિસ (૨) ખારજા બિન ઝૈદ (૩) કાસિમ બિન મોહમ્મદ (૪) સઈદ બિન મુસૈયબ (૫) ઉબૈદુલ્લાહ બિન અતબા (૬) સાલિમ બિન અબ્દુલ્લાહ (૭) સુલૈમાન બિન યસાર. આ સાત મદીનાશરીફના ફુકહાએ સબ્આ કહેવાતા હતા. આવા



ઉલ્માઓના જમાનામાં હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોને ફૈઝાને ઈલ્મ નસીબ થયો છે. ઈમામ માલિકે દરેક પાસેથી જે-જે ઈલ્મી કમાલ હાંસિલ કરવાનો હતો તે સાતે ફકીહો પાસેથી મેળવી લીધો, એટલે દુનિયાના મહાન સાત ફકીહો (ઉલ્માઓ)નું ઈલ્મ ફક્ત એક ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની અંદર સમાયેલું હતું.

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોને મદીના છોડીને બીજે ઈલ્મ પ્રાપ્તિ માટે જવાની જરૂર હતી જ નહીં. કારણકે આખી દુનિયાનું સૌથી મોટું ઈલ્મ હાસિલ કરવાનું મરકઝ હોય, જ્યાં બીજા મુલ્કોમાંથી ઈલ્મ હાંસિલ કરવા આવતા હોય, તેવા શહેરમાં જેનું ઘર હોય, એને બીજે જવાની કોઈ જરૂર ખરી ?

આપના વાલિદ (પિતા), દાદા અને કાકા ખુદ આલિમ અને મોહદ્દિસ હતા. ઈમામ માલિકને ઈલ્મે હદીસની તાલીમ તો ઘરમાં જ મળી ગઈ.

## ઇલ્મે ફિકહની પ્રાપ્તિ

ઈલ્મે હદીસમાં પારંગતતા મેળવી લીધા પછી આપ ઈલ્મે ફિકહ (શરીઅત શાસ્ત્ર) મેળવવા ધ્યાન કેન્દ્રિત કરે છે. ઈલ્મે ફિકહના નિષ્ણાંત આલિમને ફકીહ કહેવામાં આવે છે. ફકીહનો દરજ્જો મોહદ્દિસથી ઊંચો ગણાય છે. કારણકે ફકીહ એ આલિમ છે જે પહેલા હાફિઝે હદીસ હોય છે અને જે હદીસનો હાફિઝ ન હોય તે ફકીહ બની શકતો નથી. ઈમામ માલિક ઈલ્મે ફિકહના આલિમ હઝરત રબીઆ અર્રાઈની દર્સગાહ (મદ્રસા)માં હાજર થાય છે. હઝરત રબીઆ ફિકહનો દર્સ (સબક) મસ્જિદે નબવીમાં જ આપતા હતા. ઈમામ માલિકની સાથે ઈલ્મે ફિકહ પઢનારાઓમાં કેટલાક નામ ઘણા જ ખ્યાતનામ છે. જેવા કે (૧) હઝરત હસન બસરી (૨) શૈયબા અયઝાઈ (૩) અલ્લૈસ મિસરી (૪) યાહયા અન્સારી અને ઘણા મહાન બુઝુર્ગો આપની સાથે પઢતા હતા તેમજ

ઉલ્માએ ફાઝિલ પણ આ દર્સગાહમાં સબક લેવા હાજર થતા હતા.

## ઉસ્તાદોની સંખ્યા

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોના ઉસ્તાદ કેટલા એ નક્કી થઈ શક્યું નથી. પણ ઈલ્મ પ્રાપ્તિમાં પણ ઈમામ એટલા સજાગ હતા કે શંકાશીલ ઉસ્તાદોથી દૂર રહેતા હતા. જેમની રિવાયતમાં શંકા હોય તેઓની પાસે આપ બેસતા પણ ન્હોતા. સહાબાના મુબારક દૌર પછી તાબેઈનનો જમાનો શરૂ થયો. એ સમય પણ ઘણો જ મુબારક હતો. મદીનએ મુનવ્વરામાં ઉલ્માઓની નજરતળે આપનો ઉછેર થયો છે. એટલે ત્યાંના આલિમોથી આપ પૂરેપૂરા પરિચિત હતા. કેમ ન હોય આપ તેઓની વચ્ચે જ મોટા થયા હતા. આપે એ જ ઉલ્માથી ઈલ્મ હાંસિલ કર્યું જે ખરા અર્થમાં ઉસ્તાદની લાયકાત ધરાવતા હતા. તેમની જ સોહબત (સંગ) ગ્રહણ કરી જે સત્ય અને પવિત્રતા ધરાવતા હતા. જે ઉલ્મા ઈલ્મે હદીસ અને ઈલ્મે ફિકહમાં અજોડ હતા, તેમને જ આપે ઉસ્તાદ બનાવ્યા.

## ફત્વા આપવાની શરૂઆત

ઈલ્મ હાંસિલ કરવાના જમાનામાં ઉસ્તાદ સાહેબની મૌજૂદગી (હાજરી)માં આપ ફત્વા આપવાનું કામ અંજામ આપવા લાગ્યા. એક મહાન ફકીહ તરીકે નામના (ખ્યાતિ) મેળવી લીધી

મીસર (ઈજિપ્ત)ના શૈખુલ હદીસ અબૂ લઈવાએ મદીનાશરીફના અબુલ અસ્વદથી સવાલ કર્યો કે હઝરત રબીઅ પછી મદીનામાં ફિકહ અને ઈજતેહાદના ઈમામ કોણ છે ? તો જવાબમાં કહ્યું કે હઝરત ઈમામ માલિક બિન અનસ અસ્બહી રદિયલ્લાહો અન્હો છે.

## પોતાની સ્વતંત્ર દર્સગાહ

હિ.સ. ૧૧૭માં ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોએ મદીનએ મુનવ્વરામાં પોતાની દર્સગાહ બનાવી. આપની મહેફિલ ઉપર ઈલ્મો



ઈરફાનની બહાર (વસંત) છવાયેલી રહેતી હતી. જ્યારે આપની મહેફિલમાં ઈલ્મે હદીસનો દર્સ આપવામાં આવતો ત્યારે ઊદ અને લોબાનની ધૂણી કરવામાં આવતી હતી. આપ પોતે મહેફિલમાં આવતા પહેલાં ગુસ્લ કરતા, સારા કપડાં પહેરતા, ખુશ્બૂ લગાવતા હતા. ઈલ્મે હદીસની મહેફિલનો અદબ એવો હતો કે જ્યાં આપ સબક આપતા હતા ત્યાંની સ્વચ્છતા (ચોખ્ખાઈ) એવી હતી કે એક તણખલું કે રજકણ જોવા મળતું ન્હોતું.

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની મહેફિલનો અદબ (માન) લોકો જાળવતા હતા. એવો અદબ તો બાદશાહોની મહેફિલનો પણ થતો ન્હોતો. આપની સમક્ષ લોકો પોતાના માથા ઝુકાવીને બેસતા. આપ કોઈ હાકિમ કે સત્તાધીશ ન્હોતા પણ ખુદ સુલ્તાનો, બાદશાહો, સત્તાધીશો આપની દર્સગાહમાં અદબથી ઝુકીને હાજર થતા હતા.

બગદાદના ખલીફા (બાદશાહ) હારૂનરશીદ એક વખત મદીનાશરીફ આવે છે અને હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની મુલાકાત માટે આપની બારગાહમાં હાજર થાય છે. સલામ બાદ બાદશાહ આપને આપની મશહૂર કિતાબ 'મૌતા' સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરે છે તો ઈમામ સાહેબ પોતાના શાગિર્દોને સબક આપવામાં વ્યસ્ત હતા. આપે તેના માટે બાદશાહને બીજા દિવસે આવવા કહ્યું. બાદશાહને એમ હતું કે હવે ઈમામ પોતે કિતાબ લઈને મારી સમક્ષ હાજર થશે પણ એમ ન થયું. જ્યારે બાદશાહે નહીં આવવાનું કારણ પૂછ્યું તો જવાબમાં ઈમામે સ્પષ્ટ શબ્દોમાં બેધડક કહી દીધું કે 'ઈલ્મની પાસે લોકો જાય છે, ઈલ્મ લોકોની પાસે જતો નથી.' સુબ્હાનલ્લાહ ! છેવટે બાદશાહ હારૂનરશીદ આપની ખિદમતમાં હાજર થાય છે. આવી મહાન શાનો શૌકતવાળા કે જેમની સામે દુનિયાના સુલ્તાનો પણ ઝુકી જતા હોય તેવા ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોના રૂત્બાને દુનિયાદારો શું સમજે ?

## ફકીહ અને મુફ્તી

ફકીહ (શરીઅત શાસ્ત્રના વિદ્વાન) મુફતી (શરીઅતના કાનૂન અનુસાર હુકમ આપનાર, ફત્વો આપનાર આલિમ)નો દરજ્જો મોહદ્દિસ કરતાં ઘણો ઊંચો હોય છે. માનવ સમાજની જરૂરિયાત પ્રમાણે શરીઅતના હુકમોનું એલાન કરવું. જનતા (લોકો), પ્રજા અને શાસક માટે કાનૂન (કાયદાઓ)નું ઘડતર કરવાની જવાબદારી ફકીહ અને મુફ્તીની હોય છે. એટલે જ તેમનો દરજ્જો મોહદ્દિસ કરતાં મોટો ગણાય છે અને ઈમામ માલિક ફકીહ પણ હતા અને મુફ્તી પણ હતા.

હુઝૂર સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક જમાનામાં સહાબાઓની સંખ્યા લગભગ એક લાખ જેટલી હતી. તેમાંથી ૩૦ (ત્રીસ) હજાર જેટલા તો ફક્ત મદીનાશરીફમાં સ્થાયી હતા. બાકીના કેટલાક મક્કામાં, કેટલાક તાઇફમાં, કેટલાક યમનમાં, કેટલાક બેહરીનમાં, આ રીતે મુલ્કે અરબમાં સહાબા ફેલાયેલા હતા. તેમની તબ્લીગથી ઈસ્લામ ખૂબ તરક્કી પર હતો. એ પછી તાબેઈનનો દૌર ચાલુ થયો. હવે ફિકહી મસાઈલને હલ કરવા ઈમામ માલિક જેવા ફકીહ અને મુફ્તીની જરૂરત ઊભી થઈ.

## આલિમે ઇસ્લામનો સૌથી પહેલો મદ્રસો મદીનામાં

મદીનાશરીફની મસ્જિદે નબવીમાં એક ચબૂતરો (ઓટલો) છે. જેને અસ્હાબે સુફ્ફાનો ચબૂતરો કહેવામાં આવે છે. હુઝૂરના દૌરમાં અને ત્યાર પછી પણ આ મુબારક ઓટલા પર બેસીને કુર્આન, હદીસ અને ફિકહનું જ્ઞાન (ઈલ્મ) હાંસિલ કરનારા લોકોને અસ્હાબે સુફ્ફાના નામથી ઓળખવામાં આવે છે. આ લોકો અતિ ગરીબ અને ઘરવિહોણા હતા. જેમની પાસે રહેવા માટે મકાન ન્હોતું અને ખાવા માટે તેમની પાસે કંઈજ ન્હોતું. એ લોકો ફક્ત અલ્લાહ તઆલાના ભરોસે જીવી રહ્યા હતા. કોઈ સખી તેમને જમવાની દાવત આપે તો ત્યાં જઈ જમી લેતા



અને દાવત ન હોય તો ફાકાથી સમય પસાર કરી લેતા. તેમ છતાં એ સમય ઘણો જ કિમતી, અનમોલ સાબિત થયો. આવી દર્દનાક મુસીબતભરી હાલતમાં પણ એ ચબૂતરા પર બેસી ઈલ્મે દીન હાંસિલ કરતા હતા. તેમની મુબારક આદતોમાં એક વાત એ હતી કે હંમેશા સમયસર નમાઝ અદા કરતા, જમાઅતવાળી નમાઝમાં અસ્હાબે સુફ્ફા દરરોજ પ્રથમ સફ (પહેલી હરોળ)માં નમાઝ અદા કરતા હતા. સારાંશ મદીનાશરીફ જ એક એવી ધરતી છે, જ્યાં દુનિયાનો સૌથી પહેલો મદ્રસો મસ્જિદે નબવીમાં આવેલ અસ્હાબે સુફ્ફાનો ચબૂતરો (ઓટલો) ગણાય છે.

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હો એવા ખુશકિસ્મત હતા કે આપનો જન્મ પણ મદીનામાં થયો. સર્વશ્રેષ્ઠ તાલીમ પણ મદીનામાં જ મળી ગઈ અને જિંદગીના આખરી શ્વાસ સુધી મદીનામાં જ રહ્યા.

## માલિકી ફિકહની શરૂઆત

મદીનએ મુનવ્વરામાં તે સમયના ધુરંધર ફકીહો અને ઉલ્માની એક કમિટી હતી જે દરેક મસ્અલાનો ઉકેલ લાવતી અને ફત્વો જારી કરતી. આ આલિમોનો ફેસલો આખરી માનવામાં આવતો હતો. ફિકહ અને ફતવાની બુનિયાદ આ જ ઉલ્માના ફેસલા પર આધારિત રહેતી. ઈમામ માલિકે પોતાના ઉસ્તાદોનો અદબ ત્યાં સુધી કર્યો કે જ્યાં સુધી ૭૦ (સિત્તેર) આલિમોએ આપને ફકીહ ગણ્યા અને ફત્વા આપની લાયકાત હોવાની સનદ આપી, તે પછી જ ઈમામ સાહેબે ફત્વા આપવાની શરૂઆત કરી. તે સમયે મદીનાશરીફમાં જે ફકીહો હતો તેમાંના કેટલાક આ પ્રમાણે જોવા મળે છે. (૧) ખારજા બિન ઝૈદ બિન સાબિત (૨) સાલીમ બિન અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબ (૩) કાસિમ બિન અબૂબક્ર સિદ્દીક (૪) ઉરવા બિન ઝુબેર (૫) અબ્દુલ્લાહ બિન અતબા (૬) અબૂબક્ર બિન હારિસ સુલૈમાન બિન યસાર (૭) અબૂ સલ્મા

અબૂબક્ર બિન અબ્દુર્રહમાન (૮) અબૂબક્ર બિન ઉમર ખલીફા ઉમર બિન અબ્દુલ અઝીઝ (૯) સઈદ બિન અબી મુસૈયબ. આ હતા મદીનાશરીફના મહાન ફકીહો અને મુફ્તીઓ.

## ઇમામ માલિકની ઇન્સાફપસંદી

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોના મસ્અલામાં ક્યાંય ભૂલ રહી જતી તો આપ તરત જ ભૂલનો સ્વીકાર કરી લેતા હતા. કોઈએ આપથી સવાલ કર્યો કે 'વુઝૂ'માં પગની આંગળીઓમાં ખિલાલ કરવો જોઈએ કે નહીં, તો એ સમયે આપના શાગિર્દ હઝરત ઈબ્ને વહબ હાજર હતા. તેમણે તરત જ જવાબ આપ્યો કે મારી પાસે પગની આંગળીઓના ખિલાલ માટેની હદીસ છે. હઝરત ઈમામ માલિકે તે હદીસ સાંભળી. જે હદીસ હસન હતી. ત્યાર પછી આપ પોતાનો ફત્વો એ રીતે જ આપતા રહ્યા. આવા ન્યાયપસંદ હતા ઈમામ માલિક. આપના ફત્વાઓનો સંગ્રહ આપના શાગિર્દો જ કરતા હતા. ૬૦ (સાઇઠ) વર્ષ સુધી આપ ફિકહી બાબતોને ઉજાગર કરતા રહ્યા, ફત્વા આપતા રહ્યા. આપની આ ખિદમત બેમિસાલ છે. આપના શાગિર્દોએ ફિકહી બાબતો અને ફત્વાઓ ભેગા કર્યા છે. તે પ્રથમ સંગ્રહ ***અસદિયહ*** છે. જેના સંપાદક આફ્રિકાના અસદ બિન અલ ફરાત છે અને સૌથી મોટી કિતાબ ***અલ મદુફ્તા*** છે, જેના સંપાદક ઈબ્ને કાસિમ છે. ત્રીજી કિતાબ ***અલ મજાલિસાત*** છે. જેના સંપાદક ઈબ્ને વહબ મિસરી છે. ઈબ્ને કાસિમને ૪૦,૦૦૦ (ચાલીસ હજાર) મસ્અલા મોઢે યાદ હતા. જેઓ ઈમામ માલિકના શાગિર્દ ગણાય છે.

## ઇમામ માલિકની મશહૂર કિતાબ 'મોતા'

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની સાહિત્યિક સેવા પણ અજોડ છે. આપનું લખાણ ઠોસ સચ્ચાઈથી ભરપૂર છે. આપની ખ્યાતનામ કૃતિ એટલે કિતાબ 'મોતા'નું સ્થાન તેમના આશિકોમાં




અલ્લાહના કલામ પછી બીજું સ્થાન આપવામાં આવે છે. કિતાબ 'મોતા' ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની અસલી સંપાદન 'મોતા' છે. જે કલામે ઈલાહી અને કલામે રસૂલ પછી સૌથી મોટી ગણાય છે. 'મોતા' ઉલૂમે મદીનાનો સંગ્રહ ગણાય છે. આ કિતાબ મહાન સહાબાઓ અને તાબેઈન હઝરાતની રિવાયતોનો અનમોલ ખજાનો ગણાય છે. 'મોતા'નો અર્થ કોઈ વસ્તુ પર ચાલવું એવો થાય છે. એટલે કે જેના ફરમાન પર ઈમામો, ઉલ્માઓ અને અકાબેરીન ચાલ્યા હોય અર્થાત્ તેમના ફરમાન પર અમલ કર્યો હોય. આ કિતાબ તૈયાર થયા પછી તમામ ઈમામો અને ઉલ્માઓએ તેને માન્ય રાખી એટલે તેનું નામ 'મોતા' થઈ ગયું. સાચો અર્થ તો એ જ થાય છે કે જે રસ્તા પર વધુ પ્રમાણમાં લોકો ચાલ્યા હોય (અમલ કર્યો હોય) તેને 'મોતા' કહે છે.

## દુનિયાથી વિદાય - આખરી સફર

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની ઉંમર ૮૧ વર્ષથી પણ આગળ વધી ગઈ હતી. હવે આપના શરીરમાં અશક્તિ આવવા લાગી. વૃદ્ધત્વ (ઘડપણ) તેનું રૂપ બતાવવા લાગ્યું તેથી આપે ઘરથી બહાર જવાનું બંધ કર્યું. સામાજિક પ્રસંગોમાં પણ જવાનું આપ ટાળી દેતા. મસ્જિદે નબવીમાં પણ જઈ શકતા ન્હોતા. કેટલાક લોકોએ વાંધો ઉઠાવ્યો કે આપ મસ્જિદમાં કેમ આવતા નથી, તો જવાબમાં ઈમામ સાહેબે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે 'દરેક વ્યક્તિ પોતાના કારણો રજૂ ન કરી શકે' ઈમામ સાહેબના ખાસ શાગિર્દ હઝરત મોઈન બિન ઈસા આપના ખાસ ખાદિમ (સેવક) હતા. ઈમામ સાહેબ તેમનો સહારો લઈને ચાલતા હતા. આટલી અશક્તિ હોવા છતાં ઈલ્મના પ્યાસાઓની પ્યાસ બુઝાવી દેતા હતા. દર્સ આપવાનું, ફત્વા આપવાનું કામ ચાલુ જ હતું. ઈમામે ઈન્દલુસ, ઈમામ યહયા મિસરથી સનદ લેવા માટે મદીના આવ્યા ત્યારે આપની તબીયત ઘણી જ નાજુક હતી.

લગભગ ૩ અઠવાડિયા સુધી આપની તબીયત ઘણી ગંભીર રહી. તબીયતમાં કોઈ સુધારો ન થયો. હવે લોકોને એ યકીન થઈ ગયું કે આ સમય ઈમામ સાહેબનો આખરી છે. આપના આખરી દીદાર કરવા લોકોના ટોળેટોળા આવવા લાગ્યા. આપના આખર સમયે વિશ્વના પ્રખ્યાત ૧૨૦થી વધુ ઉલ્મા અને લોકો આપની આસ-પાસ બેઠેલા હતા. દરેકની આંખ આંસૂના ધારા વહાવી રહી હતી. ૧૧ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૭૯ના દિવસે ૮૬ વર્ષની વયે મદીનએ મુનવ્વરામાં ઈલ્મે હદીસ અને ઈલ્મે ફિકહનો સૂર્ય આથમી ગયો. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઊન. મદીનાશરીફના કબ્રસ્તાન 'જન્નતુલ બકીઅ'માં આપને સુપુર્દે ખાક કરવામાં આવ્યા.





## હઝરત ઈમામ માલિક

તુમ્હારા નામ માલિક હૈ, કબીલા ભી હૈ શાહાની
મદીનેમેં હુવે પૈદા, યહીં પર આસ્તાં, જાની !
અનસ વાલિદ હૈં, અબ્દુલ્લાહ તુમ્હારી કુન્નિયત ઠેહરી
ઘરાના આલિમાના હૈ, મકાં થા કાને ઇરફાની
મુકદ્દસ સાત ફુકહાસે મદીનેમેં સબક પાયા
ફકીહ, હાફિઝ, મુહદ્દિષ આપ હૈં હર ફનમેં લાસાની
મદીનેમેં કિયા કાઇમ અદબ ઔર ઇલ્મકા મર્કઝ
અદબકી ખાસ મહફિલ થી મકામે દર્સે ઈમાની
કિતાબ 'મૌતા' લિખી, મસ્લક યે માલિકી ફૈલાયા
જહાંકો રૌશની બખ્શી, તેરી ખિદમાત લાસાની
બાકીએ પાકમેં મદફન હુવે, શેહરે મદીનામેં
હબીબે કિબરિયાકે કુર્બમેં મર્કદ હૈ નૂરાની
તુમ્હારે આસ્તાને પર બરસતા નૂર દિખતા હૈ
જિધર ડાલો નઝર મન્ઝર નઝર આતે હૈં નૂરાની
નઝરકો નૂર બખ્શો, રાશની દિલમેં કરો પૈદા
અતા હો ફૈઝે રૂહાની, સુરૂરો કૈફે વિજ્દાની
જો તુમસે બદગુમાં હૈ વોહ, ભટકતા હૈ જહાંભરમેં
વો રુસ્વા હોગા મેહશરમેં, મિલેગી ઉસકો નુકસાની
'મુહિબ' આશિક તુમ્હારા નામ-લેવા હૈ, ગદા ભી હૈ
રહે દોનોં જહાંમેં સુર્ખરૂ અય શમ્એ ઇમાની !

શાફઈ મસ્લકના સ્થાપક

## હઝરત ઈમામ શાફઈ

રદિયલ્લાહો અન્હોની જીવન ઝરમર

આપનું નામ મોહમ્મદ છે. કુન્નીયત અબૂ અબ્દુલ્લાહ છે. લકબ આપનો નાસીરુલ હદીસ છે. આપના પરદાદાનું નામ શાફેઅ હતું તેથી આપની ઓળખ 'શાફઈ' તરીકે થઈ.

આપનો જન્મ હિ.સ. ૧૫૦માં અઝઝા નામના સ્થળે થયો હતો. આપના પિતા (વાલિદ)નું નામ ઇદરીસ છે. તેમની વફાત ઈમામ શાફઈના જન્મથી પહેલા થઈ ગઈ હતી. આપ ફરમાવે છે કે મારો જન્મ અઝઝામાં થયો તે પછી મારી માતા (વાલેદા) મને અસ્કલાન લઈ ગયા. પછી બે વર્ષ રઝાઅત (દૂધ પિવડાવવા)નો સમય તેમની માતાએ અઝઝામાં પસાર કરીને પછી યમન ગયા. યમન ઈમામ શાફઈનું નનીહાલ (મોસાળ) હતું. ત્યાં એટલે મામાના ઘરે આઠ વર્ષ રહ્યા અને દીની તાલીમ મેળવવાની શરૂઆત કરી દીધી હતી. ૭ (સાત) વર્ષની વયે કુર્આને પાકના હાફિઝ બની ગયા અને ૮ (આઠ) વર્ષની ઉંમરમાં ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની કિતાબ 'મોતા' પણ હિફ્ઝ (કંઠસ્થ) કરી લીધી. સુબ્હાનલ્લાહ !

### એક સ્વપ્ન (ખ્વાબ)

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે મેં એક રાત્રે સ્વપ્ન (ખ્વાબ)માં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમને જોયા. હુઝૂરે મને પૂછ્યું કે અય છોકરા કયા ખાનદાનથી છે ? તો મેં જવાબમાં કહ્યું, હું તો હુઝૂરના ખાનદાનથી છું. પછી મને નજીક બોલાવ્યો અને પોતાનું થૂંકમુબારક મારા મોઢામાં, મારા હોટ પર અને ચહેરા પર લગાવી દીધું અને પછી આપે ફરમાવ્યું કે 'જા તારા પર ખુદા બરકત નાઝિલ ફરમાવે.'



### બીજું સ્વપ્ન (ખ્વાબ)

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે મેં એ જ ઉંમરમાં બીજી વખત એક ખ્વાબ (સ્વપ્ન) જોયું તેમાં હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ખાનએ કા'બામાં નમાઝ પઢાવી રહ્યા હતા. જ્યારે નમાઝથી ફારિગ થયા તો લોકોને તાલીમ (શિક્ષણ) આપવા લાગ્યા. તો હું પણ આપની નજીક ગયો. તો હુઝૂરે પોતાની આસ્તીન (બાંયો)માંથી મીઝાન (ત્રાજવું) કાઢ્યું અને મને આપીને કહ્યું કે તમારા માટે મારા તરફથી આ ભેટ છે. મેં એ ખ્વાબની તાબીર (સ્વપ્નફળ) પૂછી તો બતાવનારે કહ્યું કે તમે ન્યાયપૂર્વક દુનિયામાં હુઝૂરની સુન્નતોના પ્રચારકોના ઈમામ બનશો.

### ઇલ્મ (શિક્ષણ) પ્રાપ્તિ

જ્યારે ઈમામ શાફઈની ઉંમર ૧૦ (દસ) વર્ષની થઈ તો તેમની વાલેદા (માતા)એ તેમને મક્કાશરીફ તેમના કાકાના ઘરે મોકલી દીધા. એમનો મોકલવાનો આશય એ હતો કે શહેરમાં ઇલ્મ શિખવાની સગવડતા મળી રહે. મારો દિકરો ઇલ્મે અન્સાબ (નસબ, વંશ) શીખે કારણકે અરબોમાં નસબ (વંશ)ની સુરક્ષા (હિફાઝત) કરવી ઘણી જ અગત્યની બાબત ગણાતી હતી. આપના કાકાની આર્થિક સ્થિતિ નબળી હતી તેના કારણે ઇલ્મ હાંસિલ કરવામાં ઘણી અડચણોનો સામનો કરવો પડતો હતો. ઈમામ શાફઈ ઇલ્મે નસબના જાણકાર પાસે ગયા. તો એ આલિમે આપની ગરીબી જોઇને એવી સલાહ આપી કે પહેલાં તમે રોઝી-રોટી માટે કોઈ ધંધો કે નોકરી શોધો, પછી ઇલ્મ શીખવા જજો.

ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે મારી તો એવી હાલત હતી કે ઇલ્મ હાસિલ કરવા દિલ તડપી રહ્યું હતું. જ્યારે કોઈ આલિમથી હદીસ કે મસ્અલો સાંભળી લેતો તો હું તરત જ લખી લેતો

અને તેને યાદ કરી લેતો. એ વખતે આપ હાડકાઓ ઉપર લખી લેતા અને તે હાડકા એક માટલામાં ભેગા કરતા હતા. તે સમયે મક્કાએ મોઅઝઝમામાં ઈલ્મે હદીસ, ઈલ્મે ફિકહના ઈમામ હઝરત મુસ્લિમ બિન ખાલિદ ઝૂજી હતા. આપ તેમની પાસે પહોંચી ગયા. જેમ ઝવેરી હીરાને પારખી લે છે તેમ હઝરત મુસ્લિમ બિન ખાલિદે આપને પારખી લીધા. આપની ધગશ, યાદશક્તિ અને વિનય (અદબ) જોઈને ઉસ્તાદને આપના પ્રત્યે પ્રેમ જાગ્યો. સતત ત્રણ વર્ષ સુધી ઈમામ શાફઈ મુફ્તીએ મક્કા હઝરત મુસ્લિમ બિન ખાલિદની સેવામાં રહી ઈલ્મ મેળવતા રહ્યા.

અહીં એટલે મક્કામાં ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોની ચર્ચા અવાર-નવાર થતી હતી. એટલે ઈમામ શાફઈને ઈમામ માલિકથી મુલાકાત કરવાની ઈચ્છા થઈ. પોતાના ઉસ્તાદ મુસ્લિમ બિન ખાલિદ સમક્ષ મદીનએ મુનવ્વરા જવા અને ઈમામ માલિકથી મુલાકાત કરવા માટે રજા માંગી તો ઉસ્તાદે રજા આપી અને એક ભલામણપત્ર પણ લખી આપ્યો કે આવનાર તાલિબે ઈલ્મ (વિદ્યાર્થી) ઘણો જ કાબેલ (લાયક) છે, જે આપની પાસે ઈલ્મ મેળવવાની તીવ્ર ઈચ્છા લઈને આવી રહ્યો છે. એ પત્ર સાથે આપને મદીના જવા રવાના કર્યા.

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો પાસે મુસાફરીના ખર્ચ માટે કોઈ રકમ હતી નહીં. તેમના કાકા પાસે પણ સગવડ ન્હોતી. આપે મુશયબ બિન ઝહીરને આ બાબતે વાત કરી તો તેમણે પણ કોઈ અન્ય વ્યક્તિને ભલામણ કરી તો પેલા ભાઈએ ઈમદાદરૂપે ૧૦૦ (સો) દીનારની થેલી આપી. રકમ હાથમાં આવતાં જ આપે સફરની તૈયારી કરી. થોડાક દિવસમાં જ આપ મદીનાશરીફ પહોંચી ગયા અને સીધા જ હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોના મકાન પર પહોંચી ગયા. તેમના દરવાજે જઈ દસ્તક આપી તો ઘરમાંથી દાસી બહાર



આવી અને આવનારનું નામ પૂછ્યું. દાસીને નામ બતાવ્યું તો ઈમામ માલિક પોતે બહાર આવ્યા. આવનાર મહેમાનને માનપૂર્વક ઘરમાં લઈ આવ્યા. ઈમામ શાફઈએ ઘણા જ અદબ અને સુસંસ્કારથી વાત-ચીત શરૂ કરી. પછી મુસ્લિમ બિન ખાલિદનો પત્ર ઈમામ માલિકને સુપ્રત કર્યો. ઈમામ માલિકે એ પત્ર વાંચીને ફેંકી દીધો. શું હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઈલ્મે હદીસ વગેરે હાસિલ કરવા આવા ભલામણપત્રની જરૂર હોય ખરી ? ઈમામ શાફઈએ પોતાની જરૂરતને સારા અંદાજથી રજૂ કરી. આપની વાત સાંભળી ઈમામ માલિક ઘણા ખુશ થયા અને આપનું નામ પૂછ્યું તો આપે જવાબમાં ફરમાવ્યું કે મારૂં નામ ***મોહમ્મદ બિન ઇદરીસ*** છે. ઈમામ માલિકે કહ્યું, અલ્લાહથી ડરતા રહેજો. ઈન્શાઅલ્લાહ ટુંક સમયમાં તમારી શાન ઘણી બુલંદ થશે.

## ઇમામ માલિકની દર્સગાહમાં હાજરી

ઈમામ શાફઈએ મદીનાશરીફમાં ઈમામ માલિકની દર્સગાહ (પાઠશાળા)માં દર્સ (સબક, પાઠ) લેવાની શરૂઆત કરી દીધી. આપની દર્સગાહની મહેફિલનો અદબ (શિસ્ત) અને ઈમામ માલિકનો દબદબો બાદશાહના શાહી દબદબાને પણ પાછળ મૂકી દે તેવો હતો. તમામ તુલ્બા (વિદ્યાર્થીઓ) ઘણા જ વિનય (અદબ)નું ચુસ્તપણે પાલન કરતા. દર્સગાહમાં ખુશ્બૂ માટે ઊદ સળગાવવામાં આવતું. ઉસ્તાદ અને શાગિર્દો સ્વચ્છ અને સારા કપડાં પહેરીને બેસતા હતા. તાલીમગાહમાં એક જાતનો સન્નાટો છવાયેલો રહેતો.

હઝરત ઈમામ માલિક રદિયલ્લાહો અન્હોએ ઘણા જ પ્રેમથી ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હોને કિરઅત પઢવાની રજા આપી. ઈમામ શાફઈ કહે છે કે દર્સગાહનો અદબ એવો કરતા કે કિતાબના પાના પણ અદબથી શાંતિથી ફેરવતા હતા. તાલિબે ઈલ્મ મોટી સંખ્યામાં ફત્વા લેવા આવતા હતા. તેમની ભીડ જામતી હતી. મોટા અમીર ઉમરાવોની

હાજરી, મોટા-મોટા ઉલ્માઓનું હાજર રહેવું, ફૈઝાને નબવી હાસિલ કરવું આ બધી વાતો જોનાર પર એક રૂઆબ છવાઈ જતો હતો. ઈમામ શાફઈએ આવા મહાન જલીલુલ કદ્ર મોહદ્દિસ અને ફકીહની ખિદમતમાં રહી ઈલ્મ પ્રાપ્તિમાં ત્રણ વર્ષ પસાર કરી દીધા. ત્યાંથી હદીસ, સહાબાની નિશાનીઓ, તાબેઈનના ફત્વાઓ અને ઈમામ માલિકના ફિકહ (શરીઅત શાસ્ત્ર) સારી રીતે શીખી લીધા અને યાદ કરી લીધા. આ સિવાય મદીનાશરીફમાં બીજા ઘણા બુઝુર્ગો છે તેમનાથી પણ ઈમામ શાફઈએ ઈલ્મે હદીસ અને ઈલ્મે ફિકહ હાસિલ કરી લીધું. તેમના કેટલાકના મુબારક નામો આ પ્રમાણે છે. (૧) હઝરત ઈબ્રાહીમ બિન સઅદ અન્સારી (૨) હઝરત અબ્દુલ્લાહ બિન નાફેઅ (૩) હઝરત અબ્દુલઅઝીઝ બિન મોહમ્મદ દરાદરદી (૪) હઝરત મોહમ્મદ બિન ઈસ્માઈલ ફદીક વગેરેથી ઘણું ઈલ્મ હાસિલ કર્યું. ઈમામ માલિક અને મદીનાશરીફના ઉલ્મા અને મોહદ્દિસીને ઈમામ શાફઈની ઈલ્મી લાયકાત જોઈને આપને ફત્વા આપવાની ઈજાઝત (રજા, પરવાનગી) આપી દીધી.

### મદીનાથી મક્કા તરફ પ્રયાણ

ફત્વા આપવાની પરવાનગી મળતાં આપે મદીનએ મુનવ્વરાથી મક્કા મોઅઝઝમાનો સફર કર્યો. ત્યાં થોડાક ટાઈમ રોકાયા બાદ આપ પોતાના મોસાળ યમન ચાલ્યા ગયા. યમનમાં રહીને આપ ઈલ્મ શીખતા રહ્યા, શિખવાડતા રહ્યા. દરેક પ્રકારના ઈલ્મમાં આપે પારંગતતા, પ્રવીણતા મેળવી લીધી. જેમકે ઈલ્મે તીરંદાઝી, ઈલ્મે લુગત, ઈલ્મે તારીખ, ઈલ્મે અનસાબ અને ઈલ્મે ફરાસત જેવા અનેક વિષયમાં નિપુણતા હાસિલ કરી જેના કારણે અરબના મોટા મોટા ઉલ્માએ ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હોને સમયના ઈમામ સ્વીકારી લીધા.



### સાબિર અને શાકિર

કનાઅત એટલે સંતોષ અને સબ્રથી ભરપૂર આપનું જીવન અન્યો માટે માર્ગદર્શક સમાન છે. આપ પોતે કહે છે કે ૨૦ (વીસ) વર્ષ સુધી મેં પેટ ભરીને ક્યારેય પણ ખાધું નથી. કોઈપણ પ્રકારનો લોભ (લાલચ) મારા નજીક આવી શક્યો નથી અને તેના કારણે મને ઘણો જ આરામ રહ્યો છે. મને ઈઝઝત મળી છે. આપ ઘણા જ મોટા શાકિર હતા. દરેક હાલતમાં અલ્લાહનો શુક્ર અદા કરતા. આપ મોટા સાબિર એટલે સબ્ર કરનારા હતા. આપ ફરમાવે છે કે મુસલમાનના ગુણો પૈકી એક ગુણ બીજા (પારકા)ની જરૂરતને પોતાની જરૂરત કરતાં વધુ અગ્રીમતા આપવી એ પણ છે.

આપ સખાવત (દાન)ના અલગ-અલગ પ્રકાર બતાવે છે. જેમકે (૧) પોતાનો હક હોવા છતાં તેને જતો કરવો, માફ કરી દેવો સખાવત છે. (૨) પોતાની જરૂરત હોવા છતાં બીજાની જરૂરતને અગ્રીમતા આપી તેને આપી દેવું સખાવત છે. (૩) પારકાના ભલા માટે પોતાના દિમાગને ખર્ચ કરવો સખાવત છે. (૪) બીજાની અમાનતની રક્ષા માટે પોતાની ઈઝઝત અને જાનને ખતરામાં મૂકવી સખાવત છે. (૫) બીજાને બચાવવા માટે પોતાની જાતને રજૂ કરી દેવી સખાવત છે. આપ ફરમાવે છે કે સખાવત (દાન, ખૈરાત) કરતી વખતે કોઈને પણ નકામી (બિનજરૂરી) વસ્તુ ન આપો.

### ઉલ્મા અને તુલબાના સહાયક

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હોનું વિદ્યાર્થીજીવન (તાલીમી દૌર) ઘણી જ આર્થિક મુશ્કેલીઓથી ભરેલું હતું. ગરીબાઈમાં પણ આપ ઈલ્મ હાસિલ કરવામાં અગ્રેસર રહ્યા છે. પણ જ્યારે તાલીમી દૌર પૂરો થયો અને આપની ગણના આલિમોમાં, મોહદ્દિસોમાં, મુફતીઓમાં અને ફકીહ તરીકે થવા લાગી ત્યાર પછી તો અલ્લાહ

તઆલાનો એવો કરમ થયો કે દિવસે દિવસે આપની ઈઝઝતમાં વધારો થવા લગ્યો કે દરેક પ્રકારની નેઅમતો અને સુવિધાઓથી આપ માલામાલ થતા ગયા. ખલીફાઓ (સત્તાધીશો) અને દોલતમંદ લોકો આપની કદર કરવા લાગ્યા. આપને તરહ તરહની ભેટ સોગાદ અને મોટી મોટી રકમો તોહફામાં આપવા લાગ્યા. ઘણી વખત બાદશાહ હારૂનરશીદ તરફથી મોટી રકમ ભેટમાં મળતી. આપ આવેલ રકમનો ચોથો ભાગ (૨૫%) આપ પોતાની જરૂરત માટે રાખતા અને બાકીની રકમ ગરીબ ઉલ્મા, ગરીબ વિદ્યાર્થી, યતીમો, ગરીબો અને વિધવાઓમાં વહેંચી દેતા હતા. આપની આ મુબારક જિંદગીથી એક વાત સ્પષ્ટ થઈ જાય છે કે **દૌલતથી ઇલ્મ નથી મળતું પણ ઇલ્મથી દૌલત (માલ) જરૂર મળે છે.**

આપની સખાવત ઘણી જ મશહૂર છે. એક વખત ઈદની રાત હતી. આપ મસ્જિદથી પોતાના ઘરની તરફ ગયા તો ત્યાં તેમના દરવાજા પાસે એક ગુલામ ઊભો હતો. તેણે આપને સલામ કરીને અરજ કરી કે મારા આકાએ આપના માટે રૂપિયાની આ થેલી ભેટ મોકલી છે અને આપને સલામ કહ્યા છે. આપે તે થેલી સ્વીકારી લીધી અને ગુલામના આકાને સલામ મોકલ્યા. આભાર પણ માન્યો. હજુ આપ પોતાના મકાનમાં દાખલ પણ થયા નથી ત્યારે એ જ સમયે એક વ્યક્તિ આપની પાસે આવે છે અને અરજ કરે છે કે હઝરત ! મારા ઘરે હમણાં જ બાળકનો જન્મ થયો છે, પણ ઘરમાં કશું જ નથી. હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો પેલી પૈસાની થેલી તેને આપી દે છે. આપ ખાલી હાથે જ પોતાના ઘરમાં દાખલ થયા.

### સખાવત અને તેનો બદલો

આપની સખાવતનો બીજો એક પ્રસંગ પણ એવો જ છે. ઈદનો તહેવાર આવ્યો અને આપના ઘરમાં કશું જ ન્હોતું. તહેવાર કેવી રીતે



ઉજવવો એ તો સવાલ હતો. આપની પત્નીએ કહ્યું કે 'લોકો સાથે તો ઘણા ઉદારતાથી વર્તાવ કરો છો અને ઈદ જેવો તહેવાર છે અને ઘરમાં કાંઈ જ નથી. તમારી પાસે ના હોય તો કોઈની પાસેથી ઉધાર મંગાવી લો.'

પત્નીની સલાહ માની આપે એક વ્યક્તિ પાસેથી ૭૦ (સિત્તેર) દીનાર ઉધાર મંગાવ્યા. રકમ લઈને આપ આવી રહ્યા હતા. રસ્તામાં કેટલાક ગરીબો અને જરૂરતમંદોએ આપને ઘેરી લીધા. આપે ૫૦ (પચાસ) દીનાર તેમને આપી દીધા. ૨૦ (વીસ) દીનાર લઈને ઘરે આવે છે. પોતાની પત્નીના હાથમાં રકમ આપે તે પહેલાં કોઈ સાઈલ (માંગનાર) આવે છે. તો આપ પેલા ૨૦ (વીસ) દીનાર તેની સામે મૂકી દે છે અને કહે છે કે આમાંથી જેટલા લેવા હોય તેટલા લઈ લે. પેલો સાઈલ બધા જ દીનાર લઈ લે છે અને કહે છે મારે તો હજુ જરૂર છે. આપ તે સાઈલને માનભેર વિદાય કરે છે. બનેલી ઘટના પત્નીને કહે છે, બંને સૂઈ જાય છે.

સવાર પડતાં જ ખલીફા હારૂન અલરશીદનો વઝીર જાફર બિન યહયા આપને બોલાવવા માટે આવે છે. આપ તેની સાથે ખલીફાના દરબારમાં જાય છે. ખલીફા તેમનું માનભેર સ્વાગત કરે છે, આપની તાઝીમ કરે છે અને કહે છે કે આજે રાત્રે મને ગૈબથી ઈશારો (સંકેત) થયો છે. ગઈ કાલે જે આપની સાથે થયું તે આપની જબાનથી સંભળાવો. ઈમામ શાફઈ બનેલી ઘટના કહી સંભળાવે છે. ખલીફા આપને એક હજાર દીનારની થેલી આપે છે અને તેનો સ્વીકાર કરવા અરજ કરે છે. આપ તે બખ્શિશ (ભેટ) સ્વીકારી લે છે.

### સાદગીભર્યો મધ્યમ માર્ગ

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો એવું સાદગીભર્યું જીવન જીવતા કે જેથી કરીને ગરીબો અને વંચિતોના દિલ દુભાય નહીં.

શાહી ઠાઠ આપને બિલકુલ પસંદ ન્હોતો. આપના સ્વભાવમાં સાદગી અને મધ્યમ માર્ગી જીવન પસંદ હતું. જે બાનીએ ઈસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઉમ્મતને મુખ્ય સંદેશ હતો. મહેમાનવાઝીમાં પણ આપ કોઈ કચાશ રાખતા ન્હોતા. આપની એક કનીઝ (દાસી, સેવિકા) હતી જે હલવો (મીઠાઈ) બનાવવામાં ઘણી જ કાબેલ હતી અર્થાત્ ઘણી જ સારી મીઠાઈ બનાવતી હતી. જ્યારે જ્યારે મહેમાન આવે ત્યારે આપ તેની પાસે હલવો જરૂર બનાવડાવતા. તે હલવો મિત્રો, સગા સંબંધીઓ અને ઉલ્માને પણ ખવડાવતા અને ખુશ રહેતા. જે કોઈ આપની સાથે સદવર્તન કરે (સારો વહેવાર કરે), આપના ઉપર અહેસાન (ઉપકાર) કરે તો આપ તેનો આભાર માનતા અને બદલામાં તેથી બમણો તેના પર ઉપકાર (અહેસાન) કરતા. કોઈપણ માણસ પાસે કામ કરાવતા તો તેનું વળતર (મજૂરી) બીજા લોકો આપે તેનાથી વધુ આપ ચુકવતા હતા. એટલે કે આપ ઘણા જ ઉદાર અને દિલેર હતા.

## ઇમામ શાફઈની નમ્રતા

હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હો આપના શાગિર્દો (વિદ્યાર્થીઓ)માંથી છે. ઈમામ અહમદ ફરમાવે છે કે આપનો એ તરીકો હતો કે આપના ફત્વાના ખિલાફ કોઈ સહીહ હદીસ મળી આવતી તો આપ તરત જ જાહેરાત કરતા અને કહેતા કે મારો ફત્વો પાછો ખેંચું છું. આપ પોતાના શાગિર્દોને કહેતા કે મેં ઘણી કિતાબો લખી છે. દરેક કિતાબ દલીલસભર હવાલાઓ સાથે લખી છે. છતાં હું માણસ છું, **માણસથી ભૂલ થવાની શકયતાઓ છે જ. ફક્ત અલ્લાહના કલામમાં જ ભૂલ હોઈ શકતી નથી.** આટલા મહાન ઈમામની આવી મહાન નમ્રતા ખરેખર માણસ માત્રને માર્ગ બતાવે છે. ઉપર છલ્લું જ્ઞાન ધરાવતા ખુદને મોટા જાણકાર સમજતા અને ગર્વ કરતા લોકોને



ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હોના જીવનમાંથી નમ્રતાનો પાઠ ગ્રહણ કરવાની જરૂર છે.

***પહોંચે હૈં જો અપની મંઝિલ પર, ઉનકો તો નહીં કુછ નાઝે સફર***
***ચલનેકા જિન્હેં મગદૂર નહીં, રફતારકી બાતેં કરતે હૈં***

## બુઝુર્ગો (વડીલો)નો અદબ

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો બુઝુર્ગો, ઉલ્મા અને ઈમામોનો ઘણો જ અદબ અને માન (એહતરામ) કરતા હતા. એક વખત કોઈએ આપની સમક્ષ ઈમામે આઝમ અબૂ હનીફા રદિયલ્લાહો અન્હોની વાત કરી તો આપ તરત જ બોલી ઉઠ્યા કે 'ઈલ્મે ફિકહમાં લોકો ઈમામ અબૂ હનીફાની ઔલાદ છે.' જ્યારે ઈમામ સુફિયાન અને ઈમામ માલિકની વાત નિકળી તો આપે એમ ફરમાવ્યું, અગર આ લોકો ન હોત તો હિજાઝમાં ઈલ્મે હદીસ બચ્યો જ ન હોત.' આપ ઈમામ માલિક વિશે એમ કહેતા હતા કે, 'આ મારા ઉસ્તાદ ઈમામ માલિકનો કોલ છે અને કહેતા કે મેં ઈમામ માલિક રદિયલ્લાહો અન્હો જેવો માણસ જોયો નથી.' હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો આટલા મહાન, ઉચ્ચ કક્ષાના અજોડ ઈમામ હોવા છતાં ઈમામોનો અદબ કરતા તેમની તારીફ કરતા હતા. ખરેખર બુઝુર્ગો સાચે જ કહી ગયા છે કે **'બાઅદબ બાનસીબ, બેઅદબ બદનસીબ.'**

## આપની દર્સગાહ (મદ્રસા)ની પદ્ધતિ

આપની દર્સગાહમાં મહેફિલે દર્સમાં સબક આપવાની શરૂઆત ફજરની નમાઝ પછી તરત જ શરૂ કરી દેતા હતા. સૂર્યોદય થાય ત્યાં સુધી ફિકહનો સબક આપતા. તે પછી હદીસનો સબક શરૂ કરતા, તે પછી મહેફિલમાં વાઅઝ (તકરીર) ફરમાવતા હતા. ત્યાર પછી સવાલ જવાબ થતાં જે ઝોહર સુધી ચાલતા. ઝોહર પછી શેરો શાયરી, નહવ (વ્યાકરણ) અને શબ્દકોષનો સબક આપતા, પછી અસર સુધી ઘરે

આરામ કરતા. અસરથી મગરિબ સુધી ઝિક્રે ઈલાહીમાં પસાર કરતા, રાત્રે ત્રણ ભાગમાં કામ કરતા હતા. પહેલા ભાગમાં આરામ કરતા, બીજા ભાગમાં તેહરીરી કામ (લખાણ) કરતા, ત્રીજો ભાગ તિલાવત અને નફિલ નમાઝમાં પસાર કરતા ત્યાં સુધી કે ફજરની અઝાન થઈ જતી.

હઝરત રબીઅ બિન સુલૈમાન ફરમાવે છે કે હું ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હોની સાથે હજમાં હતો. મેં જોયું કે હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો દર વખતે ખૂબ રોતા (રડતાં) હતા અને આ શે'ર વારંવાર પઢતા જેનો અર્થ આ પ્રમાણે છે.

## આશિકે એહલે બૈત

આપ શે'રમાં એમ ફરમાવતા હતા કે રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના એહલે બૈત (નબીના ઘરવાળા) મારો ઝરીયો છે. બારગાહે ઈલાહીમાં મારા માટે વસીલો છે. મને ઉમ્મીદ છે કે મારો નામએ આમાલ મારા સીધા હાથમાં આપવામાં આવશે. આપ એહલે બૈત (આલે રસૂલ)થી ખૂબ મોહબ્બત કરતા હતા. એ જ કારણે કેટલાક લોકોએ આપને રાફઝી (શિયા) કહી દીધા. તો આપે જવાબમાં કોઈપણ બીક રાખ્યા વિના, કોઈની પણ પરવા કર્યા વિના કહી દીધું કે હે દુનિયાવાળાઓ તમે સાક્ષી (ગવાહ) રહેજો કે અગર એહલે બૈત એટલે નબીના ઘરવાળાથી મોહબ્બત રાખવાના કારણે રાફઝી ગણતા હોવ તો હું પહેલો રાફઝી જ છું. ઈમામ શાફઈ આવા પાકા આશિકે એહલે બૈત હતા. સુબ્હાનલ્લાહ !

## આપની તેહરીર (લેખનપ્રવૃત્તિ)

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હોની તેહરીર (લખાણ) અને તકરીર (પ્રવચન, વાઅઝ) ગૂઢ રહસ્યોથી ભરપુર ઈલ્મો હિકમતનો અનમોલ ખજાનો ગણાતી હતી. આપની વાતને સમજવા માટે ઈલ્મની



જરૂર પડતી હતી. આપનું લખાણ (તેહરીર) પણ બેનમૂન હતું. આપે લગભગ ૧૩૩ (એક સો તેત્રીસ) જુદા જુદા વિષયો પર કિતાબો લખી છે. જેમાંના કેટલાકના નામ આ પ્રમાણે છે. (૧) રિસાલએ કદીમ (૨) રિસાલએ જદીદ (૩) ઈખ્તેલાફુલ હદીસ (૪) જમાઉલ ઉલૂમ (૫) અહકામુલ કુર્આન (૬) બયાનુલ ફર્ઝ (૭) ઈખ્તેલાફીન અરાકીન (૮) કિતાબે અલી વ અબ્દુલ્લાહ (૯) ફઝાઈલે કુરેશા વ કિતાબુલ ઉમમ અને આપની અન્ય કિતાબોના નામો પણ છે જે જગ્યા સંકોચનના કારણે લખ્યા નથી. સારાંશ કે આપની તકરીર (વાઅઝ) કુર્આન અને હદીસનો નિચોડ બનતી તેમ તેહરીર પણ દલીલસભર ઈલ્મો ઈરફાનના દરિયા સમાન હતી.

## દુનિયાથી વિદાય - આખરી સફર

હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો હિ.સ. ૨૦૪ના રજબ મહીનાની ૪ અથવા ૩૦ તારીખે વફાત પામ્યા હતા. આપની વફાત બાબતે ઈતિહાસકારોમાં મતભેદ જોવા મળે છે. એક રિવાયતમાં આવે છે કે આપ બવાસીરની બીમારીના કારણે વફાત પામ્યા. બીજી રિવાયતમાં છે કે આપના આખરી સમયે ઈમામ ગઝની આપની પાસે બેઠા હતા. આપે વિનંતી કરી કે હે ઉસ્તાદોના ઉસ્તાદ ! આપની તબીયત કેવી છે ? તો જવાબમાં આપે ફરમાવ્યું કે આજે હું આ દુનિયાથી વિદાય થવાનો છું. આપણા ભાઈઓથી જુદો (અલગ) થવાનો છું. હું મારા ગુનાહોની સજા ભોગવવાનો છું. અલ્લાહ તઆલાની બારગાહમાં હાજર થવાનો છું. મને એ ખબર નથી કે જન્નતમાં જઈશ કે જહન્નમમાં. ત્યાર બાદ આપે મગરિબની નમાઝ અદા કરી. નમાઝથી પરવાર્યા કે સૂતા એવા જ સકરાતની સ્થિતિમાં ચાલ્યા ગયા હતા. આપ ફરી બોલી ઉઠ્યા કે મિસર (ઈજિપ્ત)માં પ્રખ્યાત આબિદ (ખૂબ ઈબાદત કરનાર) હઝરત ઈદરીસ છે. તેમને કહો કે તેઓ મારા માટે મગફેરતની દુઆ

કરે. સુબ્હાનલ્લાહ !

ત્યાર પછી આપ પોતે બારગાહે ઈલાહીમાં પોતાની બક્ષિસ માટે દુઆ કરવા લાગ્યા અને મૌલા તઆલાથી અરજ કરવા લાગ્યા કે હે રહમ કરનાર ! હું તો ગુનેહગાર છું પણ તારા દરબારમાં ભીખ માંગવા હાજર થયો છું. જ્યારે મારૂં દિલ સખત થયું, મારા બધા રસ્તા બંધ થઈ ગયા ત્યારે મારી આશા (ઉમ્મીદ)ને તારા દ્વાર (દરવાજા) સુધી પહોંચાડવાનો માર્ગ બનાવ્યો. તેં હંમેશા મારી ભૂલોને, મારા ગુનાહોને માફ કરી જ છે અને તું હંમેશા તારી દયા અને કૃપાથી મને માફ કરતો જ રહ્યો છે. અગર જો તું મહેરબાની, દયા ના કરે તો કોઈપણ આબિદ કે નેક બંદો શૈતાનના મુકાબલામાં ટક્કર લઈ ન શકે. શૈતાને તો તારા નબી હઝરત આદમ અલયહિસ્સલામને પણ ભરમાવી દીધા હતા. અય ગફૂરૂર્રહીમ ! તારો કરમ, તારી અતા, તારી બક્ષિસ મારા ગુનાહોથી તો ઘણી જ વિશાળ અને મહાન છે. બેશક તારો કરમ, દયા, મહેરબાની જ મહાન સાબિત થઈ છે. ત્યાર પછી આપ ઈશાની નમાઝ અદા કરે છે. ખૂબ આજીઝીપૂર્વક દુઆ કરીને સૂઈ જાય છે કે તરત જ આપની રૂહ આલમે ફાનીથી વિદાય થઈ આલમે બકા તરફ પરવાઝ કરી જાય છે. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઊન. જુમ્આની રાત છે. એજ રાત્રે આપનો જનાઝો તૈયાર કરવામાં આવે છે. બીજા દિવસે જુમ્આની નમાઝ પછી આપની નમાઝે જનાઝા પઢવામાં આવી. સૌપ્રથમ સૈયદા નફીસા બિન્તે હસન બિન ઝૈદ બિન હસન બિન હઝરત અલી શેરે ખુદા કર્રમલ્લાહો વજહહુએ પઢી. એ પછી લાખો લોકોએ આપની નમાઝે જનાઝા અદા કરી. ત્યાર બાદ મિસર (ઈજિપ્ત)ના કાહેરા (કેરો)ના પ્રખ્યાત કબ્રસ્તાન કરાફતુસ સુગરામાં આપની દફનવિધી થઈ. આપનો મઝાર, દરગાહશરીફ આજ સુધી લોકો માટે ઝિયારતગાહે આમ છે. (હવાલા : સીરતે અઈમ્માએ અરબા, પેજ-૫૧૪)



## હઝરત ઈમામ શાફઈ

મુહમ્મદ નામ હૈ ઇનકા, રસૂલલ્લાહકે જાની
ઇમામે શાફઈ, આકા ! કરો મેરી નિગેહબાની
રસૂલલ્લાહને ડાલા લુઆબે પાક જબ મુંહમેં
કહાંસે હો જહાંભરમેં ભલા ફિર આપકા સાની
ગરીબીમેં ગુઝારી ઝિન્દગી ફિર ભી સખી થે વો
યતીમોં ઔર ગુર્બા પર હમેશા કી મહરબાની
ઇમામ માલિકકે મક્તબમેં ઉલૂમે દીં કિયે હાસિલ
ફિકહ, ઇલ્મે હદીષે મુસ્તફા, અસ્રારે કુર્આની
મુસલ્સલ બીસ બરસોં તક સિકમસૈરીસે ન ખાયા
તુમ્હારા સબ્ર લાસાની, કનાઅત તેરી લાસાની
સખાવત, સાદગી, સબ્રો-રઝા, તકવાઓ આ'જિઝી
કિતાબે ઝિન્દગાનીકે યે થે અવરાકે નૂરાની
ગુઝર જાતા થા પૂરા દિન ઉલૂમે દીં સીખાનેમેં
ઇબાદતમેં ગુઝરતી થીં તેરી રાતેં, મેરે જાની !
મુહબ્બત આલે અતહરકી ગુઝીં થી તેરે સીનેમેં
યે વો ઉલ્ફત હૈ જિસમેં કે નહીં હૈ આપકા સાની
કુતુબ લિખ્ખે એક સૌ તૈંતીસ સે ઝિયાદા
કે જિનમેં નકશ થે અનવારો અસ્રારે ઇરફાની
રજબ થા માહ, હિજરી સન દો સૌ ચાર થી જબકે
ખુદાકે પાસ જા પહુંચે, બ-હુકમે રબ્બે લાસાની
મિસરકે કાહેરામેં આપકી દરગાહે આલી હૈ
જહાં મિલતા હૈ સબકો કઝે ઇર્ફાં, ફૈઝે રૂહાની
ખુદારા ! આપકે આશિક 'મુહિબ'કો દરપે બુલવાઓ
અતા હો જામે ઇર્ફાની, મિટા દો સબ પરેશાની

હમ્બલી મસ્લકના સ્થાપક

## હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ

રદિયલ્લાહો અન્હોની જીવન ઝરમર

હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હોનો જન્મ બગદાદ (ઈરાક)માં હિ.સ. ૧૬૪માં થયો. આપનું નામ અબૂ અબ્દુલ્લાહ અહમદ બિન મોહમ્મદ બિન હમ્બલ હતું. આપની ઉંમર ફક્ત ૨ (બે) વર્ષની હતી અને આપના વાલિદ (પિતા)નું અવસાન થઈ ગયું. આપની પરવરિશ (પાલન-પોષણ)ની જવાબદારી આપની વાલેદા (માતા)એ નિભાવી. વાલેદા (અમ્મીજાન)ની દેખરેખ નીચે આપે પ્રાથમિક શિક્ષણ બગદાદશરીફમાં જ મેળવ્યું.

આપ મહાન મોહદ્દિસ, અજોડ ફકીહ અને મર્દે મુજાહિદ હતા. આપ સુન્નતે નબવીના ચુસ્ત આમિલ હતા. અરબના મોટા ભાગના પ્રાંતોમાં હમ્બલી મસ્લક આજે પણ અમલમાં છે જ. સઊદી અરબનું સરકારી કામકાજ હમ્બલી મસ્લક પ્રમાણે જ થાય છે.

### હદીસનું ઇલ્મ હાંસિલ કરવું

૧૬ (સોળ) વર્ષની વયથી જ ઈમામ અહમદ બિન હમ્બલે ઈલ્મે હદીસ મેળવવાની શરૂઆત કરી દીધી. હઝરત ઈમામ અબૂ યૂસુફની દર્સગાહમાં હદીસ પઢવાની શરૂઆત કરી દીધી અને અન્ય ઉલ્મા અને મોહદ્દિસોથી ઈલ્મ શીખવા લાગ્યા. હિ.સ. ૧૮૦માં આપે પહેલી હજ અદા કરી અને હિ.સ. ૧૯૧માં બીજી હજ અદા કરી. આ સમયગાળામાં વલીદ બિન મુસ્લિમે પણ હજ કરી હતી. તે સમયે આપ ત્યાં વધુ સમય રોકાયા. હદીસે પાકના વિદ્વાનોથી ઈલ્મ પ્રાપ્ત કરતા રહ્યા. હિ.સ. ૧૯૬માં આપ યમન ગયા. ત્યાં મોહદ્દિસ અબ્દુર્રઝ્ઝાકથી પણ ઈલ્મે હદીસ શીખ્યા. આપ ફરમાવે છે કે મેં ૫ (પાંચ) હજ કરી જેમાં ૩ (ત્રણ) હજ મેં પેદલ (પગપાળા) કરી છે. દરેક વખતે મેં ફક્ત ૨૦



(વીસ) દિરહમનું જ ખર્ચ કર્યું છે.

### કૂફા તરફ રવાનગી

હઝરત ઈમામ અહમદ કૂફા પધારે છે. કૂફામાં આપની આર્થિક હાલત ગંભીર હોય છે. ઘણી જ તકલીફો વેઠવી પડે છે. સૂતી વખતે માથાની નીચે તકીયાની જગ્યાએ ઈંટનો ઉપયોગ કરતા હતા. આપ ફરમાવે છે કે જો મારી પાસે ૧૦ (દસ) દિરહમ પણ હોત તો હું પણ ઈલ્મ હાસિલ કરવા હઝરત ઝરીર બિન અબ્દુલ હમીદ પાસે રસે (એક સ્થળ) જતો. મારા સાથીઓ જઈ રહ્યા હતા પણ હું ગરીબીના કારણે ન જઈ શક્યો. હઝરત ઈમામ શાફઈ રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે ઈમામ અહમદ બિન હમ્બલે મને મીસર (ઇજિપ્ત) આવવાનું કહ્યું હતું પણ આવી શક્યા નહીં તેનું કારણ પણ તંગદસ્તી હશે છતાં નવાઈ પમાડે તેવી વાત તો એ છે કે ઇમામ અહમદ તમામ ઈસ્લામી દેશોમાં ફર્યા અને દરેક મહાન આલિમે દીનથી ઇલ્મ પ્રાપ્ત કર્યું. ઈમામ અહમદની ઈલ્મ હાસિલ કરવાની તલબ, શોખ અને જિજ્ઞાસા જોઈને ઉસ્તાદ પણ તેમને માન આપતા હતા.

### ઉસ્તાદોની યાદી

હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હોના ઉસ્તાદોમાં ઘણા મોટા પાયાના હદીસના નિષ્ણાતો, ઈમામોના નામની યાદી ઘણી લાંબી છે. કેટલાક નામ જોઈએ (૧) બશીર બિન મુફદદલ (૨) ઈસ્માઈલ બિન અલૈય (૩) સુફિયાન બિન ઔનીયા, જરીર બિન અબ્દુલ હમીદ (૪) યહયા બિન સઈદ (૫) અબ્દુર્રઝ્ઝાક બિન અલી બિન અયાસ અલ હમસી વગેરે ઘણા નામો જોવા મળે છે.

આપના બંને ફરઝંદ (પુત્રો) હઝરત અબ્દુલ્લાહ અને હઝરત સાલેહ બંને આપના રૂહાની ફરઝંદ હતા. અર્થાત્ તેઓ આપના સાચા ગાદીવારસ હતા.

## શાગિર્દોની યાદી

આપના શાગિર્દો (વિદ્યાર્થીઓ)ની સંખ્યા સેંકડો ઉપર છે. બધાના નામની યાદી મેળવવી મુશ્કેલ જરૂર છે. કેટલાક ખ્યાતનામ નામો આ પ્રમાણે છે. (૧) અબૂ બક્ર અલ રારસરમ (૨) હરબ અલ કરમાની (૩) બકી બિન મુખ્લીદ (૪) હમ્બલ બિન અસ્હાક (૫) શાહીન બિન અલ અસ્મદ (૬) અબૂલ કાસિમ બગવી. આ લોકોનું સ્થાન ઈમામ અહમદ બિન હમ્બલને ત્યાં એવું હતું જેવું સ્થાન ઈમામે આઝમ અબૂ હનીફાને ત્યાં ઈમામ અબૂ યૂસુફનું હતું. ૧૨૦ (એક સો વીસ)થી વધુ આપના શાગિર્દો એવા છે જે ઈજતેહાદ કરનારા ફકીહો છે. જેમના થકી જ ઈમામ અહેમદ હમ્બલી મસ્લક પૂરી દુનિયામાં પહોંચાડવામાં સફળ રહ્યા. જો આ લોકોએ પોતાના ઉસ્તાદના ઈજતેહાદ અને ફિકહનો પ્રચાર ન કર્યો હોત તો ઈમામ અહમદનું ઈલ્મ તેમના સીનામાં જ રહી જાત અને તેમની સાથે કબરમાં દફન થઈ જાત.

## તકવા અને પરહેઝગારી

હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હો મહાન મુત્તકી, અજોડ પરહેઝગાર હતા. શરીઅતની પાબંદી આપની ઓળખ હતી. એક વખત ઈમામ શાફઈએ ખલીફા હારૂનરશીદથી કહ્યું કે યમનમાં એક કાઝી (ન્યાયાધીશ)ની જરૂર છે. તો જવાબમાં ખલીફાએ કહ્યું કે એ હોદ્દા માટે તમારાથી વધુ યોગ્ય કોણ હોઈ શકે ? તો ઈમામે કહ્યું કે ઠીક તો હવે હું મારી રીતે યોગ્ય પ્રયત્ન કરૂં છું. ઈમામ શાફઈએ એ વાત ઈમામ અહમદ બિન હમ્બલને કરી અને કહ્યું કે યમનમાં કાઝી (જજ)ની જરૂર છે. તે હોદ્દા માટે હું તમને પસંદ કરૂં છું. એ બનાવ એ વખતનો છે જ્યારે ઈમામ અહમદ બિન હમ્બલ ઈમામ શાફઈની દર્સગાહમાં હદીસનો દર્સ લેતા હતા. ત્યારે જવાબમાં ઈમામ અહમદ હમ્બલે સ્પષ્ટ ના પાડી દીધી અને સવિનય કહ્યું કે હું આપની પાસે ઈલ્મ હાસિલ



કરવા આવ્યો છું, નહીં કે આવા કોઈ હોદ્દા ઉપર બેસવા માટે. ઈમામ શાફઈ જવાબ સાંભળી ક્ષોભિત થઈ ગયા. આ પ્રસંગથી સાબિત થયું કે ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હોને દુન્યવી કોઈ મોભા કે માનની ખેવના ન્હોતી. કોઈ દોલતની લાલચ ન્હોતી.

(હવાલા : બહયકી)

હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હો કદી પણ પોતાના કાકા અને પોતાના દિકરા (ફરજંદ)ની પાછળ નમાઝ પઢતા ન્હોતા અને તેઓના ઘરે ક્યારે પણ ખાવાનું ખાતા ન્હોતા. તેનું કારણ આપનો ઉચ્ચતમ તકવો છે. આપના કાકા અને પુત્ર (દિકરો) બંને બાદશાહ (ખલીફા)ના દરબારમાં ઉચ્ચ અધિકારીના હોદ્દા પર નોકરી કરતા હતા. બાદશાહોની આવક કેટલી હલાલની છે કેટલી હરામની શંકાથી ભરપૂર બાબત હોવાથી આપ પોતાની જાતને તેનાથી બચાવેલી રાખતા હતા.

એક વખત એવું બન્યું કે આપને સતત ત્રણ દિવસના ફાકા કરવા પડ્યા. ઘરમાં કશું જ ન્હોતું. તેમના પત્ની પાડોશમાંથી ઉધાર લોટ લઈ આવ્યા અને ઉતાવળથી રોટી બનાવવા લોટ બાંધ્યો અને રોટી જલ્દી બની જાય અને પોતાના પતિ એટલે ઈમામ અહમદને રોટી ખવડાવવાની ચીવટ હતી. જલ્દી રોટી બનાવવાની ગરજથી પોતાના દિકરા સાલેહના ઘરે તંદૂર (ચૂલો) સળગી રહ્યો હતો. ચૂલો ચાલુ હતો. આપના બીબી દિકરા સાલેહના તંદૂર (ભઠ્ઠી) પર રોટલી બનાવી લાવ્યા અને હઝરત ઈમામ અહમદ સમક્ષ રજૂ કરી અને જમવા આગ્રહ કર્યો અને કહ્યું કે આપે ત્રણ દિવસથી કાંઈ ખાધું નથી એટલે આપણા દિકરાના ઘરે ચૂલો ચાલુ હતો મેં ત્યાં જઈને રોટલી શેકી છે. જ્યારે આપને ખબર પડી કે સાલેહના તંદૂર પર રોટલી બની છે તો આપે ખાવાનો ઈન્કાર કરી દીધો અને કહી દીધું કે મારા ઘરથી મારા દિકરા સાલેહના ઘર તરફનો

દરવાજો બંધ કરી દેવામાં આવે. સાલેહ તો ખલીફા (બાદશાહ)ને ત્યાં નોકરી કરે છે. આવા મહાન મુત્તકી, પાકીઝા પરહેઝગાર હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હો હતા. (હવાલા : બહયકી)

## ફિત્નએ ખલ્કે કુર્આન

આ દુનિયામાં દુન્યવી રસમ, રીત, સમાજ જીવન, વ્યવહારમાં અવાર-નવાર ફેરફાર થતો જ રહે છે. દુનિયાવાળા આવા બદલાવને ક્રાંતિ નામ આપે છે. આવું જ દરેક ધર્મ (મઝહબ)માં પણ થતું જોવા મળે છે. એક જ મઝહબના લોકો વિચાર પરિવર્તન આવતા મૂળભૂત સિદ્ધાંતોમાં ફેરફાર જોવા મળે છે. એક જ ધર્મનું પાલન કરતા લોકોમાં બદલાવ આવવાના કારણે ધર્મ (મઝહબ)માં ફિર્કા (સંપ્રદાય)માં વહેંચાતા જોવા મળે છે.

દીને ઈસ્લામમાં પણ ઘણા ફિરકા થયા છે. દરેક ફિર્કાની પોતાની માન્યતાઓના કારણે અન્યથી અલગ પડે છે. હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હોના દૌરમાં અબ્બાસી સલ્તનતકાળમાં **કુર્આન અલ્લાહની મખ્લૂક છે** તેવો બાતિલ (જૂઠો) અકીદો રાખનારા લોકો મોઅતેઝલા નામના ફિરકામાં માનનારા અને અસલ મૂળભૂત ઈસ્લામી અકીદો **કુર્આન અલ્લાહનો કલામ છે** તેનાથી અલગ નવો અકીદો જાહેર કરનારા થયા. તે સમયે અબ્બાસી ખલીફાઓની હુકૂમત હતી. આ હુકૂમતવાળા પણ નવા ઊભા થયેલા બાતિલ (જૂઠા) ફિરકામાં માનનારા હોવાથી હુકૂમત (સત્તા)ની તાકતથી જે નવા ફિરકામાં નહીં માનતા તેમના ઉપર અતિશય અત્યાચાર (જુલમ) ગુજારતા, બળજબરીથી નવા અકીદાનો પ્રચાર કરતા. જે એમની વાતનો ઈન્કાર કરી દેતો તેને મૌતની સજા આપવામાં આવતી. આવા કપરા સમયમાં સત્યને જાહેર કરવું મૌતને આમંત્રણ આપવા બરાબર હતું. સારા સારા ઉલ્મા ચુપ થઈ ગયા હતા. કોઈનામાં હિંમત ન્હોતી કે બાદશાહને નવા



જૂઠા અકીદાથી તૌબા કરવાની સલાહ આપી શકે !

પણ જેમના દિલમાં દુનિયાની નહીં પણ દીન અને ઈમાનની મોહબ્બત સર્વોપરી હોય તેવા મર્દે મુજાહિદ ખૂબ ઓછા જોવા મળે છે. આવા મહાન મર્દે મુજાહિદ, સત્યવક્તા, આશિકે રસૂલ, મહાન ફકીહ ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હો સત્તાધીશોના જુલમો સિતમની કે મૌતની પરવા કર્યા વિના પોતાનો સાચો અકીદો કે જે કુર્આન અને હદીસ પ્રમાણે હતો એને આપે અલલ એલાન કરીને કહી દીધું કે **કુર્આન અલ્લાહનો કલામ છે, તેની મખ્લૂક નથી.** આપ પોતાના સાચા અકીદા પર કાયમ રહ્યા. તો આપનું વલણ અત્યાચારી હુકૂમતને ન ગમ્યું. હઝરત ઈમામ અહમદને નવા બાતિલ ફિર્કાવાળાઓએ પોતાના બનાવી લેવા જાત-જાતના પ્રલોભનો આપ્યા. રાજ્યના સારા અધિકારીનો હોદ્દો આપવાની લાલચ આપવામાં આવી પણ આપને તે લાલચ કોઈ અસર ન કરી શકી. પછી એ જાલિમોએ આપની ઉપર જાત જાતના જુલમો કરવા માંડ્યા પણ આપ પોતાના હક એટલે સાચા અકીદા **'કુર્આન અલ્લાહનો કલામ છે, મખ્લૂક નથી'** પર અડગ રહ્યા. મોઅતેઝલા ફિરકાના આલિમો સાથે આપે મુનાઝરા પણ કર્યા. આપના સવાલોના જવાબો નવા જૂઠા ફિરકાના મોલવીઓ આપી શક્યા નહીં. ઈર્ષ્યા અને અદેખાઈ તેની ટોચ પર પહોંચી ગઈ. એક રિવાયત મુજબ ૧૮ મહીના અને બીજી રિવાયત મુજબ ૩૦ મહીના આપને જેલમાં કેદ રાખવામાં આવ્યા. આપના પગોમાં લોખંડની બેડીઓ નાખવામાં આવી, કોરડા મારવામાં આવ્યા પણ આપ પોતાના સાચા અકીદા પર અડગ રહ્યા. સાચા અકીદાનો જાહેરમાં પ્રચાર કરતા રહ્યા. છેલ્લી ઘડી સુધી આપની જબાનમુબારકથી સદાકતભર્યો નારો એ જ હતો કે **'કુર્આન અલ્લાહની મખ્લૂક નહીં પણ કુર્આન તો અલ્લાહનો કલામ છે.'** સુબ્હાનલ્લાહ!

## ઇમામ અહમદની સાહિત્યીક સેવા

હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હોની સાહિત્યીક સેવા પણ અજોડ છે. આપનું લખાણ (તેહરીર) ખૂબ વિશાળ છે. આપની કેટલીક કૃતિઓ ઘણી ખ્યાતિ ધરાવે છે. કેટલીક કિતાબોના નામ આ પ્રમાણે છે. (૧) કિતાબુલ અમલ (૨) કિતાબુત તફસીર (૩) કિતાબુલ નાસીખ (૪) કિતાબુઝ ઝાહિદ (૫) કિતાબુલ મસાઇલ (૬) કિતાબુલ ફઝાઇલ (૭) કિતાબુલ મનાસિક (૮) કિતાબુલ ઈમાન (૯) કિતાબુલ અસરબતુલ સગીર (૧૦) કિતાબુલ એતેકાદ. આ કિતાબોએ ઘણી જ નામના મેળવી અને તેમાં કિતાબુલ ઈમાન બેનઝીર (અજોડ) ગણાય છે. કિતાબ મનાકિબ અલી ઇબ્ને અબી તાલિબ કર્રમલ્લાહો વજહહુ અશરફુલ મસનદ, કિતાબુસ્સલાત, કિતાબુલ વરાઅ આ બંને કિતાબો છપાઈ ગઈ છે પણ આ તમામમાં સર્વશ્રેષ્ઠ, સર્વોત્તમ કિતાબ બલ્કે કિતાબમાં ચાર ચાંદ લગાવી દે તેવી આપની જગવિખ્યાત કૃતિ **'મસનદે ઇમામ અહમદ'** છે.

## ઇમામોની તકલીદ શા માટે ?

ઈમામોની તકલીદ કરવી જ પડે કારણકે ખુદ અલ્લાહ તઆલાનું ફરમાન છે કે કુર્આને પાકમાં રબ તઆલા ફરમાવે છે કે, 'યા અય્યોહલ લઝી-ન આમનૂ અતીઉલ્લાહ વ અતીઉર્રસૂલ વ ઉલૂલ અમ્ર મિન્કુમ.' (સૂરએ નિસા, પારા-૫, આયત-૫૯) અર્થ :- હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તઆલાની ઈતાઅત (અનુસરણ) કરો અને રસૂલે પાકની ઈતાઅત (અનુસરણ) કરો. અને સાહિબે અમ્ર (સત્તાધીશો) હોય તેમની પણ ઈતાઅત કરો. (તેમના હુકમને માનો) એટલે કે અલ્લાહ તઆલાના હુકમને માનો અને રસૂલે પાકના હુકમને માનો. અને જે હુકૂમતવાળા (સત્તાધીશો) છે તેમના હુકમને માનો.

આ આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓ એટલે



મુસલમાનોને સંબોધીને હુકમ કર્યો છે. મુસલમાનો અલ્લાહ તઆલાની અને તેના પ્યારા પૈગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઈતાઅત કરે, તેમના હુકમને માને અને જે 'સાહિબે અમ્ર' એટલે જે હુકમ આપે, કરવા માટે આદેશ આપે તેવાઓની ઈતાઅત (પૈરવી, અનુસરણ) કરે, તેમના હુકમ મુજબ અમલ કરે એ જ અલ્લાહ તઆલાનું ફરમાન છે.

## સાહિબે અમ્ર કોણ ?

સાહિબે અમ્ર કોણ તેની વિશેષ માહિતી કુર્આને પાકની તફસીરની રૌશનીમાં અને હદીસે પાકની રૌશનીમાં જોઇએ.

હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ, હઝરત અતા બિન અબી રબાઅ રદિયલ્લાહો અન્હુમ જેવા સહાબાઓ અને તાબેઈન ફરમાવે છે કે સાહિબે અમ્રથી મુરાદ 'ઇલ્મવાળાઓ ફિકહવાળાઓ' થાય છે. અર્થાત્ ઉલ્માએ કિરામ થાય છે. જ્યારે હઝરત અબૂ હુરૈરા રદિયલ્લાહો અન્હો ફરમાવે છે કે સાહિબે અમ્રથી મુરાદ હાકેમો, બાદશાહો, ઉમરાવો, શાસકો (સત્તાધીશો) થાય છે. આ રીતે જોઈએ તો પણ બંને વાત સાચી પુરવાર થાય છે. મુસલમાનોને હુકમ (આદેશ) કે ફરમાન ઉલ્માઓ પણ આપી શકે છે અને સત્તાધીશ (મુસ્લિમ શાસકો) પણ આપી શકે છે. માટે આ આયતથી સાબિત થઈ જાય છે કે અલ્લાહ તઆલા પછી તેના રસૂલ અને પછી ઉલ્માઓ અને સત્તાધીશોના હુકમનું પાલન કરવું જોઈએ. એટલે કે ઈમામોની તકલીદ (ઈતાઅત) કરવી જ પડે !

(હવાલા : મુસ્તદરક, હાકિમ, તફસીર રૂહુલ મઆની, તફસીર ઈબ્ને કસીર)

એટલે જ હન્ફીઓ ઈમામે આઝમ અબૂ હનીફાની, માલિકીઓ ઈમામ માલિકની, શાફઈઓ ઈમામ શાફઈની અને હમ્બલીઓ ઈમામ અહમદ બિન

હમ્બલ રદિયલ્લાહો અન્હુમની ફિકહી (શરીઅત શાસ્ત્ર) મસાઇલમાં તેમની પૈરવી, ઈતાઅત, અનુસરણ કરી રહ્યા છે. એટલે કે ફિકહના ઈમામની તકલીદ કરે છે. જે તકલીદ કરે તેને મુકલ્લિદ કહેવામાં આવે છે અને જેઓ તકલીદ નથી કરતા તેમને ગૈરમુકલ્લિદ કહેવામાં આવે છે.

તકલીદ (ઈતાઅત, પૈરવી) કરવી આપણી ફરજ બની જાય છે. જે કરવા માટેનો હુકમ અલ્લાહ તઆલા કુર્આનમાં ફરમાવે છે. જે માણસ અલ્લાહ તઆલાના હુકમનો અનાદર કરે, માને નહીં, રબ તઆલાની નાફરમાની કરે તે સખ્ત ગુનેગાર છે. અલ્લાહ તઆલા કલામે પાકમાં ફરમાવે છે કે 'અત્તબીઅ સબીલ મન અનાબ ઈલય્ય' (સૂરએ લુકમાન, પારા-૨૧) અર્થ :- જે લોકો મારી તરફ રજૂ કરે છે તેમના રસ્તાની ઈત્તેબાઅ કરો અને અલ્લાહ તઆલા કુર્આને પાકમાં એમ પણ ફરમાવે છે કે ફસઅલુ અલહઝ ઝિકરે ઈન કુન્તુમ લા તઅ-લમુન. (સૂરએ નહલ, પારા-૧૪) અર્થા :- તો તમે ઈલ્મવાળા (જાણકારો)થી પૂછો. જો પોતે ઈલ્મ ન રાખતા હોવ તો. આ બંને આયતથી સાબિત થઈ ગયું કે ઉલ્માઓ અને ઈમામોની તકલીદ કરવી જ પડે.

હવે ફરમાને રસૂલે આઝમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પણ જોઇએ. આકા ફરમાવે છે કે મારા સહાબાઓની સુન્નત (તરીકા)ને મજબૂતીથી પકડો.

(હવાલા : તિર્મિઝીશરીફ, અબૂદાઊદશરીફ અને ઈબ્ને માજા)

આ હદીસશરીફથી સૂર્યની જેમ હકીકત ખુલી ગઈ કે સાહિબે અમ્રથી મુરાદ ઉલ્મા અને ઈમામો છે. જો અલ્લાહ અને રસૂલ સિવાય બીજાઓની તકલીદ કરવી હરામ કે નાજાઇઝ હોત તો ખુદ અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સહાબાની સુન્નત પર અમલ કરવાનો હુકમ શા માટે આપત ?

આકિલ (બુદ્ધિશાળી) માટે ઈશારો પૂરતો હોય છે. દરેક સમજદાર



વ્યક્તિ એ વાતને કબૂલ કરે જ છે કે દુનિયામાં કોઈ કામ તકલીદ અને ઈત્તેબાઅ વગર થતું જ નથી. દા.ત. માણસ ઈલ્મ હાસિલ કરે છે તો ઉસ્તાદની ઈત્તેબાઅ કરે જ છે. કોઈપણ ધંધો (હુનર, કળા) શીખે છે તો કારીગરની તકલીદ કરે જ છે. અરે જ્યારે બંદો નમાઝ બાજમાઅત અદા કરે છે તો ઈમામની ઈત્તેબાઅ કરવી જ પડે છે. કયામ, રૂકૂઅ, સજદામાં ઈમામની તકલીદ કરે જ છે. ત્યારે જ તેની નમાઝ પરિપૂર્ણ થાય છે. ઈસ્લામી હુકૂમતમાં રૈયત (પ્રજા) પોતાના હાકેમો (શાસકો)ના ફરમાનોની ઈત્તેબાઅ (તકલીદ) કરે જ છે. દુનિયાના વહેવાર તકલીદથી જ થતા હોય છે. ઉલ્માની, ઈમામોની, ઈસ્લામી શાસકોની તકલીદ કરવી કુર્આને પાક અને હદીસે પાકથી સાબિત છે. જેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## કેટલા ઇમામોની તકલીદ કરવી જોઇએ ?

શરીઅત (ફિકહ)ના મુખ્ય ચાર ઈમામ થયા છે. ચારે સાચા છે, બરહક છે. પણ એ ચારમાંથી કોઈ એકની જ તકલીદ કરવાની હોય છે. તકલીદ એટલે તરીકો, રીત-ભાત કહેવાય છે. આ ચારે ઈમામના તરીકાઓમાં થોડો ઘણો તફાવત કે અલગપણું જરૂર જોવા મળે છે. જોકે તે પોતાની રીતે હક પર છે, સાચા છે. પણ એ ચારે ઈમામમાંથી કોઈ એક ઈમામની તકલીદ કરવી એ અકલમંદ, બુદ્ધિશાળીઓનું કામ છે. જેમકે આપણે અલ્લાહ તઆલાના તમામ નબીઓને સાચા માનીએ છીએ. અલ્લાહના તમામ રસૂલો પર આપણું ઈમાન પણ છે. પણ કલ્મો તો ફક્ત એક જ નબીનો પઢીએ છીએ. એટલે આપણે કયા નબીની ઉમ્મત છીએ એ ક્યારે ખબર પડે જ્યારે કોઈ એક જ નબી કે રસૂલનો કલ્મો પઢી તેમના મઝહબને સ્વીકારી લઇએ તો જ તેમના ઉમ્મતી તરીકે આપણી ઓળખ થાય. અલ્લાહ તઆલાના તમામ નબીઓ, રસૂલો સાચા છે, સારા છે. પણ કલમો તો એક જ નબીનો

પઢાય. જો એક કરતાં વધુ નબીઓનો કલ્મો પઢીએ તો પછી કોની ઉમ્મતમાં છો કઈ રીતે પૂરવાર થાય? બીજું દષ્ટાંત કે અલ્લાહ તઆલાની તમામ કિતાબો ઉપર અમારૂં ઈમાન છે પણ ફક્ત એક જ કિતાબ એટલે કુર્આનશરીફના હુકમ પર જ અમલ કરી શકાય છે. બાકીની કિતાબો અલ્લાહની જ છે, એ અમારૂં ઈમાન છે. પણ અમલ તો એક જ કિતાબ પર કરવામાં અમારી દુનિયા અને આખેરતની ભલાઈ છે. ત્રીજો દાખલો જુઓ. દુનિયામાં હજારો નહીં લાખોની સંખ્યામાં અલ્લાહના નેક, મુત્તકી, પરહેઝગાર પીરાને તરીકત ઠેર ઠેર હોય છે. આપણે ઘણા બુઝુર્ગોની સોહબતમાં પણ રહીએ છીએ. દરેકથી રૂહાની ફૈઝ પણ મેળવીએ છીએ પણ મુરીદ તો ફક્ત એક જ પીરના બનીએ છીએ અને સમજદારી પણ તેમાં જ રહેલી છે કે પીર પણ એક જ હોવો જોઇએ. બીજા પીરોનો અદબ જરૂર કરો પણ મુરીદ તો કોઈ એકના જ બનો તેમ શરીઅત (ફિકહ)ના ચાર ઈમામ બરહક છે પણ તકલીદ કોઈ એકની જ કરાશે અને જ્યારે આપણે નમાઝ બાજમાઅત અદા કરીએ છીએ ત્યારે અમારી આગળ અમારો ઈમામ (નમાઝ પઢાવનાર) એક જ હોય છે. જો કદાચ એકથી વધુ ઈમામોને આગળ કરી દેવામાં આવે તો કેવી હાસ્યાસ્પદ સ્થિતિનું નિર્માણ થાય. સમજો કે એક રૂકૂઅમાં હોય, બીજો સજદામાં હોય, ત્રીજો કાયદામાં હોય તો બતાવો પાછળ નમાઝ પઢનાર મુક્તદી કોની ઈક્તેદા કરશે ? બેચારા મુક્તદીની નમાઝની શી હાલત થશે ?

કેટલાકની એવી માન્યતા છે કે બધા જ ઈમામ સારા છે. આપણું મન કહે તેની તકલીદ કરી લેવી. આ સમજ માણસાઈને લજવે તેવી છે. કેટલાક લોકો નમાઝમાં હન્ફી તરીકો અપનાવે છે તો રોઝામાં શાફઈ તરીકો અપનાવે છે. હજમાં હમ્બલી બની જાય છે અને ઝકાત માલિકી તરીકાથી આપે છે. તો બતાવો કે આવા લોકો મુકલ્લિદ કહેવાય



કે ગૈરમુકલ્લિદ ? આપ જ ફેસલો કરો.

સેંકડો વર્ષોથી આપણા મહાન ઈમામો, મુજદ્દિદો, મોહદ્દિસો, મુફસ્સિરો, ગૌસ, ખ્વાજા, કુતુબ, અબ્દાલ, બેશુમાર સૂફીઓ અને ઔલિયાઓ ફક્ત એક જ ઈમામની તકલીદ કરતા આવ્યા છે અને કામયાબ થયા છે.


અલ્લાહ તઆલા કુર્આને હકીમમાં ઈર્શાદ ફર્માવે છે કે 'યૌ-મ નદઉ કુલ્લા ઉનાસિમ બે ઈમામેહિમ.' (સૂરએ બની ઈસરાઈલ, પારા-૧૫) અર્થ :- જે દિવસે અમો દરેક જમાઅતને તેના ઈમામની સાથે બોલાવીશું. જ્યારે રબ તઆલા આપણને ઈમામની સાથે બોલાવશે તે વખતે આપણે કેટલા ઈમામને લઈને જઈશું આ બાબત ગૌરો ફિકર (ચિંતન, મનન) માંગી લે છે. બેશક તમામ ઈમામો બરહક છે, સાચા છે. દરેકથી મોહબ્બત અને અકીદત હોવી જોઇએ. શરીઅતના એટલે ફિકહના એ ચારે ઈમામ પરસ્પર એકબીજાથી મોહબ્બત રાખતા હતા. એકબીજાનો અદબ-આદર કરતા હતા. છતાં તેમના તરીકાઓમાં તફાવત તો હતો જ. માટે આપણી ભલાઈ એમાં જ છે કે કોઈપણ એક ઈમામની તકલીદ કરીને મુકલ્લિદ બનીએ. અલ્લાહ તઆલા અમોને સાચી અને સારી સમજ અતા કરે. આમીન.

## ફાની દુનિયાથી વિદાય

હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ રદિયલ્લાહો અન્હોની ઉંમર ૭૭ વર્ષની હશે. આપના ફરઝંદ હઝરત સાલેહ ફરમાવે છે કે મારા પિતા હઝરત ઈમામ અહમદ બિન હમ્બલ હિ.સ. ૨૪૧ના રબીઉલ અવ્વલની શરૂઆતમાં બીમાર થયા. દિવસે દિવસે અશક્તિ વધતી ગઈ છતાં આપ અહેકામે શરીઅત પર પૂરે પૂરી પાબંદીથી અમલ કરતા રહ્યા. જુમુઆના દિવસે સવારે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ આપની વફાત થઈ હતી. વફાત પહેલાં આપે પોતાના ફરઝંદને વુઝૂ

કરાવવા કહ્યું. આપે વુઝૂ બનાવ્યું. બિલકુલ પાકીની હાલતમાં બાવુઝૂ દુનિયાથી પર્દો કર્યો. આપની વફાતની ખબર વીજળીવેગે બગદાદશરીફમાં ફેલાઈ ગઈ. લોકોના ટોળા આપના દીદાર માટે તૂટી પડ્યા. વૃદ્ધો, જવાનો, બાળકો અને સ્ત્રીઓ પણ આવી ગઈ. બગદાદના ખલીફા (બાદશાહ)ના નાયબ મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન તાહિર આપના જનાઝામાં શરીક થવા આવી ગયા અને તેમણે જ આપની નમાઝે જનાઝા પઢાવી. એક રિવાયત મુજબ આપના જનાઝામાં ચાર લાખ માણસો હતા અને બીજી રિવાયત મુજબ સાત લાખની સંખ્યા હતી. સવારથી નિકળેલો જનાઝો અસરના સમયે કબ્રસ્તાન પહોંચ્યો હતો. લાખો લોકો આપની મોહબ્બત અને અકીદતમાં આંસુ સારી રહ્યા હતા. જ્યારે પોતાના રૂહાની રાહબરને બગદાદ મુકદ્દસમાં સુપુર્દે ખાક કરવામાં આવ્યા. ઈન્ના લિલ્લાહે વઈન્ના ઈલયહે રાજેઊન.

(હવાલા : સીરતે અઈમ્માએ અરબા)





## હઝરત ઈમામ હમ્બલ

ઇમામ હમ્બલ, ઇમામે દીનો મિલ્લત, ફર્દે લાસાની
બયાં કૈસે કરે કોઈ તેરે અવસાફે રૂહાની

મુહદ્દિષ ભી, ફકીહે અસ્ર ભી, મર્દે મુજાહિદ ભી
શક્લ-સૂરત હૈ નૂરાની તો સીરત ભી હૈ કુર્આની

હુવે બગદાદમેં પૈદા હિજરી એક સૌ ચૌસઠમેં
યહીં હાસિલ કિયે સારે ઉલૂમે દીને રબ્બાની

શરીઅત પર અમલ થા ઔર તહારતકા સમન્દર થે
કભી શાહોંકે ખાદિમકા ન ખાયા ના પિયા પાની

વોહ અબ્બાસી હુકૂમતને કહા કુર્આનકો મખ્લૂક
બળી ઝાલિમ હુકૂમત થી, થે ઉન્કે કામ શૈતાની

અલલ એ'લાન ફરમાયા જો હક્ક થા તુમને અય હંબલ !
નહીં મખ્લૂક, બલ્કે હૈ કલામે પાકે રબ્બાની

બળે ઝુલ્મો-સિતમ ઢાએ, રખા થા કૈદખાનેમેં
સલામ અય મર્દે હક, તુમકો ! સલામ અય ફર્દે રબ્બાની

હુવે બગદાદમેં મદફન, હિજરી દો સૌ ઇકતાલીસ
તેરા દરબાર ગોયા કે ઝમીં પર તૂર હૈ સાની

દરે અકદસ પે આતે હૈં મુરાદેં લેકે જાતે હૈં
કમાલે ફૈઝે રૂહાની, મતાએ ફઝલે રબ્બાની

'મુહિબ' નાચીઝ હૈ આકા ! તુમ્હારે મદ્હ-ખ્વાનોંમેં
કરમકી ઇક નઝર હો, અય રસૂલલ્લાહકે જાની !

## જલ્વા નમાઝમેં

અઝ :- પીર સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી 'મુહિબ' રૂપાલ

આતા હૈ નઝર બંદેકો, મૌલા નમાઝમેં
અહમદકે હી નકશેકા હૈ જલ્વા નમાઝમેં

બંદા ખળા હૈ રૂબરૂ ખાલિકકે સામને
મે'રાજે મો'મિનીંકા મુઝદા નમાઝમેં

ચશ્માને મુસ્તફાકી તો ઠંડક ઇસીમેં હૈ
નૂરે ખુદાકા રૌશન નઝારા નમાઝમેં

રોઝા વ હજ્જો ઝિક્રો તકલ્લુમ કરીમસે
પળહકર ઝરા તૂ દેખ, હૈ ક્યા ક્યા નમાઝમેં

સજદેમેં બંદા રબસે બિલકુલ કરીબ હૈ
અબ ઔર ક્યા કરેગા તકાઝા નમાઝમેં

મહમૂદ વ અયાઝકી મિટાતી હૈ તફર્કે
યૂં હમ-સરીકા દર્સ ભી પાયા નમાઝમેં

વો દૌળકર આએ ભી, જાતી નહીં નમાઝ
જિસકો કે મુસ્તફાને પુકારા નમાઝમેં

મુંહ પર ઉઠાકે માર દો ઉસે ઐસી નમાઝેં
જિસકો ખયાલ આપકા ન આયા નમાઝમેં

સજદેમેં સર કટાકે પ્યારે હુસૈનને
ક્યા હૈ નમાઝે ઇશ્ક, વો દિખાયા નમાઝમેં

તોહફા મિલા બ-શક્લે મે'રાજ અય 'મુહિબ'
ફઝલે ખુદા યૂં હમને ભી પાયા નમાઝમેં



## સોને કે કલમ સે

અઝ :- પીર સૈયદ હાજી દાદામિયાં એસ. કાદરી "મુહિબ" રૂપાલ

ચાંદી કે વરક પર લિખૂં સોને કે કલમસે
નાતે રસૂલેપાક ફ-ક્ત ઉનકે કરમસે
અબ તક સતા રહી હે જુદાઈ રસૂલકી
ક્યોં કર નિકલકે આયા મૈં બાબે હરમસે.
વો ખુશનસીબ હૈં જો જાતે હૈં મદીના
પાએંગે વોહી શફાઅત સાલારે ઉમમ સે.
આતે હૈં સલામી કો શહન્શાહ જહાં પર
યે દર કહાં કમ હૈ, કિસી ગુલઝારે ઈરમસે.
હમ બિક ચુકે હૈં દસ્તે શહે જિન્નો બશરપે
ક્યા કોઈ ખરીદે હમેં દીનારો-દિરમ સે
હમ ગૌસકે-ખ્વાજા કે દિવાને હૈં કેહ દો
પંજા ન લળાયે યે ઝમાના કભી હમ સે.
જન્નત-સા સુકૂં શેહરે મોહમ્મદમેં મિલા હે
તયબહ મેં હવા આતી હે ગુલઝારે ઈરમ સે
યે નાતે મુહમ્મદ હે હર ઈક ગમ કા મદાવા
છુટકારા દિલાતી હે સભી રંજો-અલમ સે.
સરકારકે રૂત્બેકી હકીકતકો જો જાને.
ખાલિક કે સિવા કોઈ નહીં, રબકી કસમસે.
મૈં નાત લિખૂં ખ્વાબમેં દીવારે હરમ પર
જિબરીલકે પરસે, કભી રહમતકે કલમસે.
મહશરમેં ઈબાદત કે સભી દા'વે હુવે ઝાએ
સબ કામ બને સિર્ફ મુહમ્મદ કે કરમ સે.
કૌનૈન કી દૌલત હો યા આલમ કે ખઝાને
અફઝલ નહીં સરકારકે ઇક નકશે કદમસે.
યે નકશા તસવ્વુરમેં ઉભરા હે અજબ-સા
ફૂલોં પે સના લિખતા હું મૈં ખુશ્બૂકે કલમસે.
રહ જાએ ભરમ આકા ! યે તેરે "મુહિબ" કા
મહશર મેં ઝરા દેખો ઇસે નઝરે કરમ સે